# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

20 MARCH-2026 FRIDAY

વર્ષ-15 । અંક-127 । વિક્રમ સંવત-2082 । ચૈત્ર સુદ -02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
રાષ્ટ્રીય મહિલા આયોગે ગીત 'સરકે ચુનર' પર કાર્યવાહી કરી: નોરા ફતેહી, સંજય ને...



પેજ-09
મેસ્સીએ કારકિર્દીનો ૯૦૦મો ગોલ નોંધાવ્યો, રોનાલ્ડો એલિટ ક્લબમાં જોડાયો




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 32.00 | 21.00 |
| વડોદરા | 33.00 | 21.00 |
| સુરત | 32.00 | 23.00 |




પેજ 5 ભારતીય રૂપિયો ઐતિહાસિક સ્તરે ગગડ્યો ડૉલર સામે કિંમત નવ્વાણું





પેજ 10 મિડલ ઈસ્ટ વૉર વચ્ચે અમેરિકામાં 100 વર્ષ જૂનો કાયદો બદલવા પર મજબૂર...


**શેરબજાર**

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 74207.24 | ▼ | 2496.89 |
| નિફ્ટી | 23002.15 | ▼ | 775.65 |
| સોનું | 144990.00 | ▼ | 8035.00 |
| ચાંદી | 228100.00 | ▼ | 20094.00 |

## રોકાણકારો રાતા પાણીએ રડ્યા, 12 લાખ કરોડ ધોવાયા: સેન્સેક્સ 2,497 પોઈન્ટ, નિફ્ટી 776 પોઈન્ટ તૂટ્યો

# શેરબજારમાં 22 મહિનામાં સૌથી મોટો કડાકો

(એજન્સી) મુંબઈ । તા. 19

શેરબજારમાં 22 મહિનામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 74,207 પર બંધ થયો, જેમાં 2,497 પોઈન્ટ (3.26%)નો ઘટાડો થયો. તેવી જ રીતે, નિફ્ટીમાં પણ 776 પોઈન્ટ (3.26%)નો ઘટાડો નોંધાયો, જે 23,002 પોઈન્ટથી નીચે આવી ગયો. જેના કારણે એક જ દિવસમાં રોકાણકારોના અંદાજે 12 લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા છે. આ પહેલા, 4 જૂન, 2024ના રોજ સેન્સેક્સ 5.74% ઘટ્યો હતો.આજે બેંકિંગ અને ઓટો શેરોમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. ભૂરાજકીય તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં ફુગાવો વધવાનું જોખમ રહેલું છે.



### એક જ દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં ₹9 લાખ કરોડનો ઘટાડો

BSE પર લિસ્ટેડ કંપનીઓનું કુલ બજાર મૂડીકરણ ગઈકાલે 439 લાખ કરોડથી ઘટીને આજે 430 લાખ કરોડ થયું છે. આનો અર્થ એ થયો કે રોકાણકારોની સંપત્તિમાં માત્ર એક જ દિવસમાં 9 લાખ કરોડનો ઘટાડો થયો છે.

### આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો,

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલ યુદ્ધ હવે એક મોટા તેલ યુદ્ધમાં ફેરવાઈ રહ્યું છે. ખાડી દેશોમાં તેલ અને ગેસ ક્ષેત્રો પર ધનાધન મિસાઈલ હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે, જેમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ અચાનક $113 પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. આનાથી એશિયન શેરબજારોમાં હાહાકાર મચ્યો છે.

### HDFC બેંકના ચેરમેનના રાજીનામાથી શેર 5% ઘટ્યા

HDFC બેંકના પાર્ટ-ટાઈમ ચેરમેન અને ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર અતનુ ચક્રવર્તીએ બુધવારે મોડી રાત્રે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. આ કારણોસર આજે તેના શેરમાં આશરે 5%નો ઘટાડો જોવા મળ્યો છે. આ 38 રૂપિયા ઘટીને 804 રૂપિયાની આસપાસ કારોબાર કરી રહ્યો છે.

## સોનું-ચાંદી ક્રેશ: આજે ચાંદી 20 હજાર તૂટી:5 દિવસમાં ₹38 હજારનો ઘટાડો, સોનું ₹8 હજાર ઘટીને ₹1.48 લાખ થયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 19 માર્ચે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 20 હજાર રૂપિયા ઘટીને 2.30 લાખ રૂપિયા પર આવી



ગઈ છે. આ પહેલા તેની કિંમત 2.50 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 8 હજાર રૂપિયા ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા 18 માર્ચે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10g હતું. અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે સોનું 5 કારોબારી દિવસમાં 13 હજાર અને ચાંદી 38 હજાર સસ્તી થઈ છે.

## દિલ્હી એરપોર્ટ પર 22 ફ્લાઈટ્સ ડાયવર્ટ; રાજસ્થાનમાં કરા પડવાની ચેતવણી, હિમાચલમાં હિમવર્ષા

# યુપી, દિલ્હી અને હરિયાણામાં ભારે વાવાઝોડું-વરસાદ







(એજન્સી) ભોપાલ । તા. 19

દેશના ઘણા ભાગોમાં હવામાને અચાનક પલટો લીધો છે. છેલ્લા કેટલાક દિવસોથી વાવાઝોડું, વરસાદ અને કરા પડવાનો દોર ચાલુ છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે ઉત્તર, મધ્ય અને પૂર્વ ભારતના ઘણા રાજ્યોમાં આગામી કેટલાક દિવસો સુધી આવું જ હવામાન રહી શકે છે.

બુધવારે સાંજે દિલ્હી, હરિયાણા અને યુપીના ઘણા વિસ્તારોમાં વરસાદ થયો. દિલ્હીમાં બુધવારે સાંજે ધૂળભરી આંધી અને ભારે વરસાદને કારણે ફ્લાઈટ્સ પર અસર પડી. ખરાબ હવામાનને કારણે 22 ફ્લાઈટ્સને અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરવી પડી.

યુપીના ગાઝિયાબાદ અને નોઈડામાં આંધી સાથે વરસાદ થયો. મેરઠમાં પણ ઝરમર વરસાદ થયો. નોઈડાના જેવર એરપોર્ટ પર 63 કિમીની ઝડપે પવનો નોંધાયા. જ્યારે ગાઝિયાબાદના હિન્ડનમાં 44ની ઝડપે પવન ફૂંકાયો. હરિયાણાના રેવાડીમાં બુધવારે સાંજ થતા-થતા ભારે વરસાદ સાથે કરા પડ્યા. જ્યારે ભિવાની, હિસાર, સિરસા, પાણીપત, નારનૌલ અને મહેન્દ્રગઢમાં પણ વરસાદ થયો.

હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિ અને મનાલીમાં બુધવારે સાંજે હિમવર્ષા થઈ. ચંબા, કાંગડા, કુલ્લુ, મંડી અને શિમલા જિલ્લાઓમાં ભારે વરસાદ, વાવાઝોડું, વીજળી પડવાની અને કરા પડવાની સંભાવના છે. સાથે જ 40-60 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે.

### નાગાલેન્ડમાં વાવાઝોડા-વરસાદથી તબાહી, 46 પરિવારો પ્રભાવિત

નાગાલેન્ડમાં ભારે વાવાઝોડા અને વરસાદને કારણે 46 પરિવારો પ્રભાવિત થયા છે. ચુમૌકેડિમા અને પેરેન જિલ્લાઓમાં અનેક ઘરો અને વીજળીના થાંભલાઓને નુકસાન થયું છે. મોન જિલ્લાની એક સરકારી શાળાને પણ નુકસાન થયું, જેના કારણે મધ્યાહન ભોજન પ્રભાવિત થયું. જોકે, અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી.

### આગામી બે દિવસ હવામાનની સ્થિતિ

20-21 માર્ચ- હવામાન વિભાગે દિલ્હીમાં યલો એલર્ટ જાહેર કરીને હળવા વરસાદ અને તેજ પવનોની સંભાવના વ્યક્ત કરી છે.
રાજસ્થાનમાં કરા પડવાનું એલર્ટ.
હિમાચલ પ્રદેશમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરીને ભારે હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે.
તમિલનાડુ, કેરળ, આંધ્ર પ્રદેશમાં વાવાઝોડાનું એલર્ટ છે. નોર્થ-ઈસ્ટમાં પણ ભારે વરસાદની આશંકા છે.

### હરિયાણામાં કરા પડ્યા અને હિમાચલમાં હિમવર્ષા

હરિયાણાના રેવાડીમાં બુધવારે સાંજે ભારે વરસાદ સાથે કરા પડતા ખેતીના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ભિવાની, હિસાર, સિરસા અને પાણીપત સહિતના જિલ્લાઓમાં પણ વાતાવરણ પલટાયેલું રહ્યું હતું. બીજી તરફ, પહાડી રાજ્યોમાં કુદરતનો અલગ જ મિજાજ જોવા મળ્યો છે. હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિ અને મનાલીમાં બુધવારે સાંજે હિમવર્ષા થઈ હતી, જેના કારણે તાપમાનમાં ધરખમ ઘટાડો થયો છે.



તમિલનાડુથી લાવવામાં આવેલા શ્રી રામ યંત્રની પૂજા કરી, મંદિર પરિસરમાં ફર્યા

# રાષ્ટ્રપતિએ અયોધ્યામાં રામલલ્લાના દર્શન કર્યા

(એજન્સી) અયોધ્યા । તા. 19

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવરાત્રીના પહેલા દિવસે અયોધ્યાના રામ મંદિર પહોંચ્યા હતા. તેમણે રામલલ્લાના દર્શન કર્યા હતા અને પછી બીજા માળે રામ દરબારમાં શ્રી રામ યંત્ર સ્થાપિત કર્યું હતું. તે પહેલાં, તેમણે રામ મંદિર સંકુલની મુલાકાત લીધી હતી. અયોધ્યામાં રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહર્ષિ વાલ્મીકિ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રાષ્ટ્રપતિ નું સ્વાગત કર્યું. બંને નાયબ મુખ્યમંત્રીઓ, કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક પણ હાજર હતા. ત્યાંથી, રાષ્ટ્રપતિ સીધા રામ મંદિર ગયા અને ભગવાન રામના દર્શન કર્યા.રાષ્ટ્રપતિ શ્રીરામ યંત્રની સ્થાપનાના પૂજન કાર્યક્રમમાં પણ ભાગ લીધો.

### રાષ્ટ્રપતિ રામ પરિવાર દરબારમાં સ્થાપિત શ્રી રામ યંત્રની પૂજા કરી રહ્યા છે

આ રામ યંત્ર છે, તેને રામ મંદિરના બીજા માળે સ્થાપિત કરવામાં આવશે. તેને કાંચીપુરમથી લાવવામાં આવ્યું છે.

### રામ યંત્ર વિશે જાણો

રામ યંત્રને કાંચીપુરમ (તમિલનાડુ) સ્થિત મઠમાં તૈયાર કરવામાં આવ્યું. ત્યારબાદ તેને કાંચીપુરમથી તિરુપતિ (આંધ્ર પ્રદેશ) લાવવામાં આવ્યું. પછી રથયાત્રા દ્વારા 10 દિવસ પહેલા તેને અયોધ્યા પહોંચાડવામાં આવ્યું. રામ યંત્રનું વજન 150 કિલો છે. તેના પર સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો છે.

# નીતિશના કાર્યક્રમમાં બટાકા-ડુંગળીની લૂંટ:કર્મચારીઓ લીંબુ લઈને ભાગ્યા

### મુંગેરમાં શાકભાજીથી 'સમૃદ્ધિ યાત્રા' લખ્યું હતું; CMના જતા જ લોકો તૂટી પડ્યા

(એજન્સી) મુંગેર । તા. 19

નીતિશ કુમાર સમૃદ્ધિ યાત્રાના ચોથા તબક્કામાં આજે એટલે કે ગુરુવારે મુંગેર અને લખીસરાય પહોંચ્યા. મુંગેરમાં તેમની યાત્રા પૂરી થતાં જ બટાકા, ડુંગળી, લીંબુ, રીંગણ સહિતની અન્ય શાકભાજીની લૂંટ શરૂ થઈ ગઈ.નીતિશના સ્વાગતમાં શાકભાજીથી સમૃદ્ધિ યાત્રા લખવામાં આવ્યું હતું. જેવા નીતિશ કુમાર સભા પૂરી કરીને નીકળ્યા, લોકો શાકભાજી પર તૂટી પડ્યા. બરાબર થેલામાં તેઓ શાકભાજી ભરીને લઈ ગયા. અધિકારીઓ લોકોને સમજાવતા રહ્યા, પરંતુ કોઈએ સાંભળ્યું નહીં. કોઈ લીંબુ તો કોઈ ડુંગળી અને બટાકા થેલામાં ભરતા દેખાયા.



### ભાષણ પૂરું કરીને ફરી માઈક પર આવ્યા નીતિશ

સભાને સંબોધિત કરતા નીતિશ કુમારે નામ લીધા વગર લાલુ યાદવ પર નિશાન સાધ્યું. CMએ કહ્યું, 2005 પહેલાની સરકારે કંઈ કામ કર્યું ન હતું. સાંજ પછી લોકો બહાર નીકળતા ન હતા. પરંતુ અમે બધું બદલ્યું. હવે બિહારમાં કાયદાનું શાસન છે.પહેલાં શિક્ષણ, રસ્તા, આરોગ્ય વ્યવસ્થાની ખરાબ હાલત હતી.

## CM હિમંતા સાતમી વખત જાલુકબારીથી ચૂંટણી લડશે; ગઈકાલે કોંગ્રેસમાંથી BJPમાં જોડાયેલા સાંસદ બોરદોલોઈને પણ ટિકિટ

# આસામ ચૂંટણી: બીજેપીએ 88 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભાજપે ગુરુવારે આસામ વિધાનસભા ચૂંટણી માટે પોતાની પહેલી યાદી જાહેર કરી. તેમાં CM હિમંતા બિસ્વ સરમા સહિત 88 નામોનો સમાવેશ થાય છે. ગઈકાલે ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના સાંસદ પ્રદ્યુત બોરદોલોઈને પણ દિસપુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.હિમંતા તેમની પરંપરાગત બેઠક જાલુકબારીથી ચૂંટણી લડશે. હિમંતા સાતમી વખત આ બેઠક પરથી ચૂંટણી લડશે. આ દરમિયાન, 25 દિવસ પહેલા ભાજપમાં જોડાયેલા ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખ ભૂપેન બોરાને પણ ટિકિટ આપવામાં આવી છે.ભાજપે ગુરુવારે કેરળ વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી.



તેમાં 39 ઉમેદવારોના નામનો સમાવેશ થાય છે. પાર્ટીએ અત્યાર સુધીમાં જાહેર કરાયેલી બે યાદીમાં 86 ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે.આસામ ચૂંટણી બાબતે દિલ્હીમાં BJPની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ બુધવારે એક બેઠક યોજી. જેમાં હત્યા અને હત્યાના પ્રયાસ સંબંધિત આરોપોનો સમાવેશ થાય છે. તેમાં આસામ અને પુડુચેરીમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે પાર્ટીના ઉમેદવારોના નામો પર ચર્ચા કરવામાં આવી.

### 132 ધારાસભ્યોના સોગંદનામાની તપાસ

ADR અને કેરળ ઈલેક્શન વોચના આ એનાલિસિસમાં 132 વર્તમાન ધારાસભ્યોના સોગંદનામાની તપાસ કરવામાં આવી અને જાણવા મળ્યું કે 92 ધારાસભ્યો સામે ફોજદારી કેસ પેન્ડિંગ છે. આમાંથી 33 ધારાસભ્યો, એટલે કે 25 ટકાએ ગંભીર ફોજદારી કેસોની જાહેરાત કરી છે, જેમાં હત્યા અને હત્યાના પ્રયાસ સંબંધિત આરોપોનો સમાવેશ થાય છે.

### કોંગ્રેસના પૂર્વ દિગ્ગજો હવે ભાજપના ઉમેદવાર

આસામમાં ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટા આંચકા લાગ્યા છે. મંગળવારે રાત્રે કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર સાંસદ પ્રદ્યુત બોરદોલોઈ બુધવારે ભાજપમાં જોડાયા અને ગુરુવારે તેમને દિસપુર બેઠક પરથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા. બોરદોલોઈએ જણાવ્યું હતું કે કોંગ્રેસમાં તેમને સતત અપમાનિત કરવામાં આવી રહ્યા હતા.

### કેરળમાં બીજી યાદી અને ધારાસભ્યોનો ગુનાહિત ઈતિહાસ

કેરળમાં પણ ભાજપે આક્રમક રણનીતિ અપનાવતા 39 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે, જેની સાથે અત્યાર સુધીમાં કુલ 86 ઉમેદવારોના નામ સ્પષ્ટ થઈ ગયા છે. આ દરમિયાન એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના એક ચોંકાવનારા રિપોર્ટમાં બહાર આવ્યું છે કે કેરળના વર્તમાન 132 ધારાસભ્યોમાંથી 70 ટકા (92 ધારાસભ્યો) સામે ફોજદારી કેસ પેન્ડિંગ છે.

# સરકારે કહ્યું- ઓનલાઈન સિલિન્ડર બુકિંગ વધીને 94% સુધી પહોંચ્યું

### પેનિક બુકિંગમાં ઘટાડો; અમેરિકાથી LPGનો સપ્લાય થઈ રહ્યો છે, કિંમતોમાં વધારો નહીં

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોએ ગુરુવારે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી. જેમાં પશ્ચિમ એશિયામાં તણાવને કારણે ઓઈલ અને ગેસ સંકટ પર વર્તમાન પરિસ્થિતિની માહિતી આપવામાં આવી. વિદેશ મંત્રાલય (MEA)માં સંયુક્ત સચિવ (ગલ્ફ) અસીમ મહાજને જણાવ્યું કે આ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વૈશ્વિક સમુદાય માટે પરીક્ષાનો સમય છે.પેટ્રોલિયમ મંત્રાલયમાં સંયુક્ત સચિવ (માર્કેટિંગ અને ઓઈલ રિફાઈનરી) સુજાતા શર્માએ જણાવ્યું કે યુદ્ધને કારણે LPGની સ્થિતિ ચિંતાનો વિષય બની રહી છે. જોકે, દેશમાં કોઈપણ LPG ડિસ્ટ્રીબ્યુટર પાસે સિલિન્ડરની અછત નથી. પેટ્રોલિયમ મંત્રાલય અનુસાર, દેશમાં ઓનલાઈન બુકિંગ વધીને 94% પર પહોંચી ગયું છે.



### હોર્મુઝ સ્ટ્રેટ પરની નિર્ભરતા ઘટી: 70% ક્રૂડ અન્ય માર્ગે

પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ એક મહત્વપૂર્ણ ટેકનિકલ માહિતી આપતા જણાવ્યું કે, ભારતે પોતાની ઉર્જા સુરક્ષા વ્યૂહરચનામાં મોટો ફેરફાર કર્યો છે. હાલમાં ભારતનું લગભગ 70% ક્રૂડ ઓઈલ હોર્મુઝ સ્ટ્રેટ (જે યુદ્ધગ્રસ્ત વિસ્તારની નજીક છે) ની બહારના વિસ્તારોમાંથી મેળવવામાં આવી રહ્યું છે.

### 23 કલાક દર્શન કરી શકશે, સુરક્ષાની ખાસ વ્યવસ્થા

## ચૈત્ર નવરાત્રી: હિમાચલના શક્તિપીઠોમાં શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી:ચિંતપૂર્ણી મંદિરે 50 લાખના વિદેશી ફૂલોથી શણગાર

(એજન્સી) ચિંતપૂર્ણી । તા. 19

ચૈત્ર નવરાત્રી 2026 આજથી શરૂ થઈ ગઈ છે. હિમાચલ પ્રદેશમાં પાંચ મુખ્ય શક્તિપીઠો અને અન્ય મંદિરોને નવરાત્રી માટે આકર્ષક રીતે શણગારવામાં આવ્યા છે. ખાસ કરીને ઉના ખાતે ચિંતપૂર્ણી મંદિર આ વખતે વિદેશી ફૂલોથી મહેકી રહ્યું છે. દિલ્હીના શ્રદ્ધાળુ પ્રવીણ ક્વાત્રાએ લગભગ 50 લાખ રૂપિયાના રંગબેરંગી ફૂલોથી મંદિરને શણગાર્યું છે.ચિંતપૂર્ણી ઉપરાંત કાંગડાના જ્વાલાજી, બ્રજેશ્વરી દેવી મંદિર, બિલાસપુરના નૈનાદેવી, કાંગડાના ચામુંડા દેવી મંદિરમાં પણ વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. આ તમામ શક્તિપીઠોમાં દેશભરના શ્રદ્ધાળુઓ સવારથી દર્શન માટે પહોંચી રહ્યા છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો છે.

### 23 કલાક ખુલ્લા રહેશે ચિંતપૂર્ણી મંદિરના કપાટ

નવરાત્રિમાં ઉમટતી ભીડને ધ્યાનમાં રાખીને ચિંતપૂર્ણી મંદિરના દરવાજા 23 કલાક ખુલ્લા રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફક્ત રાત્રે એક કલાક માટે મંદિરને સફાઈ માટે બંધ કરવામાં આવશે. મંદિરમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે 300 પોલીસ અને હોમગાર્ડ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.

### સિમલાના મંદિરોમાં સવારે 6 વાગ્યાથી દર્શન

સિમલાના કાલીબાડી અને તારા દેવી મંદિર સહિત શહેરના મુખ્ય મંદિરો સવારે 6 વાગ્યાથી ભક્તો માટે ખુલશે. મંદિરોમાં વધારાનો પોલીસ બળ અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. તારા દેવી મંદિર જતા શ્રદ્ધાળુઓ માટે વધારાની HRTC બસો પણ ચલાવવામાં આવશે.

## ઓડિશા હોસ્પિટલ અગ્નિકાંડમાં 4 અધિકારીઓ સસ્પેન્ડ

### વિપક્ષે દેખાડો ગણાવ્યો, અકસ્માતમાં મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા 12 થઈ

(એજન્સી) કટક । તા. 19

ઓડિશાના કટકની શ્રીરામ ચંદ્ર ભંજ (SCB) મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાના બે દિવસ પછી, ઓડિશા સરકારે 4 અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. આમાં ફાયર સર્વિસના 3 અને વિજ વિભાગના એક અધિકારીનો સમાવેશ થાય છે.આ દરમિયાન, વિરોધ પક્ષ બીજુ જનતા દળ (BJD) એ ચાર જુનિયર અધિકારીઓના સસ્પેન્શનને માત્ર દેખાડો ગણાવ્યો. BJDના પ્રવક્તા લેનિન મોહંતીએ આરોપ લગાવ્યો કે રાજ્ય સરકારે આટલા સંવેદનશીલ મામલાને લઈને ખૂબ જ બેદરકારીભર્યું વલણ દાખવ્યું છે.ખરેખરમાં, SCB મેડિકલ કોલેજમાં 14-15 માર્ચની મોડીરાત્રે લગભગ 3 વાગ્યે આગ લાગી હતી.

## રાજ્યસભાના 73 સાંસદો પર ક્રિમિનલ કેસ:આમાંથી ભાજપના સૌથી વધુ 27 સાંસદો

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

રાજ્યસભાના 73 સાંસદો પર ક્રિમિનલ કેસ ચાલી રહ્યા છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ ગુરુવારે રાજ્યસભાના 229 સાંસદોનો એક રિપોર્ટ જાહેર કર્યો. આમાં તાજેતરમાં ચૂંટાયેલા 37 સાંસદો પણ સામેલ છે. રાજ્યસભામાં 245 સભ્યો હોય છે.રાજ્યસભાના 73 સાંસદોમાંથી 36 (16%) પર ગંભીર આરોપો છે. એક સાંસદ પર મર્ડરનો કેસ છે. જ્યારે ચાર સાંસદો પર હત્યાના પ્રયાસ અને ત્રણ પર મહિલાઓ સંબંધિત ગુનાના કેસ છે.રિપોર્ટમાં જણાવાયું છે કે લગભગ 31 સાંસદો (14%)એ પોતાને અબજોપતિ જાહેર કર્યા છે. મોટી પાર્ટીઓમાં ઘણા સાંસદોએ 100 કરોડથી વધુની સંપત્તિ દર્શાવી છે.એક રાજ્યસભા સાંસદ પાસે સરેરાશ આશરે 120.69 કરોડ રૂપિયાની સંપત્તિ છે.

## જુબિન ગર્ગ કેસની સુનાવણી માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની નિમણૂક

(એજન્સી) ગુવાહાટી । તા. 19

ગુવાહાટી હાઈકોર્ટે આસામના ગાયક ઝુબીન ગર્ગના મૃત્યુ કેસની દરરોજ સુનાવણી માટે એક વિશેષ ફાસ્ટ-ટ્રેક સેશન કોર્ટની નિમણૂક કરી છે. બક્સા જિલ્લાના જિલ્લા ન્યાયાધીશ શર્મિલા ભુઈયાં આ ફાસ્ટ-ટ્રેક કોર્ટની અધ્યક્ષતા કરશે.ઝુબીન ગર્ગનું ગયા વર્ષે 19 સપ્ટેમ્બરે સિંગાપોરમાં સમુદ્રમાં તરતી વખતે મૃત્યુ થયું હતું. ઝુબીન ત્યાં ચોથા નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલમાં ભાગ લેવા ગયા હતા.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
| --- | --- | --- |
| 21 March 2026 | 6:30 PM | Ahmedabad |

Venue : Hotel Platinum Residency,Shivalik 1,Nr Tapan Hospital, Prahladnagar, Ahmedabad 380015

Name : Mitresh Joshi | Mobile : 8976892945

Nippon Life India Asset Management Limited | CIN : L65970MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# ગુજરાતના યુવાનો ડ્રગ્સના ભરડામાં, સરકાર સામે રાજ્યવ્યાપી લડત શરૂ : બ્રિજરાજ સોલંકી

અમદાવાદ: આમ આદમી પાર્ટી યુવા મોરચા દ્વારા ભાવનગર સર્કિટ હાઉસ ખાતે ડ્રગ્સના વિરોધમાં એક વિશાળ કેમ્પેઈન લોન્ચ કરવામાં આવ્યું છે. આ કેમ્પેઈન આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ બ્રિજરાજ સોલંકીના નેતૃત્વ હેઠળ તારીખ 18ના રોજ શરૂ કરવામાં આવ્યું છે. જેનું નામ "ડ્રગ્સથી આઝાદી" રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતાં યુવા નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે ગુજરાતના યુવાનો વધતા પ્રમાણમાં ડ્રગ્સના ચંગુલમાં ફસાઈ રહ્યા છે, જ્યારે ભાજપ સરકાર ડ્રગ્સ માફિયાઓને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. ત્યારે આ કેમ્પેઈન સમગ્ર ગુજરાતના 33 જિલ્લાઓ અને અંદાજે 18,000 ગામોમાં પહોંચશે અને વ્યાપક ડ્રગ્સ વિરોધી આંદોલન અને વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાત



વિધાનસભામાં સરકાર દ્વારા જારી કરવામાં આવેલ આંકડાઓ પ્રમાણે સુરતમાંથી પાછલા બે વર્ષમાં ૩,૧૪૬ કિલો ડ્રગ્સ, ૧૬ કિલો અફિણ અને ૨,૬૨૦ સીરપની બોટલો પકડાઈ હતી, જે ખૂબ જ ગંભીર બાબત છે. આ પ્રકારની ઘટનાઓ દર્શાવે છે કે રાજ્યમાં ડ્રગ્સનો પ્રસાર કેટલી હદ સુધી વધી ગયો છે. ગુજરાતના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના શહેરમાં જ આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાવુ એ અત્યંત ચિંતાજનક બાબત છે. આવી પરિસ્થિતિમાં બ્રિજરાજ સોલંકીના નેતૃત્વમાં "આઝાદી"ના નારા સાથે એક ગીતનું લોન્ચિંગ કરવામાં આવ્યુ હતું. AAP યુવા નેતા બ્રિજરાજ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે આ અભિયાન અંતર્ગત વિવિધ મુદ્દાઓ પર "આઝાદી" ના નારા લગાવવામાં આવશે જેમ કે યુવાનો બેરોજગારીના ચંગુલમાં ફસાઈ ગયા છે, તેથી બેરોજગારીમાંથી આઝાદી, તેમજ નશીલા પદાર્થોના કારણે દિવસેને દિવસે વધી રહેલી આત્મહત્યાઓમાંથી આઝાદી.

# મહાનગરપાલિકા ચૂંટણી પહેલા સુરતમાં આપએ કોંગ્રેસના સંગઠનમાં પાડ્યું ગાબડું

સુરત : 2015માં સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં, કોંગ્રેસ વતી મજબૂતાઈથી ચૂંટણી લડેલા આહીર સમાજના પ્રતિષ્ઠિત અગ્રણી રમેશભાઈ જીંજાળા અને કુંભારીયા ગામના સામાજિક આગેવાન, બીટીએસ (ભીલીસ્તાન ટાઈગર સેના)ના સુરત શહેર આગેવાન મનીષાબેન રાઠોડ અને આહીર સમાજના આગેવાન સંજયભાઈ વાળા શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીની આગેવાનીમાં આજે વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા. આ મુદ્દે આમ આદમી પાર્ટીના સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી અને યુવા નેતા પાયલ સાકરીયાએ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી ખૂબ જ તેજીથી આગળ વધી રહી છે. અગાઉ 2021માં આમ આદમી પાર્ટીએ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રથમ વખત ભાગ લીધો હતો અને સુરતના લોકોએ આમ આદમી પાર્ટીને મુખ્ય વિપક્ષ તરીકે મજબૂત જનાદેશ આપ્યો હતો અને આ જવાબદારીને હવે પાંચ વર્ષ પૂરા થયા. હવે ફરીથી સુરત મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી છે તો આમ આદમી પાર્ટી તમામ સીટો પર મજબૂત અને સક્ષમ ઉમેદવારો ઉતારશે. આજે સુરતમાં પ્રતિષ્ઠિત, જાણીતા અને પોતાના સમાજ માટે ઉત્તમ કામ કરવા વાળા લોકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, આજે આહીર સમાજના પ્રતિષ્ઠિત આગેવાન અને મૂળ સૌરાષ્ટ્રના વતની, 2015માં સુરત મહાનગરપાલિકામાં કોંગ્રેસ તરફથી ચૂંટણી લડનાર તથા સુરતના હીરા બજારમાં આહિર ડાયમંડ એસોસિએશનના પ્રમુખ રમેશભાઈ જીંજાળા મોટી સંખ્યામાં પોતાના સમર્થકો અને પોતાના ગ્રુપ સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

# સુરત સિવિલ હોસ્પિટલની કથળી ગયેલી સ્થિતિ પર પાયલ સાકરીયાએ સરકારને આડેહાથ લીધી



અમદાવાદ : ગુજરાતમાં હોસ્પિટલોની કથળી ગયેલી પરિસ્થિતિ અંગે ખુદ ભાજપના જ સુરતના ધારાસભ્યએ વિધાનસભામાં પોતાની વેદના ઠાલવી હતી. વિકાસની મોટી મોટી વાતો અને વિકાસનો દુષ્પ્રચાર કરીને લોકોને છેતરવાના કામો કરતી ભાજપ સરકારના રાજમાં સુરતની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સ્ટ્રેચર પર લઈ જવા પૂરતો સ્ટાફ પણ નથી, અને વાતો 'હવાઈ કિલ્લા' બાંધવાની કરે છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના યુવા નેતા પાયલ સાકરિયાએ ઉગ્ર પ્રતિક્રિયા આપી. AAP યુવા નેતા પાયલ સાકરિયાએ વિડિયો માધ્યમથી જણાવ્યું હતું કે સુરતના મહિલા ધારાસભ્યએ વિધાનસભા ગૃહમાં કહ્યું કે સુરત સિવિલ હોસ્પિટલમાં સ્ટ્રેચર ખેંચવા માટે માણસો નથી. દર્દીઓના પરિવારજનો જ સ્ટ્રેચર ખેંચીને અંદર લઈ જાય છે અને બહાર લાવે છે, હાલ સુરતની સ્થિતિ એટલી કથળી ગઈ છે. આ બાબતે ઘણા લોકોએ અવાજ ઉઠાવ્યો છે, પરંતુ આ અવાજને ક્યાંકને ક્યાંક દબાવી દેવામાં આવે છે. કોઈ રીતે લોકો અવાજ ન ઉઠાવે તે માટે હંમેશા પ્રયાસો કરવામાં આવે છે. જો ખરેખર લોકોના વિકાસ માટે, આરોગ્ય માટે અને શિક્ષણ માટે પ્રયાસો કરવામાં આવ્યા હોત, તો આજે 30 વર્ષ પછી પણ ગુજરાતની આવી સ્થિતિ ન હોત. AAP નેતા પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે જે સુરતમાં આરોગ્ય મંત્રી પોતે રહે છે, એ જ શહેરમાં સિવિલ હોસ્પિટલની આવી કથળી ગયેલી પરિસ્થિતિ હોય, તો આખા ગુજરાતની કેવી સ્થિતિ હશે? એવું નથી કે આરોગ્ય મંત્રીને આ બાબતે ખબર નથી.

# માત્ર વાતો નહીં, પરંતુ જો સરકાર યોગ્ય પગલાં લેશે તો અમે તેને સંપૂર્ણ સમર્થન કરીશું : તેજસ ગાજીપરા

રાજકોટ: આમ આદમી પાર્ટીના રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરાએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતુ કે રાજકોટથી ગોંડલ જતાં ઉદ્યોગ વિસ્તારમાં આવેલા અનેક ઉદ્યોગોમાંથી ૮૦૦થી વધુ ઉદ્યોગો બંધ થઈ ગયા છે અથવા શટડાઉન થઈ ગયા છે. જેના કારણે ત્યાં કામ કરતા એક લાખથી વધુ લોકોની રોજગારી પર ગંભીર અસર પડી છે. આ ઉદ્યોગોમાં ગેસ આધારિત ઉદ્યોગો, જેમ કે કાસ્ટિંગ અને ઓટોમોબાઈલ સાથે જોડાયેલી ફેક્ટરીઓનો સમાવેશ થાય છે, જેના પર સૌથી વધુ અસર જોવા મળી છે. તેના પરિણામે હજારો પરિવારોના જીવન પર મોટી અસર પડી છે. તેમણે સરકારને નિશાન બનાવી જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર રોજગારી આપવાના મોટા મોટા દાવા કરે છે, પરંતુ હકીકતમાં નાના ઉદ્યોગોની રોજગારી છીનવવામાં આવી રહી છે. AAP નેતા તેજસ ગાજીપરાએ વધુમાં જણાવ્યું કે ગેસનો પુરવઠો બંધ થવાને કારણે ઉદ્યોગોમાં ઉત્પાદન અટકી ગયું છે. ગેસ ઉપલબ્ધ હોવા છતાં યોગ્ય રીતે સપ્લાય ન થવાને કારણે ઉદ્યોગોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો ગેસનો નિયમિત પુરવઠો મળે તો ઘણા ઉદ્યોગો ફરી શરૂ થઈ શકે છે. તેમણે મોરબીના સિરામિક ઉદ્યોગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ત્યાં પણ ગેસ અને પોલિસી સંબંધિત મુદ્દાઓને કારણે ઉદ્યોગો પર ગંભીર અસર પડી છે અને આવનારા સમયમાં ભાવવધારો થવાની શક્યતા છે. તાજેતરમાં કોમર્શિયલ ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે નાના ઉદ્યોગો અને વેપારીઓ પર વધુ ભાર પડ્યો છે. ઘણા નાના ધંધા અને રોજગારો બંધ થવાની કગાર પર છે. તેમણે સરકારને અપીલ કરી કે આ મુદ્દે ગંભીર વિચારણા કરીને ઉદ્યોગોને ફરી શરૂ કરવા માટે જરૂરી પગલાં લેવાની જરૂર છે. નહીં તો આવનારા સમયમાં બેરોજગારીમાં મોટો વધારો થવાની શક્યતા છે.

# આપના પ્રદેશ નેતૃત્વ દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા પૂર્ણ

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે અને આજે આમ આદમી પાર્ટી ગુજરાતની અંદર એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આમ આદમી પાર્ટી તમામ 12000 સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. તો અગાઉ આમ આદમી પાર્ટી દ્વારા સ્થાનિક લેવલે ઉમેદવાર પસંદગી પ્રક્રિયા યોજાઈ હતી અને ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવેલા હતા. તો 16 માર્ચથી 18 માર્ચ સુધી પ્રદેશ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી હતી. આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના અધ્યક્ષસ્થાને પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા ચાલી હતી. આ પ્રક્રિયામાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની સાથે સાથે પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા,




**સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આપ તૈયાર, ટૂંક સમયમાં ઉમેદવારોની પહેલી યાદી થશે જાહેર**

ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, મહામંત્રી રાકેશ હીરપરા, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામ, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ત્રણ દિવસ સમગ્ર ગુજરાતમાંથી હોદ્દેદારો અને ઉમેદવારો આવ્યા અને ખૂબ જ મોટા પ્રમાણમાં દાવેદારી નોંધાવવામાં આવી હતી. ઝીણવટભરી પ્રક્રિયા પછી ટૂંક સમયમાં ઉમેદવારોની યાદીનું પહેલું લિસ્ટ જાહેર કરવામાં આવશે. આમ આદમી પાર્ટી તમામ સીટો પર મજબુતીથી ઉમેદવારો મેદાને ઉતારવા જઈ રહી છે. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી હતી. ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે અને આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે, ત્યારે રાજકારણમાં આવીને પ્રજાની સેવા કરવા માંગતા લોકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. આ તમામ લોકોનો એક જ સંકલ્પ છે કે ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ.

# News Brief

## દાણીલીમડાના કોંગ્રેસના સીટિંગ કોર્પોરેટર AAPમાં જોડાયા

અમદાવાદ | અમદાવાદ : અમદાવાદની રાજનીતિમાં મહત્વપૂર્ણ ફેરફાર જોવા મળ્યો છે, જ્યાં કોંગ્રેસને મોટો ઝટકો આપતાં દાણીલીમડાના સીટિંગ કોર્પોરેટર જમનાબેન વેગડા આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. તેઓએ AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના હસ્તે ખેસ ધારણ કરીને પાર્ટીમાં સત્તાવાર પ્રવેશ કર્યો. ખાસ વાત એ છે કે જમનાબેન વેગડા માત્ર એકલા જ નહીં પરંતુ 50 જેટલા અલગ અલગ સમાજના આગેવાનો અને આશરે 400 કાર્યકર્તાઓ સાથે AAPમાં જોડાયા છે, જેને કારણે સ્થાનિક રાજકારણમાં AAPને મજબૂતાઈ મળી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા આ જોડાણને AAP માટે મોટી રાજકીય સફળતા તરીકે જોવામાં આવી રહ્યું છે. આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની સાથે સાથે મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડોક્ટર જ્વેલ વસરા અને પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ગુજરાતમાં લોકો ભાજપ-કોંગ્રેસથી ત્રાહિમામ પોકારી ચૂક્યા છે. આજે ગુજરાતની જનતા આમ આદમી પાર્ટીને મુખ્ય વિપક્ષ તરીકે જોઈ રહી છે. જેના કારણે ચારે બાજુથી લોકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આજે મને જણાવતા ખુશી થાય છે કે બે વખતથી કોર્પોરેટર રહેલા અને હાલ પણ દાણીલીમડા સીટના કોંગ્રેસના સીટીંગ કોર્પોરેટર જમનાબેન વેગડા આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. તેઓ 50 જેટલા અલગ અલગ સમાજના આગેવાનો અને આશરે 400 કાર્યકર્તાઓ સાથે AAPમાં જોડાયા છે. હું તમામ આગેવાનોને આવકારું છું. જમનાબેન વેગડા 2015થી 2021 સુધી કોર્પોરેટર રહ્યા છે અને હાલ તેઓ સીટીંગ કોર્પોરેટર પણ છે.

## ગુજરાત વન વિભાગમાં મોટો ફેરફાર, 35 RFO અધિકારીની સામૂહિક બદલીના આદેશ

અમદાવાદ | રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તેવા 35 પરિક્ષેત્ર વન અધિકારીઓ (RFO- રેન્જ ફોરેસ્ટ ઓફીસર), વર્ગ-2ની સામુહિક બદલીના હુકમો 18મી માર્ચ, 2026ના રોજ જાહેર કરવામાં આવ્યા છે. વિભાગના ઉપ સચિવ હિમાંશુ ગોહિલ દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર અધિસૂચના મુજબ, રાજ્યના વિવિધ વન્યજીવ વિભાગો, સામાજિક વનીકરણ અને વર્કિંગ પ્લાન સર્કલના અધિકારીઓની અરસપરસ બદલી કરવામાં આવી છે. આ ફેરફાર પાછળ મુખ્યત્વે વહીવટી સુધારણા અને કાર્યક્ષમતા વધારવાનો ઉદ્દેશ્ય હોવાનું જણાવાયું છે. આ યાદીમાં મહત્ત્વની બદલીઓમાં જીવરાજભાઈ દેસાઈને ભુજ મોનિટરીંગ રેન્જમાંથી નળ સરોવર, નિખિલ નિમ્બાર્કને સાસણ ગીરથી ગાંધીનગર ઉર્જા રેન્જ, અને દક્ષાબેન વઘાશીયાને ખીજડિયાથી જોડિયા રેન્જમાં ખસેડાયા છે. આ ઉપરાંત, શક્તિભાઈ ભાલિયાને ધ્રોલથી સંશોધન વિભાગ, આણંદપુરા અને હીરેનકુમાર પટેલને વાંકલથી વલસાડ વર્કિંગ પ્લાન રેન્જમાં નિમણૂંક અપાઈ છે. નોંધપાત્ર રીતે, આ બદલીઓમાં પ્રતિક્ષાબેન ચૌધરી (પાલનપુર), નીધિ ચૌહાણ (માણસા) અને જ્યોતિબેન વાજા (જૂનાગઢ) જેવી મહિલા અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. તમામ અધિકારીઓને તેમની હાલની જગ્યાએથી તાત્કાલિક ફરજમુક્ત થઈ નવી જગ્યાનો હવાલો સંભાળવા આદેશ આપવામાં આવ્યો છે.

## 80,000 રૂપિયાની લાંચ લેનારા સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીના લોકરમાંથી 52 લાખ મળ્યાં

ગુજરાત | ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરતા લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એન્ટી કરપ્શન બ્યુરો, ACB) દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગત 15 માર્ચ 2026ના રોજ અમદાવાદ રિજીયન સ્થિત સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરો (SIB)ના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન ગીરીશભાઈ દવે વિરુદ્ધ ગાંધીનગર ACBએ લાંચ અને અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી. જે બાદ ગઈકાલે 17 માર્ચે મહેસાણા ACB દ્વારા પણ તપાસ કરવામાં આવતા ગાંધીનગરની એક ખાનગી બેન્કના લોકરમાંથી મોટી રકમ મળી આવી હતી.

સાણંદ સેન્ટરના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન ગીરીશભાઈ દવેએ એક જાગૃત નાગરિકના પોલીસ પ્રોટેક્શનને રીન્યુ કરવા માટે પોઝિટિવ અભિપ્રાય આપવાના બદલામાં 80,000 રૂપિયાની માંગણી કરી હતી, જે રકમ સ્વીકારતા જ ACBની ટીમે કેતનને 15 માર્ચે દબોચી લીધો હતો. ગુજરાતમાં આ કદાચ IBનો પ્રથમ PI હશે જે લાંચ લેતા ACBના હાથે ઝડપાયો હોય. આ દરમિયાન ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે આવેલા સૌરાષ્ટ્ર ગાંઠીયા રથની સામે રોડ પર જ્યારે ફરિયાદી પોતાની ગાડીમાં હાજર હતા, ત્યારે આરોપી કેતન ત્યાં પહોંચ્યો હતો. બાદમાં ગાડીની અંદર જ આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હતી. જેવી આરોપીએ 80,000ની રકમ હાથમાં લીધી તેવી જ વોચમાં રહેલી ACBની ટીમ ત્રાટકીને તેને રંગેહાથ પકડી લીધો હતો. જે બાદ મહેસાણા એસીબીએ ગાંધીનગરમાં આવેલી એક બેન્કના લોકરનું ચેકિંગ કર્યું હતું. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, કેતન દવેએ પોતાની કાયદેસરની આવકના સ્ત્રોત કરતા વધુ સંપત્તિ ભેગી કરી હતી.

# ખેડૂતોને લૂંટીને વેપારીઓને ફાયદો, ઘઉં મુદ્દે સાગર રબારીનો સરકાર પર પ્રહાર

અમદાવાદ: આમ આદમી પાર્ટી પ્રદેશ મહામંત્રી અને ખેડૂત નેતા સાગર રબારીએ વિડિયો માધ્યમથી જણાવ્યું હતું કે ભારત સરકારે વર્ષ 2026-27 માટે ઘઉંનો ટેકાનો ભાવ 2,585 જાહેર કર્યો હતો. એટલે કે 20 કિલોના એક મણના સાદા ગણિતમાં સમજીએ તો ભારત સરકારે 517 પ્રતિ મણનો ભાવ આપવાની જાહેરાત કરી હતી. ખેડૂતોને હાલમાં બજાર ભાવ 400 થી 450 રૂપિયા પ્રતિ મણ મળી રહ્યો છે, એટલે કે 2,000 થી લઈને 2,250 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ મળી રહ્યા છે. ભારત સરકારે જાહેર કરેલા 2,585ના ભાવ સાથે સરખામણી કરીએ તો ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ 300 થી લઈને 585 રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ગુજરાતમાં આ વર્ષે ઘઉંના વાવેતરમાં 14 ટકાનો વધારો થયો છે.

# કાયનાત અન્સારીને મળ્યા જામીન, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પાઠવ્યું સન્માન પત્ર

અમદાવાદ: AAPના પૂર્વ કચ્છ જિલ્લા પ્રમુખ ડૉ કાયનાત અન્સારી આથાએ કચ્છના સેક્ટર 5 ગાંધીધામમાં ચાલતા દારૂના અડ્ડાનો પર્દાફાશ કર્યો હતો ત્યારબાદ તેમને ખોટા કેસમાં ફસાવી જેલમાં મોકલવામાં આવ્યા હતા. તો હાલમાં ડૉ કાયનાત અન્સારી આથાના જામીન મંજૂર થતા તેઓ જેલની બહાર આવ્યા છે. ત્યારે AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની સૂચનાથી કચ્છ ઝોન પ્રમુખ સંજય બાપટે કાયનાત અન્સારીને તેમની નીડર કામગીરી બદલ સન્માન પત્ર આપી તેમનું સન્માન કર્યું. આ દરમિયાન આમ આદમી પાર્ટીના કચ્છ ઝોન પ્રમુખ સંજય બાપટે જણાવ્યું હતું કે જેમને આપણે મર્દાની કહી શકીએ એવા આપણા લડાયક આમ આદમી પાર્ટીના કચ્છ (પૂર્વ) જિલ્લા પ્રમુખ કાયનાતબેન અન્સારી આથાએ કચ્છમાં નશા મુક્તિ અભિયાન ચલાવ્યું. તેઓ પોલીસ અને બુટલેગરોની મીલીભગતના કારણે 9-10 દિવસ સુધી જેલમાં રહ્યા હાલ તેઓ જામીન પર બહાર આવ્યા છે. આજે આ બાબતે આમ આદમી પાર્ટીના પ્રદેશના, દિલ્હીના અને સ્થાનિક નેતાઓ તથા કાર્યકર્તાઓ ખૂબ જ ખુશી અનુભવી રહ્યા છે. કાયનાતબેન આ જ રીતે આગળ લડતા રહેશે એવી અમને આશા છે અને આજે આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી તરફથી કાયનાતબેનને એક સન્માન પત્ર મોકલવામાં આવ્યું છે. ખૂબ જ ટૂંક સમયમાં અમે આ મુદ્દે એક મોટો કાર્યક્રમ પણ કરવા જઈ રહ્યા છીએ.

# આરએલડીએ, અમદાવાદ એકમ દ્વારા યુનેસ્કો પ્રતિનિધિમંડળનું સ્વાગત અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ



અમદાવાદ | રેલ ભૂમિ વિકાસ પ્રાધિકરણ (RLDA), અમદાવાદ એકમ દ્વારા આજે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરના પ્રતિનિધિ શ્રી રોનાલ્ડ લિન, આઈકોમોસ નિષ્ણાત સુશ્રી એલિઝાબેથ વાયન્સ તથા શ્રી મદનસિંહ ચૌહાણનું તેમના રિએક્ટિવ મોનિટરિંગ મિશન અંતર્ગત સ્વાગત કરવામાં આવ્યું. પ્રતિનિધિમંડળે અમદાવાદ રેલવે સ્ટેશન (કાલુપુર) ખાતે ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમને પ્રોજેક્ટના તે દ્રષ્ટિકોણ વિશે માહિતગાર કરવામાં આવ્યા, જેના અંતર્ગત આધુનિક મુસાફર સુવિધાઓ સાથે શહેરની સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું સંકલિત સંરક્ષણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. ભ્રમણ દરમિયાન ખાસ કરીને રજૂઆત કરવામાં આવી કે પ્રોજેક્ટમાં કેન્દ્ર દ્વારા સંરક્ષિત સ્મારકો બ્રિક મીનાર અને ઝૂલતા મીનારને કેવી રીતે સંવેદનશીલ રીતે સામેલ કરવામાં આવી રહ્યા છે. આ પહેલનો હેતુ આ ઐતિહાસિક વારસાને, જે અત્યાર સુધી તુલનાત્મક રીતે ઓછા ધ્યાનમાં રહ્યા છે, મહત્વ આપીને તેમને શહેરી અનુભવનો અભિન્ન અને આકર્ષક ભાગ બનાવવાનો છે. પ્રતિનિધિમંડળે પ્રોજેક્ટની સમાવેશી તથા વારસા-કેન્દ્રિત આયોજનની પ્રશંસા કરી. બંને નિષ્ણાતો બ્રિક મીનાર અને ઝૂંઠા મીનારની વિશિષ્ટ સ્થાપત્ય શૈલીથી ખાસ પ્રભાવિત થયા તથા આ પ્રોજેક્ટને વારસા-સંવેદનશીલ અવસંરચના વિકાસ ક્ષેત્રમાં એક આદર્શ ઉદાહરણ બનવાની ક્ષમતા ધરાવતો ગણાવ્યો.

# ગજેરા બંધુઓના કેસમાં હાઈકોર્ટે FIR રદ કરવાની માંગ ફગાવી : કોર્ટે કહ્યું- તપાસ અટકાવવી ન્યાયના હિતમાં નથી

સુરત | સુરતના જાણીતા ઉદ્યોગપતિ વસંત ગજેરા અને અન્ય આરોપીઓ વિરુદ્ધ નોંધાયેલી કરોડો રૂપિયાની છેતરપિંડી તથા દસ્તાવેજોમાં છેડછાડ મામલે હાઈકોર્ટે અરજદારોની FIR રદ કરવાની માંગણીને ફગાવી દઈ પોલીસ તપાસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે.

સુરતના DCB પોલીસ સ્ટેશનમાં 22, ફેબ્રુઆરી 2026ના રોજ નોંધાયેલી આ ફરિયાદમાં અરજદારો પર 1,900 કરોડ રૂપિયાની નાણાકીય ગેરરીતિ, મની લોન્ડરિંગ અને ફરિયાદીના પરિવારની ખોટી સહીઓ કરી શેરહોલ્ડિંગ ઘટાડવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. અરજદારોએ આ ફરિયાદને દીવાની વિવાદ ગણાવી વિલંબના આધારે રદ કરવા દલીલ કરી હતી, પરંતુ હાઈકોર્ટે આ તર્કને માન્ય રાખ્યો નથી.

આ કેસની વિગતો મુજબ ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે, તેમની અને તેમના પરિવારની સહીઓ ખોટી રીતે દસ્તાવેજો પર કરવામાં આવી હતી, જેના કારણે તેમની કંપનીમાં શેરહોલ્ડિંગ 43% થી ઘટીને માત્ર 4% થઈ ગઈ હતી. આ ઉપરાંત ડિરેક્ટર પદના રાજીનામાના પત્રમાં પણ ખોટી સહી હોવાનો દાવો કરાયો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલે ગાંધીનગર FSL નો રિપોર્ટ રજૂ કરી સાબિત કર્યું હતું કે દસ્તાવેજો પરની સહીઓ બનાવટી છે અને તે અરજદારો પૈકીના એક રાકેશ ગજેરાએ કરી હોવાનો અભિપ્રાય છે. આ મહત્વના પુરાવાને ધ્યાને રાખીને હાઈકોર્ટે અવલોકન કર્યું કે જ્યારે હસ્તાક્ષર નિષ્ણાતનો રિપોર્ટ અરજદારોની વિરુદ્ધમાં હોય અને પ્રાથમિક દ્રષ્ટિએ ગુનો સાબિત થતો હોય ત્યારે તપાસમાં થયેલો વિલંબ ગૌણ બની જાય છે.

અરજદારો વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓએ એવી પણ દલીલ કરી હતી કે ફરિયાદીએ આ ફરિયાદ માત્ર બદલો લેવા અને પૈસા પડાવવા માટે કરી છે, તેમજ અરજદારોનો મેહુલ ચોક્સી સાથે કોઈ ગેરકાયદેસર સંબંધ નથી. જો કે હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે FSL રિપોર્ટની સચોટતા અને સહીઓ કોણે કરી છે તે ટ્રાયલ દરમિયાન ઉલટતપાસનો વિષય છે. હાલના તબક્કે દસ્તાવેજી છેતરપિંડીના પૂરતા પુરાવા હોવાથી તપાસને અધવચ્ચે અટકાવવી ન્યાયના હિતમાં નથી.

# ગુજરાત પર બે દિવસ 'ભારે', સરકારે ખેડૂતો માટે માર્ગદર્શિકા કરી જાહેર

(એજન્સી) ગાંધીનગર | તા.19

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આગામી તા. 21 માર્ચ, 2026 સુધી

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

Branch Name: Federal Bank, Maninagar Branch
1-2, Ground Floor | Elegance Arcade | Station Road | Maninagar | Ahmedabad-380008 | | Contact: +91 9131306382

**PUBLIC NOTICE - PRIVATE SALE OF GOLD**

Notice is hereby given that gold ornaments in the below mentioned account/s will be put to private sale by Federal Bank Ltd on 27-03-2026. or any subsequent date/s at the branches shown below as the concerned borrowers failed to redeem the pledged items /regularise the loan account/s. Respective branches may be contacted for further information.

| Account Number | Branch Name |
| --- | --- |
| 18796800040993 | MANINAGAR - AHMEDABAD |

Place: Ahmedabad
Date: 19-03-2026

Sd/-
Authorised Officer
For, The Federal Bank Ltd




રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. મુખ્યત્વે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી, કચ્છ, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા છે. આ બદલાયેલા હવામાનને ધ્યાને રાખીને ખેડૂતોના તૈયાર થયેલા અને ખેતરમાં ઉભેલા પાકને નુકસાનથી બચાવવા માટે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા અગાઉથી જ સાવચેતીના પગલાં સૂચવતી વિશેષ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના ખેડૂતોને કૃષિ પ્રગતિ એપ્લિકેશન અને સોશિયલ મીડિયાના માધ્યમથી સાવચેતી રાખવાની માહિતી આપવામાં આવી રહી છે. કૃષિ વિભાગે રાજ્યના ખેડૂતોને અનુરોધ કર્યો છે કે, હજુ પણ જે ખેડૂતોએ પોતાના પાક કે ઉપજને સુરક્ષિત રાખવા માટેના સાવચેતીના પગલાં નથી લીધા, તે સત્વરે આ માર્ગદર્શિકાને ધ્યાને લઈને પોતાના પાકને સુરક્ષિત રાખવા માટેની તકેદારી રાખે, જેથી તેમના મહામૂલા પાકને નુકસાનથી બચાવી શકાય.

* કાપણી કરેલ પાક ખેતરમાં ખુલ્લો હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવો અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવો.પાકના ઢગલાની ફરતે માટીનો પાળો બનાવવો જેથી વરસાદનું પાણી નીચેથી અંદર ન ઘૂસે. પાકેલા પાકની સત્વરે લણણી કરી તેને સુરક્ષિત ખસેડવાની કામગીરી કરવી. ઉભા પાકમાં પાણી ભરાઈ ન રહે તે માટે ખેતરમાં પાણીના નિકાલની વ્યવસ્થા અગાઉથી કરી લેવી. વરસાદી વાતાવરણ દરમિયાન પાકને પિયત આપવાનું અથવા જંતુનાશક દવા છાંટવાનું કામ મુલતવી રાખવું. જીરું, ઈસબગુલ અને વરિયાળી જેવા ભેજથી જલ્દી બગડતા પાકોને પ્રાથમિકતા આપી સલામત સ્થળે ખસેડવા. APMCમાં ખેડૂતો અને વેપારીઓએ અનાજ અને ખેતપેદાશોને શેડ નીચે અથવા સુરક્ષિત રીતે ઢાંકીને રાખવા. શક્ય હોય તો આ દિવસો દરમિયાન વેચાણ અર્થે ખેત પેદાશો APMC માર્કેટમાં લાવવાનું ટાળવું. ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહીં તે રીતે સુરક્ષિત સ્થળે રાખવો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# નર્મદે હરના જય ઘોષ સાથે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો ભવ્ય પ્રારંભ

# ચૈત્ર નવરાત્રિના પ્રથમ દિવસથી જ શ્રદ્ધાળુઓ ઉમટ્યા





## આજથી શરૂ થયેલી આ ૧૪ કિ.મી.ની ઉત્તરવાહિની પરિક્રમાનું ભાવિકોમાં અનેરૂં મહાત્મ્ય








**ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓની પ્રસંશા કરતા શ્રદ્ધાળુઓ, પરિક્રમાર્થીઓની સુરક્ષા, સુવિધા અને સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને રાખીને વહીવટી તંત્ર દ્વારા સમગ્રતયા સુચારૂ વ્યવસ્થાઓ ઉભી કરાઇ**

(એજન્સી) રાજપીપલા | તા.19

પુણ્ય સલિલા માં નર્મદાના પાવન તટ પર નર્મદા જિલ્લામાં ચૈત્ર માસમાં થતી ઉત્તરવાહિની પરિક્રમાને લઈને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુંદર વ્યવસ્થાઓ પરિક્રમાર્થીઓ માટે ગોઠવવામાં આવી છે. ત્યારે આજે ૧૯મી માર્ચે સાધુ સંતો-ભાવિકો-પરિક્રમાર્થીઓએ પ્રાત:કાળે માં રેવાના દર્શન અને પુષ્પાર્પણ કરી નર્મદે હરના જય ઘોષ સાથે આ પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. વૃધ્ધો, બાળકો, મહિલાઓ સહિત શ્રદ્ધાળુઓ પદયાત્રા કરીને અલૌકિક આધ્યાત્મિક યાત્રાનો અનુભવ કર્યો હતો. ચૈત્ર નવરાત્રિના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં પરિક્રમાર્થીઓ ઉમટી પડ્યાં હતાં.નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પરિક્રમાર્થીઓ માટે નદી કિનારે ગોઠવવામાં આવેલી વ્યવસ્થાઓની નોંધ ભાવિકો પણ લઈ રહ્યા છે. શ્રદ્ધાળુઓને ક્યાંય મુશ્કેલી ન પડે તે માટે સમગ્રતયા ગોઠવવામાં આવેલી વ્યવસ્થાની પ્રશંસા કરી હતી. નોંધનીય છે કે, દર વર્ષે ભાવિકભક્તોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા, સુવિધા અને સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને રાખીને વ્યવસ્થાઓ વધુ સુંદર બનાવી છે. પરિક્રમાર્થીઓની તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.સુરતથી આવેલા હેમાલીબેન જરીવાલાએ જણાવ્યું કે, હું છેલ્લા ચાર વર્ષથી માં નર્મદાની ઉત્તરવાહિની પરિક્રમા અર્થે આવું છું. મારા અનુભવો જાણીને મારી બહેનો સાથે જોડાઈ, ધીમે ધીમે પરિવાર અને સોસાયટી સહિત અન્ય લોકો જોડાતા ગયા અને આજે અમે આખી બસ લઈને આવ્યા છીએ. ચૈત્ર નવરાત્રિના પ્રારંભે પ્રથમ દિવસે પરિક્રમા કરી માં નર્મદાના તટ પર ગરબા કરવાનો અવસર પ્રાપ્ત થયો તેની પાછળનું એકમાત્ર કારણ ગુજરાત સરકાર અને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે સુવિધાઓ પરિક્રાર્થીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે તે ખૂબ જ સારી છે. મહારાષ્ટ્રના અમરાવતીથી નાના બાળકોને સાથે લઈને પરિક્રમા અર્થે આવેલા વિદ્યા મૂળેએ જણાવ્યું કે, અમે પ્રથમ વખત આ પરિક્રમા કરવા માટે આવ્યા છીએ. મારા માતા-પિતા મારફત આ પરિક્રમાનો મહિમા સાંભળ્યો હતો. ઈન્ટરનેટના માધ્યમથી પણ આ પરિક્રમાની જાણકારી મેળવી હતી. અહીં આવ્યા પછી અમને લાગ્યું કે, શ્રદ્ધાળુઓ માટેની જે સુવિધા તંત્ર દ્વારા ઊભી કરવામાં આવી છે તે ખૂબ જ સરાહનીય છે. પરિક્રામાર્થીઓની તમામ પ્રકારની કાળજી અહીં તંત્ર દ્વારા લેવામાં આવે છે. અમે પરિવાર-બાળકો સાથે આવ્યા છીએ ત્યારે નદી પાર કરવા માટે બોટની જે સુવિધા છે તે ખૂબ જ સારી લાગી, બાળકોને તેમાં ખૂબ આનંદ આવ્યો. શહેરાવ- તિલકવાડા ઘાટ પર કામ ચલાઉ બ્રિજ અને રેંગણ-રામપુરા ઘાટ વચ્ચે અત્યાધૂનિક સુવિધાથી સજ્જ બોટની વ્યવસ્થા કરવામાં આવી છે, તેમજ આકસ્મિક ઘટના નિવારવા માટે સ્પીડ બોટ્સ પણ ઉપલબ્ધ કરાવાઈ છે. વધુમાં શરૂઆતથી અંત સુધી આ પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચારેય ઘાટ પર પોલીસ અધિકારીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ સતત ફરજ બજાવી રહ્યા છે.

## વડોદરામાં બાકી મિલકત વેરો ભરપાઈ કરવાનો સમય અને વળતર યોજનાનો લાભ તા.31 માર્ચ સુધી




(એજન્સી) વડોદરા | તા.19

વડોદરા કોર્પોરેશનના મિલકત વેરામાં બાકી પડતા નાણા અંગે તંત્ર દ્વારા પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના આગામી તા. 31 માર્ચ સુધી ચાલુ રહેશે. વ્યાજ માફી યોજના નું વધુમાં વધુ બાકીદાર લોકોને લાભ મળે તે હેતુથી નિયત તારીખ સુધી રવિવારના દિવસે પણ નાણા સવારે 9:30થી 2:00 વાગ્યા સુધી અને અન્ય રજાના દિવસો તથા કચેરીના કામકાજના દિવસોમાં વોર્ડ કચેરીમાં નાણા સ્વીકારવાનો સમય સવારે 9:30થી સાંજે 4:00 વાગ્યા સુધીનો હતો. તેમાં વધારો કરીને સાંજે 5:00 રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત 1, માર્ચના જાહેર રજા નિમિત્તે રાત્રે 9:30 કરાયો છે. 31, માર્ચ-26 સુધી 2003-04 પહેલાના ભાડા આકારણી પદ્ધતિમાં રહેણાંક અને બિન રહેણાંક મિલકતો માટે 100 ટકા વ્યાજ પર રિબેટ. તથા 2003-04થી 2004-05 સુધી ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિમાં રહેણાંક મિલકતોમાં 80 ટકા અને બિન રહેણાંક મિલકતો માટે 60 ટકા પાછલા વર્ષના બાકી વ્યાજ પર રિબેટ. તેવી જ રીતે વોરંટ ફી, પેનલ્ટીમાં 100 ટકા રાહત. ઉપરાંત વ્યાજ માફી યોજનાની છેલ્લી તા.31, માર્ચ-2026 અમલમાં રહેશે. આ ઉપરાંત બાકી મિલકત વેરો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન પર પણ ભરી શકાશે. તેમજ જરૂર જણાય એ સંબંધીત વોર્ડ કચેરીના રેવન્યુ વિભાગમાં કામકાજના સમયગાળા દરમિયાન સંપર્ક કરી શકાશે. આ યોજનાનો મહત્તમ લાભ લેવા કરદાતાઓને ડેપ્યુટી કમિશનર સુરેશ તુવેર દ્વારા અપીલ કરાઈ છે.

## શહેરાના બાહિ ગામ પાસે કુણ નદીમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો



(એજન્સી) પંચમહાલ | તા.19

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બાહિ ગામ પાસે પસાર થતી કુણ નદીમાંથી આજે એક યુવાનનો મૃતદેહ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં મૃતક બાહિ ગામનો જ હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી અનુસાર, શહેરાના બાહિ ગામ નજીકથી વહેતી કુણ નદીમાં આજે ગ્રામજનોએ એક યુવાનનો મૃતદેહ તરતો જોયો હતો. આ ઘટનાની જાણ વાયુવેગે ગામમાં ફેલાઈ ગઈ હતી અને લોકોના ટોળેટોળા નદી કિનારે ઉમટી પડ્યા હતા. ગામના આગેવાનોએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક આ અંગે શહેરા પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ શહેરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિક તરવૈયાઓ અને ગ્રામજનોની મદદથી મૃતદેહને નદીની બહાર કાઢ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક આશરે 40 વર્ષની વયનો યુવાન છે અને તે સ્થાનિક ગામનો જ વતની છે. પોલીસે હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે શહેરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

## બિચ્છુગેંગના અસલમ બોડીયાના જામીન સુપ્રીમ કોર્ટ દ્વારા નામંજૂર



(એજન્સી) વડોદરા | તા.19

વડોદરા શહેરમાં આતંક ફેલાવનાર બિચ્છુ ગેંગના મુખ્ય સુત્રધાર અસલમ ઉર્ફે બોડીયો હૈદરમીયા શેખને સુપ્રીમ કોર્ટમાંથી મોટો ઝટકો મળ્યો છે. ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં તેની જામીન અરજી સુપ્રીમ કોર્ટે નામંજૂર કરી દીધી છે. માહિતી મુજબ, નવાપુરા મહેબુબપુરા વિસ્તારમાં રહેતો અસલમ બોડીયો પોતાના સાગરીતો સાથે મળી બિચ્છુ ગેંગ ચલાવતો હતો અને શહેરમાં સંગઠિત ગુનાઓ આચરતો હતો. ગેંગ દ્વારા મિલકતો બળજબરીથી કબજે કરવી, ખંડણી વસૂલવી, તેમજ હત્યા, લૂંટ, અપહરણ અને છેતરપીંડી જેવા ગંભીર ગુનાઓ આચરી શહેરમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો. વર્ષ 2021માં વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી અસલમ બોડીયાની ધરપકડ કરી હતી. શરૂઆતમાં તેને વડોદરા જેલમાં રાખવામાં આવ્યો હતો, પરંતુ જેલમાંથી પણ તે ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખતો હોવાની માહિતી સામે આવતા તેને ભુજ અને બાદમાં રાજકોટ જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અગાઉ અસલમે સ્પેશિયલ ગુજસીટોક કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી, પરંતુ બંને કોર્ટોએ તેની ગંભીર ગુનાહિત ભૂતકાળને ધ્યાનમાં રાખી અરજી નામંજૂર કરી દીધી હતી. ત્યારબાદ તેણે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો, જ્યાં પણ પોલીસ દ્વારા રજૂ કરાયેલા મજબૂત પુરાવા અને દલીલોના આધારે 18 માર્ચ 2026ના રોજ તેની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી.

## નલિયામાં બાળકો ઉઠાવતી ગેંગ સક્રિય

### સ્થાનિક લોકોએ એક મહિલાને ઝડપી પાડી

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના નલિયામાં આજે 'બાળક ઉઠાવતી ગેંગ' સક્રિય થઇ હોવાની આશંકાએ ભારે ઉત્તેજના જગાવી છે




(એજન્સી) કચ્છ | તા.19

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના નલિયામાં આજે 'બાળક ઉઠાવતી ગેંગ' સક્રિય થઈ હોવાની આશંકાએ ભારે ઉત્તેજના જગાવી છે. નલિયા ગ્રામ પંચાયત વિસ્તારમાં એક અજાણી મહિલા શંકાસ્પદ રીતે ફરતી હોવાનું સ્થાનિકોના ધ્યાને આવતા, લોકોએ તેને ઘેરી લીધી હતી અને પ્રાથમિક પૂછપરછ બાદ પોલીસને હવાલે કરી હતી.

### સ્થાનિકોમાં ભારે ફફડાટ

આજે નલિયાના રહેણાંક વિસ્તારમાં એક અજાણી મહિલાને શંકાસ્પદ હિલચાલ કરતા જોઈ સ્થાનિક રહીશો સતર્ક થઈ ગયા હતા. લોકોએ એકઠા થઈ આ મહિલાને ઝડપી પાડી હતી. આ ઘટનાને પગલે નલિયા પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને

### પોલીસ તપાસ તેજ

ઘટનાની જાણ થતા જ નલિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અજાણી મહિલાની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશન ખસેડી છે. પ્રાથમિક તપાસમાં મહિલા કોણ છે, ક્યાંથી આવી છે અને તેનો હેતુ શું હતો તે અંગે પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## જામ ખંભાળિયાના ભાતેલ ગામે ખેતરમાં લાગી આગ

(એજન્સી) જામ ખંભાળિયા | તા.19

જામ ખંભાળિયાના ભાતેલ ગામે ખુલ્લા ખેતરમાં ભીષણ આગ લાગતા પશુઓનો ચારો અને ટ્રેક્ટરના ટાયર બળીને ખાખ થયા છે. ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામે આજે એક ખેતરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી જવા પામી હતી. ખુલ્લા ખેતરમાં લાગેલી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા મોટાપાયે નુકસાન થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. આગ એટલી પ્રચંડ હતી કે ખેતરમાં સંગ્રહિત કરવામાં આવેલો ઘાસચારો બળીને સંપૂર્ણપણે રાખ થઈ ગયો હતો. આ ઉપરાંત, આગની લપેટમાં નજીકમાં પડેલા એક ટ્રેક્ટરના ટાયરો પણ આવી ગયા હતા, જેના કારણે વાહનને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઘટનાને પગલે ગરીબ ખેડૂત પરિવાર પર આર્થિક સંકટ આવી પડ્યું છે અને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ઘટનાની જાણ થતા જ જામ ખંભાળિયા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે આસપાસના અન્ય ખેતરોમાં આગ ફેલાતી અટકી હતી. જોકે, આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. હાલમાં સ્થાનિક તંત્ર દ્વારા આગના કારણો અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

## ઉત્તમ ડેરી વિવાદ: રસ્તા પર દૂધની નદીઓ વહાવી વિધાનસભા તરફ કૂચ

(એજન્સી) ગાંધીનગર | તા.19

ઉત્તમ ડેરી અને પશુપાલકો વચ્ચેનો વિવાદ હવે આક્રામક બનીને રોડ પર આવી ગયો છે. પૂરતા ભાવ ન મળવા અને મધુર ડેરીમાં દૂધ સ્વીકારવા પર પ્રતિબંધ લાદવામાં આવતા હજારો પશુપાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ આંદોલનના પહેલા જ દિવસે ઉગ્ર દ્રશ્યો જોવા મળ્યા હતા. જેમાં પશુપાલકોએ ડેરીના ચેરમેન અને સરકાર વિરુદ્ધ મોરચો માંડ્યો છે. આ વિવાદને કારણે 91 દૂધ મંડળીઓના અંદાજે 15 હજાર પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી પશુપાલકોનું 2 લાખ લીટર દૂધ ડેરી દ્વારા સ્વીકારવામાં ન આવતા તે વેડફાઈ રહ્યું છે. પશુપાલકોનો ગંભીર આક્ષેપ છે કે, ઉત્તમ ડેરીના ચેરમેન મોહન ભરવાડ સામે સરકાર કેમ ઝૂકી રહી છે? સરકારની આ નરમાશ સામે પશુપાલકોએ આરપારની લડાઈ શરૂ કરી છે. આંદોલનકારી પશુપાલકો જ્યારે ઉત્તમ ડેરીના ચિલિંગ સેન્ટરને તાળાબંધી કરવા પહોંચ્યા, ત્યારે ત્યાં અગાઉથી રહેલા બાઉન્સરોને જોઈને મામલો બિચક્યો હતો. ગુસ્સે ભરાયેલા પશુપાલકોએ ચિલિંગ સેન્ટરના દરવાજે જ કેન ઠાલવીને દૂધની નદીઓ વહાવી દીધી હતી. આટલું જ નહીં, પશુપાલકો મોટી સંખ્યામાં ટ્રેક્ટરો લઈને નેહરુ ચોકડીથી સીધા વિધાનસભા તરફ કૂચ કરવા નીકળ્યા હતા. શહેરી વિસ્તારોની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિરોધનો વંટોળ જોવા મળ્યો છે. અનેક ગામડાઓમાં પશુપાલકોએ ઉત્તમ ડેરીના ચેરમેન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને વિરોધ પ્રદર્શનના ભાગરૂપે પૂતળા દહન તેમજ પ્રતીકાત્મક નનામી કાઢી હતી. પશુપાલકોની માગ છે કે, તેમને દૂધના યોગ્ય ભાવ મળે અને દૂધ સ્વીકારવાની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવામાં આવે.

## વડોદરાના તુલસીવાડીમાં નજીવી બાબતે યુવક પર તિક્ષ્ણ હથિયારથી હુમલો

વડોદરા : વડોદરા શહેરના તુલસીવાડી અંબેનગર 1 વિસ્તારમાં નજીવી બાબતે થયેલી તકરાર ગંભીર બનાવમાં પરિવર્તિત થઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ ચાર યુવાનોએ મળીને એક યુવક પર તિક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.ઘટનાને વધુ નાટ્યાત્મક વળાંક ત્યારે મળ્યો હતો જ્યારે હુમલો કરનાર પૈકીનો એક યુવક પોતે પણ સારવાર લેવા બહાને એસએસજી હોસ્પિટલ પહોંચ્યો હતો.

## જામનગર દરિયાકાંઠે હાઈ એલર્ટ

### મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે મરીન ટાસ્ક ફોર્સનું સઘન કોસ્ટલ પેટ્રોલિંગ

(એજન્સી) જામનગર | તા.19

વૈશ્વિક સ્તરે ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવને ધ્યાનમાં રાખીને ભારતની દરિયાઈ સીમાઓ પર તકેદારી વધારી દેવામાં આવી છે. જામનગર જિલ્લાના સંવેદનશીલ દરિયાકાંઠા પર કોઈ પણ પ્રકારની અપ્રિય ઘટના કે ઘૂસણખોરીને રોકવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા 'સઘન કોસ્ટલ પેટ્રોલિંગ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.



**નાગરિકોને અપીલ**

મરીન ટાસ્ક ફોર્સના આ પગલાથી જામનગરનો દરિયાકાંઠો અભેદ્ય બન્યો છે. પોલીસ તંત્ર દ્વારા દરિયાકાંઠાના રહીશો અને માછીમારોને અપીલ કરવામાં આવી છે કે, જો દરિયાઈ વિસ્તારમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે અજાણી વ્યક્તિ જણાય તો વિલંબ કર્યા વગર તાત્કાલિક સ્થાનિક પોલીસનો સંપર્ક કરવો. વૈશ્વિક યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે જામનગર મરીન ટાસ્ક ફોર્સની આ સજ્જતા દેશની આંતરિક સુરક્ષા માટે અત્યંત મહત્ત્વની માનવામાં આવે છે.

**ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સુરક્ષા કવચ :** મળતી માહિતી અનુસાર, એ.ટી.એસ. (ATS) અને કોસ્ટલ સિક્યુરિટીના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ આ ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. યાદવ અને મરીન કમાન્ડોની ટીમે જિલ્લાના વિવિધ લેન્ડિંગ પોઈન્ટ્સ પર ફૂટ પેટ્રોલિંગ કરી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

**કયા વિસ્તારોમાં તપાસ હાથ ધરાઈ? :** મરીન કમાન્ડો દ્વારા જામનગરના દરિયાઈ પટ્ટી પર આવેલા અત્યંત સંવેદનશીલ ગણાતા સરમતની નાળ અને રસૂલનગર વિસ્તાર, સિક્કા સોલ્ટ ગેટ અને ડી.સી.સી. જેટી વિસ્તારમાં ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન મરીન ટાસ્ક ફોર્સે માત્ર વોચ જ નથી રાખી, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર નક્કર કામગીરી કરી છે. દરિયાકાંઠાના તમામ લેન્ડિંગ પોઈન્ટ અને ફિશિંગ સેન્ટરોનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું. શંકાસ્પદ જણાતી બોટ અને વ્યક્તિઓની અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.

**વૃષભ : બ. વ. ઉ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક : ડ. હ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો.

**સિંહ : મ. ટ.**

તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**તુલા : ર. ત.**

તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**મકર : ખ. જ.**

તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ.

**કુંભ : ગ. સ. શ. ષ.**

બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે- આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે.

### ખેડા એલસીબીની બાતમી આધારે કાર્યવાહી

# નેનપુર ફાટક પાસેથી 100 કિલો ગૌમાંસ સાથે એક શખ્સ ઝડપાયો

(એજન્સી) નડિયાદ | તા.19

ખેડા એલસીબી મહેમદાવાદ તાલુકાના નેનપુર ફાટક પાસે વોચ ગોઠવી કારમાં ગૌમાંસની હેરાફેરી કરતા અમદાવાદના એક શખ્સને ઝડપી પાડયો છે. પોલીસે કારમાંથી ૧૦૦ કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કરી કુલ ૩,૨૨,૮૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો છે. આ મામલે મહેમદાવાદ પોલીસ મથકે ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ખેડા એલસીબીની ટીમ મહેમદાવાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ખાત્રજ ચોકડી પાસે બાતમી મળી હતી કે, એક કારમાં ગૌમાંસ ભરીને કઠલાલના ખોખરવાડા તરફથી નેનપુર અને મલાતજ થઈને અમદાવાદ તરફ જનાર છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે નેનપુર રેલવે ફાટક પાસે વ્યૂહાત્મક વોચ ગોઠવી હતી. બાતમી મુજબની કાર ત્યાંથી પસાર થતા પોલીસે તેને આંતરીને રોડની સાઈડમાં



ઉભી રખાવી હતી. કાર ચાલકની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ મોહમ્મદવસીમ મોહમદયાકુબ શેખ અને તે અમદાવાદના વિશાલા વિસ્તારનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારની તલાશી લેતા પાછળની ડેકીમાંથી પ્લાસ્ટિકના ૪ કોથળા મળી આવ્યા હતા. આ કોથળાઓની તપાસ કરતા તેમાં માંસનો જથ્થો ભરેલો હોવાનું જણાયું હતું. પોલીસે વેટરનરી ડોક્ટરને સ્થળ પર બોલાવી પ્રાથમિક તપાસ કરાવતા આ જથ્થો ગૌમાંસ હોવાનું ફલિત થયું હતું. કુલ ૧૦૦ કિલો ગૌમાંસ મળી આવતા પોલીસે આરોપીની અટકાયત કરી હતી. ઝડપાયેલા આરોપી પાસેથી ૧૭,૦૦૦ રૂપિયાની કિંમતનું ગૌમાંસ, ૩,૦૦,૦૦૦ની કાર, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ ૩,૨૨,૮૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.આ બનાવ સંદર્ભે એલસીબી પોલીસે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી મોહમ્મદ વસીમ શેખ વિરુદ્ધ ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૭ અને પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. ગૌમાંસનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને અમદાવાદમાં કોને પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલા શખ્સની વધુ પૂછપરછમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય શખ્સોના નામ બહાર આવવાની શક્યતા છે.

### 5 મહિલા સહિત 22 લોકો સામે ફરિયાદ

## તિલકનગર વિસ્તારમાં બે જૂથ વચ્ચે ધીંગાણું ખેલાયું, રીક્ષાની તોડફોડ

(એજન્સી) ભાવનગર | તા.19

ભાવનગર શહેરના તિલકનગર વિસ્તાર ખાતે આવેલ સ્મશાન નજીક છોકરાઓ ક્રિકેટ રમતા હતા તે દરમિયાન દડો ઘરમાં જવાના મામલે બે જૂથ વચ્ચે વૈમનસ્ય સર્જાયું હતું અને બંને જૂથ આમને સામને આવી જઈ મારા મારી કરી પથ્થરમારો કર્યો હતો. તિલકનગર વિસ્તારના સ્મશાન રોડ પર રહેતા કોમલબેન રાજેશભાઈ મકવાણાના પરિવારના નાના છોકરા રોડ પર ક્રિકેટ રમતા હોય તે દરમ્યાન ક્રીકેટનો દડો જ્યોતીબેનના ઘર તરફ જતા તેઓ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલા અને સમાજના માણસોને મારી નાખવવાના ઈરાદે ભેગા મળી પથ્થરો તેમજ સિમેન્ટના બ્લોકના ટુકડાઓ ના ઘા કરી જીવલેણ હુમલો કરી કોમલબેન તથા કૃપાબેન તથા નંદનીને ઈજાઓ કરી તેમજ સંતોષભાઈ મકવાણાના મકાનને તથા રીક્ષાની ધોકા ફટકારી નુકશાન કર્યું હતું. જ્યારે તિલકનગર વિસ્તારના સ્મશાન રોડ પર રહેતા પ્રિયંકાબેન જયદીપભાઈ રાઠોડના ઘરની સામે સુમીત તથા રોહીત ક્રિકેટ રમતા હતા તેઓનો દડો પ્રિયંકાબેનના દિકરાને લાગતા પ્રિયંકાબેનએ આ ઠપકો આપવા જતા એક સંપ કરી ગાળો આપી ઢીકાપાટુ અને લાકડાનો ધોકા અને પથ્થર મારો કરી પ્રિયંકાબેન અને તેના પતિ જયદીપભાઈ તથા જેઠને ઈજા કરી અહીં રહેવા દેવાના નથી તેવુ બોલી પતાવી દેવાની ધમકી આપી આપી હતી. આ બનાવ સંદર્ભે બન્ને પક્ષે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

### અકસ્માતનો સિલસિલો યથાવત્

## ઘોડાસર ચાર રસ્તા પર કાર અથડાતા રિક્ષા પલટી : 1 નું મોત, 6 ને ઈજા

નડિયાદ : બહિયલનો સોલંકી પરિવાર પોતાના ભાણાની ખબર કાઢવા હીરા ચં ની મુવાડી રિક્ષામાં જઈ રહ્યો હતો. ત્યારે ઘોડાસર કેનાલ નજીક ચાર રસ્તા પર ફોરવીલ ગાડી અથડાતા રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત સર્જાતા રિક્ષા ચાલક સહિત છને ઈજા થઈ હતી, જ્યારે ૧૮ વર્ષની ૧કરીનું ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મહેમ ાવા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. તેઓ હલધરવાસ ચોકડી થઈ ઘોડાસર પસાર કરતા હતા તે વખતે રાતના આશરે દસેક વાગ્યાના સુમારે થોડાસર કેનાલ નજીક ચાર રસ્તા રોડ ઉપર જતા હતા આ દરમિયાન સામેથી એક ફોરવીલ ગાડીના ચાલકે તેની ગાડી રિક્ષાના આગળના ભાગે અથડાવતા રિક્ષા પલટી મારી હતી. જેથી આ રિક્ષા ચાલક રોહિતભાઈ, પિતા અરજણભાઈ, માતા મંગુબેન, પત્ની મનિશાબેન તેમજ માસા શનાભાઈ ગોવિંદભાઈ, માસી સંતોકબેનને તેમજ કાકાની દિકરી નિકીતાબેન સોલંકીને ગંભીર ઈજા થઈ હતી. મહેમદાવાદ પોલીસે ફોરવીલ ગાડીના ચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ફુલસરમાં પતિના ત્રાસથી કંટાળી પત્નીએ ફિનાઈલ ગટગટાવ્યુ

ભાવનગર : ફુલસરમાં પતિના ત્રાસથી કંટાળીને પત્નિએ ફિનાઈલ પી લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે બોરતળવા પોલીસ મથકમાં ફરિયાદ થઈ છે.ફુલસર વિસ્તારમાં આવેલ મહાદેવનગર ખાતે રહેતા અને સીટી બસમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા પૂજાબેન ભોળાભાઈ મકવાણાના ભાઈ કિરીટભાઈ દિનેશભાઈ સરવૈયા પાસે પતીએ ૧૫૦૦૦ આપેલ હોય, ભાઈ પાસે પૈસા ન હોય, જેથી પતી ભોળોએ ભાઈ જયદીપભાઈ સાથે પૈસા બાબતે માથાકૂટ કરી હતી. અને પતિ ભોળાએ ઘરે આવી પૂજાબેન જેમ તેમ બોલી શારીરિક અને માનસિક ત્રાસ આપતા આપવા લાગ્યો હતો.

### સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન

## નડિયાદમાં પગાર વધારા સહિતની માંગ સાથે આંગણવાડીની બહેનોના 3 દિવસથી ધરણાં

નડિયાદ : નડિયાદ ખાતે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના નેજા હેઠળ ૫૦૦થી વધુ આંગણવાડી કાર્યકર બહેનો છેલ્લા ત્રણ દિવસથી કામકાજ છોડીને ધરણાં પર ઉતરી છે. ખેડા જિલ્લા પંચાયત કચેરી ખાતે એકત્ર થયેલી આ બહેનોએ પોતાની પડતર માંગણીઓ અને પગાર વધારાના મુદ્દે સરકાર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદશત કર્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલી રજૂઆતો બાદ પણ કોઈ ઉકેલ ન આવતા બહેનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ આંદોલનનું મુખ્ય કારણ પગાર વધારો અને ગુજરાત હાઈકોર્ટના આદેશનો અમલ ન થવો તે હોવાનું જાણવા મળ્યું છે. આંગણવાડીની બહેનોનો આક્ષેપ છે કે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા પગાર વધારા અંગે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા હોવા છતાં સરકાર દ્વારા તેનો અમલ કરવામાં આવતો નથી. આ ઉપરાંત ઓનલાઈન કામગીરીનો ભાર સતત વધી રહ્યો છે, જેના કારણે કામગીરીમાં અનેક મુશ્કેલીઓ સર્જાઈ રહી છે.

### નડિયાદના નવા બિલોદરામાં નશાખોર પુત્રનો આતંક

## પિતા પર હુમલો કરી ભાઈના રૂમમાં આગ લગાવીને ઘરવખરી ફૂંકી મારી

નડિયાદ : નડિયાદ મહાનગરપાલિકાના નવા બિલોદરા વિસ્તારમાં નશાની લતે ચઢેલા પુત્રએ નિવૃત્ત પિતા અને માતા સાથે ઝઘડો કરી હુમલો કર્યો હતો. ઉશ્કેરાયેલા પુત્રએ મોટા ભાઈના રૂમમાં આગ ચાંપતા ટીવી અને કબાટ સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. નડિયાદ રૂરલ પોલીસે પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી પુત્રની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા નવા બિલોદરાના કર્મવીર નગર ૫-માં રહેતા પ્રદીપકુમાર મનુભાઈ ભટ્ટ અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાં જુનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયા છે. તેઓ પત્ની ભાવનાબેન અને બે પુત્રો સુનીલ અને ધામક સાથે રહે છે. મોટો પુત્ર સુનીલ અમદાવાદમાં ખાનગી નોકરી કરે છે, જ્યારે નાનો પુત્ર ધામક બેરોજગાર છે. ધામક અવારનવાર નશાની હાલતમાં ઘરના સભ્યો સાથે ઝઘડો કરી ત્રાસ ગુજારતો હોવાની વિગતો બહાર આવી છે. ગત ૧૭ માર્ચના રોજ રાત્રિના સમયે ધામક નશો કરીને ઘરે આવ્યો હતો અને પરિવાર સાથે ગાળાગાળી કરવા લાગ્યો હતો. આ દરમિયાન પિતાએ તેને ગાળો બોલવાની મનાઈ કરતા ધામક ઉશ્કેરાઈ ગયો હતો અને પિતાનું ગળું પકડી તેમને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા માતા



ભાવનાબેન પર પણ તેણે હુમલો કર્યો હતો. ત્યારબાદ ધામકે તેના મોટા ભાઈ સુનીલના રૂમમાં જઈ અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. પરિવારે દરવાજો ખોલવા વિનંતી કરી છતાં તેણે અંદરથી વજનદાર વસ્તુ પછાડીને દરવાજો તોડી નાખ્યો હતો અને બિભત્સ ચેનચાળા કરવા લાગ્યો હતો. આવેશમાં આવી જઈને ધામકે માચીસ વડે રૂમમાં પડેલા પૂંઠાના બોક્સમાં આગ ચાંપી દીધી હતી. રૂમમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ પરિવારે બૂમાબૂમ કરી હતી, પરંતુ ધામકે જાનથી મારી નાખવાની ધમકી આપી અંદરનો સામાન સળગાવવાનું ચાલુ રાખ્યું હતું. આખરે પરિવારે ૧૧૨ હેલ્પલાઈન પર જાણ કરતા નડિયાદ રૂરલ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ધામકને રૂમમાંથી બહાર કાઢી અટકાયત કરી હતી. આ આગમાં સુનીલ અને તેની પત્નીના કપડાં, ટીવી, પંખો અને લાકડાનો કબાટ બળી જતાં અંદાજે ૭૦,૦૦૦થી ૭૫,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. પોલીસે પિતાની ફરિયાદના આધારે ધામક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### દારૂની 36 મોંઘી બોટલ સહિત 1.50 લાખની મુદ્દામાલ જપ્ત

## નડિયાદ એસ.ટી. ડેપો પાસેની હોટલમાંથી વિદેશી દારૂ સાથે પોરબંદરના બે ઝડપાયા

(એજન્સી) નડિયાદ | તા.19

નડિયાદ શહેરના એસ.ટી. ડેપો પાસે આવેલી હોટલ 'બ્લ્યુરૂમ'માં એસ.ઓ.જી.એ દરોડો પાડી પોરબંદરના બે શખ્સોને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડયા છે. પોલીસની તપાસમાં અલગ અલગ મોંઘી બ્રાન્ડની દારૂની કુલ ૩૬ બોટલો મળી આવી છે, જેની કિંમત ૧.૩૪ લાખથી વધુ થાય છે. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કુલ ૧.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લામાં રાત્રિ પેટ્રોલિંગ અને હોટલો તેમજ મુસાફરખાનાઓ ચેક કરવા મળેલી સૂચનાના પગલે એસ.ઓ.જી. શાખા દ્વારા નડિયાદ શહેરમાં સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન પોલીસની ટીમને બાતમી મળી હતી કે, શહેરની કેટલીક હોટલોમાં શંકાસ્પદ ગતિવિધિઓ ચાલી રહી છે. જેના આધારે એસ.ટી. ડેપો પાસે આવેલી હોટલ 'બ્લ્યુરૂમ'માં તપાસ હાથ ધરતા ત્યાં



રોકાયેલા બે શખ્સોની વર્તણૂક શંકાસ્પદ જણાઈ હતી. પોલીસે હોટલના રૂમની તલાશી લેતા ત્યાંથી પોરબંદરના બે રહેવાસીઓ મળી આવ્યા હતા અને તેમના સામાનમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતા તેઓ પ્રકાશ માવજીભાઈ પાંજરી (રહે. પંચાયત ચોક, છાયા, પોરબંદર) અને વિશાલ દિનેશભાઈ સેરાજી (રહે. ખારવાવાડ, પોરબંદર) હોવાનું ખુલ્યું હતું. પોલીસે તેમના કબજામાંથી પ્રીમિયમ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો જપ્ત કરી હતી. જેમાં એબ્સોલ્યુટ રાસ્પબેરી વોડકાની ૧૦ બોટલ જેની કિંમત ૩૦,૯૦૦ રૂપિયા, ડ્યુઅર્સ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કીની ૬ બોટલ જેની કિંમત ૧૮,૯૦૦ રૂપિયા, બેલેન્ટાઈન ફાઈનેસ્ટ બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કીની ૧૨ બોટલ જેની કિંમત ૩૭,૦૮૦ રૂપિયા અને જેમેસન ટ્રિપલ ડિસ્ટિલ્ડ આઈરીશ વ્હિસ્કીની ૮ બોટલ જેની કિંમત ૪૭,૨૦૦ રૂપિયા અંકાય છે. આમ કુલ ૩૬ નંગ બોટલો મળી આવી હતી.પોલીસે દારૂની બોટલો તેમજ અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ ૧,૫૦,૬૩૦ રૂપિયાનો મુદ્દામાલ હસ્તગત કર્યો છે. પોરબંદરથી નડિયાદમાં આટલી મોટી માત્રામાં મોંઘી બ્રાન્ડનો દારૂ લઈને આ શખ્સો કેમ આવ્યા હતા અને આ જથ્થો કોને પહોંચાડવાનો હતો તે દિશામાં એસ.ઓ.જી. પોલીસ દ્વારા ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં આ અંગે વિધિવત ગુનો રજીસ્ટર કરીને આરોપીઓની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## ચાંચ ગામના માતા-પિતા, પુત્રને 7 વર્ષ કેદની સજા

રાજુલા : રાજુલામાં વર્ષ ૨૦૨૦માં થયેલી મારામારીની ઘટનામાં ચાંચ ગામના માતા-પિતા અને પુત્રને સાત વર્ષ કેદની સજા, રોકડ રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. રાજુલાના ચાંચ ગામે રહેતા વિજયભાઈ અધોવજીભાઈ શિયાળ સને ૨૦૨૦માં બાઈક લઈને ઘરે જઈ રહ્યા હતા. ત્યારે મુકેશ શિયાળ, તેના માતા-પિતા રામુબેન અને શામજી ભીખાભાઈ શિયાળએ એક સંપ કરી ધોકા વડે માર મારી ફ્રેક્ટર સહિતની ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ રાજુલના એડી. ચીફ મેજિ.ની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દિવ્યેશભાઈ બી. ગાંધીની દલીલો, પુરાવાઓનું મુલ્યાંકન, પંચો-સાહેદોની જુબાની વગેરેને ધ્યાને લઈ કોર્ટે ત્રણેય આરોપીને સાત વર્ષની સજા, દરેક આરોપીને પાંચ-પાંચ હજારનો દંડ તેમજ દંડની રકમમાંથી ફરિયાદીને વળતર પેટે રૂા.૧૧,૦૦૦ ચૂકવવા હુકમ કર્યો છે.

### અમદાવાદ મહેસાણા પાટણ ખાતે બેંકની નવી શાખાઓ ખોલવા વિચારણા કરાઇ

## ચાણસ્મા ખાતે કોમર્સિયલ બેંકની સાધારણ સભા યોજાઈ

| નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ખાતે 19મી માર્ચના રોજ ભાનાણી સંસ્કાર ભવન ખાતે ચાણસ્મા કો.ઓ.બેંક લિ.ની બેંકના ચેરમેન ચંદ્રકાન્તભાઈ પટેલની અધ્યક્ષતામાં સમાન્ય સભા યોજાઈ હતી જેમાં બેંકના જનરલ મેનેજર અનિલભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત સૌ સભાસદો ને આવકારી બેંકના આર્થિક ક્ષેત્રે થયેલ વિકાશનો ચિતાર આપ્યો હતો તેમજ તાજેતરમાં થયેલ કોમસિયલ બેંકની ચૂંટણીની વિગતો આપી હતી જ્યારે બેંકના ચેરમેન. ચંદકાન્તભાઈ પટેલે તેમના ઉદબોધનમાં ચૂંટણીમાં સહકાર





આપવા બદલ આભાર માની ટૂંક સમયમાં અમદાવાદ પાટણ મહેસાણા ખાતે બેંકની શાખા કાર્યરત કરવા ખાસ વિચારણા કરાશે તેમ જણાવી બેંક દ્વારા સરળ રીતે લોન મળી રહે બેંકના ગ્રાહકોને રોકાણમાં સારુ વ્યાજ મળી રહે તેવી બેંકના ગ્રાહકલક્ષી કાર્યશૈલી પર પ્રકાશ પાડ્યો હતો આ પ્રસંગે બેંકના ચેરમેન ચંદ્રકાન્તભાઈ પટેલ સહિત બેંકના પદાધિકારીઓ સભાસદો ઉપસ્થિત રહ્યા હતા

### 20 લાખના કૌભાંડ મામલે

## ભાજપ નેતા સહિત 10 ડિરેક્ટરોને નોટિસ છતાં કોર્ટમાં ગેરહાજર, 8 એપ્રિલની મુદત

આણંદ : આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં આશરે રૂપિયા ૨૦ લાખના કૌભાંડમાં નવો વળાંક આવ્યો છે. આ કેસમાં ભાજપના નેતા અને હાલના એપીએમસી ચેરમેન અશોક મહિડા સહિત દસ ડિરેક્ટરો સામે બોર્ડ ઓફ નોમીનીઝમાં ફરિયાદ નોંધાતા કોર્ટ દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. તેમ છતાં, બુધવારે નક્કી થયેલી તારીખે આરોપીઓ કોર્ટમાં હાજર ન રહેતા કેસને આગામી ૮



એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. અલારસા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના તત્કાલીન ચેરમેન અશોક મહિડા અને અન્ય ડિરેક્ટરો પર આક્ષેપ છે કે, તેમણે ખોટા ઠરાવો પસાર કરીને મંડળીના નવા મકાનના નિર્માણ માટે કામ શરૂ કર્યા વિના જ કોન્ટ્રાક્ટરને ૨૦ લાખ રૂપિયાની ચૂકવણી કરી દીધી હતી. આ રીતે મંડળીના નાણાંનો દૂરુપયોગ કરીને કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલો બહાર આવતા મંડળીના ઈન્ટરનલ ઓડિટર બાબુભાઈ ચૌહાણ અને પ્રવિણસિંહ મહિડાએ મંડળીમાં હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ કોન્ટ્રાક્ટર પાસેથી ૮ લાખ રૂપિયાની વસૂલાત કરવામાં આવી હતી, પરંતુ હજુ પણ ૧૨ લાખ રૂપિયાની વસૂલાત બાકી હોવાનું જણાવાયું છે. આ બાકી રકમની વસૂલાત તથા જવાબદારી નિર્ધારિત કરવા માટે બોર્ડ ઓફ નોમીનીઝમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદને આધારે સંયુક્ત રજિસ્ટ્રાર અને બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટ દ્વારા અશોક મહિડા સહિત તમામ દસ ડિરેક્ટરોને કારણદર્શક નોટિસ ફટકારી ૧૮ માર્ચના રોજ કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો હતો. જોકે, નિર્ધારિત દિવસે કોઈપણ આરોપી હાજર ન રહેતા કોર્ટએ આ મામલે આગામી સુનાવણી માટે ૮ એપ્રિલની તારીખ નક્કી કરી છે.

### આજે ૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસ ....

# ચકલીઓના કિલકિલાટને જીવંત રાખતું કરુણાનું મહાઅભિયાન: 'વિહંગનો વિસામો'

ચકલીના ચી... ચી... અવાજ સાથે ગૂંથાયેલું માનવતાનું એક અનોખું અભિયાન એટલે 'વિહંગનો વિસામો'. વિશ્વ ચકલી દિવસ (20 માર્ચ) નિમિત્તે, અરવલ્લીની ગિરિમાળાઓમાં વસેલા બામણા ગામની ધરતી પરથી ઉઠેલો આ અવાજ આજે લાખો પક્ષીઓ માટે આશરો બન્યો છે. કવિશ્રી ઉમાશંકર જોષીની આ



જન્મભૂમિ પરથી શ્રીમતી ઈન્દુબેન એસ. પ્રજાપતિએ એક એવો સેવાયજ્ઞ આરંભ્યો છે, જે સાચા અર્થમાં 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના મંત્રને સાર્થક કરે છે. તેમની સંસ્થા 'શ્રવણ સુખધામ પંચવટી' દ્વારા ચાલતું આ અભિયાન માત્ર પર્યાવરણ જતન નથી, પણ સંવેદનાની પરાકાષ્ઠા છે. ઈન્દુબેનનું જીવન એટલે સેવાનું જીવંત ઉદાહરણ. સામાન્ય રીતે લોકો સલાહ આપવામાં માનતા હોય છે, પણ ઈન્દુબેન



સહકારમાં માને છે. 'ચાલશે, ફાવશે અને ભાવશે'ની મનોવૃત્તિ ધરાવતા આ મહિલાની જિજીવિષા એવી છે કે જ્યારે તેઓ પોતે હોસ્પિટલની પથારીમાં સારવાર હેઠળ હતા, ત્યારે પણ તેમનું મન પક્ષીઓના માળા અને કુંડામાં પરોવાયેલું હતું. હોસ્પિટલમાંથી જ તેમણે 'વિહંગનો વિસામો' અભિયાનને વેગવંતુ રાખ્યું, જે તેમની અડગ શ્રદ્ધા દર્શાવે છે.આજની સિમેન્ટ-કોંક્રિટની દુનિયામાં ચકલીઓને માળો બાંધવાની પણ જગ્યા મળતી નથી. આ સમસ્યાના ઉકેલ રૂપે 'શ્રવણ સુખધામ પંચવટી' દ્વારા માટીના વિશેષ માળા અને પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.આ માટીના માળા વૈજ્ઞાનિક રીતે પક્ષીઓ માટે અનુકૂળ છે. તે ઉનાળામાં શીતળતા, શિયાળામાં હૂંફ અને ચોમાસામાં સુરક્ષા પૂરી પાડે છે. ઈન્દુબેને અત્યાર સુધીમાં લાખોની સંખ્યામાં માળા અને કુંડાનું વિતરણ કરીને અબોલ જીવો પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે.શ્રવણ સુખધામ પંચવટી સંસ્થા દ્વારા માત્ર પક્ષીઓ જ નહીં, પણ આસપાસના શ્વાન અને કપિરાજ (વાનરો) માટે પણ લાડુ અને રોટલાની વ્યવસ્થા કરવામાં આવે છે.દર વર્ષે ૨૦ માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવાય છે, જેની શરૂઆત 'નેચર ફોરેવર સોસાયટી'ના મોહંમદ દિલાવર દ્વારા કરવામાં આવી હતી, તે આજે ગુજરાતના ખૂણે ખૂણે ઈન્દુબેન જેવા સેવાભાવીઓના પ્રતાપે લોક-ઉત્સવ બની ગયો છે. આ અભિયાનમાં ગુજરાતના નામાંકિત કલાકારો, લેખકો, ડોક્ટરો અને હાસ્ય કલાકારો પણ જોડાયા છે.

### ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટેનો ચુકાદો

## ગૌવંશની ક્રૂરતાપૂર્વક હેરફેર કરી કતલના ઈરાદે લઈ જનાર આરોપીને 7 વર્ષની કેદ

નડિયાદ : નડિયાદની ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટે ગૌવંશની ક્રૂરતાપૂર્વક હેરફેર કરવાના કેસમાં મહત્વનો ચુકાદો આપતા આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. અકલાચા ચોકડી પાસેથી પકડાયેલા આરોપી લક્ષ્મણભાઈ પુનમભાઈ દેવીપૂજકને કોર્ટે પશુ સંરક્ષણ ધારા હેઠળ દોષિત ઠેરવી એક લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે. આ સાથે જ ગુનામાં વપરાયેલું લોડિંગ વાહન પણ સરકાર હસ્તક જપ્ત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લાના અકલાચા ચોકડી પાસે ગૌવંશને ક્રૂરતાપૂર્વક બાંધીને કતલ કરવાના ઈરાદે હેરફેર કરવાના કેસમાં નડિયાદની ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. આ કેસની વિગતો મુજબ આરોપી લક્ષ્મણભાઈ પુનમભાઈ દેવીપૂજક પોતાના કબ્જાની લોડિંગ ટેમ્પીમાં કોઈપણ સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર એક આખલાને કતલ કરવાના ઈરાદે ભરીને જઈ રહ્યો હતો. તપાસ દરમિયાન માલુમ પડ્યું હતું કે, પશુને દયનીય હાલતમાં અત્યંત ટૂંકા દોરડા વડે બાંધીને ઘાસચારા કે પાણીની વ્યવસ્થા વગર ગેરકાયદેસર રીતે લઈ જવામાં આવી રહ્યો હતો. ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આરોપી મુદ્દામાલ સાથે સ્થળ પરથી પકડાઈ ગયો હતો. આ કેસ નડિયાદની ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. સુનાવણી દરમિયાન સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓ અને મૌખિક જુબાનીઓને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

### ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય તળિયે પહોંચતા હાહાકાર | ક્રૂડ ઓઈલના ભાવમાં તોતિંગ ઉછાળો આવતા આર્થિક સંકટ

# ભારતીય રૂપિયો ઐતિહાસિક સ્તરે ગગડ્યો ડૉલર સામે કિંમત નવ્વાણું

(એજન્સી) નવી દિલ્હી | તા.19

અખાતી દેશોમાં ફાટી નીકળેલા ભીષણ યુદ્ધની જ્વાળાઓ હવે ભારતના આર્થિક આંગણે પહોંચી ગઈ છે. મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના વણસતા જતા સબંધોને કારણે વૈશ્વિક એનર્જી માર્કેટ ડામાડોળ થઈ ગયું છે, જેની સીધી અને ગંભીર અસર ભારતીય ચલણ પર જોવા મળી રહી છે. આજે શેરબજાર ખુલતાની સાથે જ ભારતીય રૂપિયો અમેરિકી ડૉલર સામે અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી 93.13 ના સ્તરે પછડાયો છે. આ ઐતિહાસિક કડાકાને પગલે દેશના અર્થતંત્ર પર મોંઘવારીનો મોટો ખતરો મંડરાઈ રહ્યો છે, કારણ કે આયાત મોંઘી થતા સામાન્ય જનતાના ખિસ્સા પર સીધો બોજ વધવાની પૂરેપૂરી શક્યતા છે.



તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, ભારતીય રૂપિયાની હાલત અત્યંત નાજુક બની ગઈ છે. સોમવારે રૂપિયો 92.62 ની સપાટીએ બંધ રહ્યો હતો, પરંતુ આજે સવારથી જ તેમાં ગાબડું પડવાનું શરૂ થયું હતું. અંતે, ડૉલર સામે રૂપિયો 93.13 ની ઓલ-ટાઈમ લો સપાટીએ સ્પર્શી ગયો છે. વિદેશી હૂંડિયામણ બજારના નિષ્ણાતો માની રહ્યા છે કે જો યુદ્ધની સ્થિતિ કાબૂમાં નહીં આવે, તો રૂપિયો હજુ પણ વધુ નબળો પડી શકે છે. રૂપિયાના આ મૂલ્યહ્રાસ પાછળ મુખ્યત્વે ડૉલરની મજબૂતી અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થયેલો તોતિંગ વધારો જવાબદાર છે.

વૈશ્વિક બજારમાં તેલના પુરવઠામાં અવરોધ ઊભો થતા બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતમાં 4.76 ટકાનો ઉછાળો નોંધાયો છે. હાલમાં ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ 112 ડૉલરની સપાટી પર પહોંચી ગયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જ્યારથી ખાડી દેશોમાં સંઘર્ષ શરૂ થયો છે, ત્યારથી અત્યાર સુધીમાં તેલના ભાવમાં અંદાજે 40 ટકાનો જંગી વધારો ઝીંકાયો છે. ભારત પોતાની જરૂરિયાતનું 80 ટકાથી વધુ તેલ આયાત કરે છે, તેથી તેલના વધતા ભાવ સીધા રૂપિયાના અવમૂલ્યન તરફ દોરી જાય છે.

જ્યારે રૂપિયો નબળો પડે છે ત્યારે વિદેશથી મંગાવવામાં આવતી દરેક વસ્તુ મોંઘી થાય છે. ખાસ કરીને ખાદ્ય તેલ, ઈલેક્ટ્રોનિક્સ સામાન અને મશીનરીની કિંમતોમાં વધારો થશે. આ ઉપરાંત, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં જો મોટો ઉછાળો આવશે તો પરિવહન ખર્ચ વધશે, જેનાથી શાકભાજી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓ સામાન્ય માણસની પહોંચથી દૂર થઈ શકે છે. અર્થશાસ્ત્રીઓના મતે, ભારત જેવી ઉભરતી અર્થવ્યવસ્થા માટે ચલણનું આટલું ઝડપી પતન ચિંતાનો વિષય છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય શેરબજારમાંથી સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે. વૈશ્વિક અસ્થિરતાને કારણે સુરક્ષિત રોકાણ તરીકે લોકો ડૉલર અને સોના તરફ વળી રહ્યા છે. સપ્લાય ચેઈનમાં ભંગાણ પડવાથી ઉર્જા બજારમાં જે અરાજકતા સર્જાઈ છે, તેણે દાયકાઓ જૂના આર્થિક સમીકરણો બદલી નાખ્યા છે. નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો રાજદ્વારી સ્તરે યુદ્ધવિરામ નહીં થાય, તો આગામી સપ્તાહોમાં ભારતીય અર્થતંત્ર માટે કપરા ચઢાણ સાબિત થશે.

# પાવર સેક્ટરમાં મસમોટું રોકાણ ભારત બનશે ઉર્જા શક્તિ

નવી દિલ્હી: ભારત આગામી બે દાયકામાં વિશ્વની ઉર્જા મહાશક્તિ બનવા તરફ મક્કમ ડગલાં ભરી રહ્યું છે. દેશના પાવર સેક્રેટરી પંકજ અગ્રવાલે આજે નવી દિલ્હીમાં આયોજિત 'ભારત ઈલેક્ટ્રિસિટી સમિટ 2026' ને સંબોધતા એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતની સતત વધતી જતી વીજળીની માંગને પહોંચી વળવા અને ઉર્જા પરિવર્તનના લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે આગામી 20 વર્ષોમાં પાવર સેક્ટરમાં અંદાજે 2.2 ટ્રિલિયન યુએસ ડૉલર (આશરે 180 લાખ કરોડ રૂપિયાથી વધુ) ના જંગી રોકાણની જરૂર પડશે. આ રોકાણ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જ નહીં, પરંતુ દેશના આર્થિક વિકાસ અને ડિજિટલ પરિવર્તનને ગતિ આપવા માટે કરોડરજ્જુ સમાન સાબિત થશે.

પાવર સેક્ટરીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વીજળી માત્ર એક પાયાની સુવિધા નથી, પરંતુ તે ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા અને સામાજિક સમાવેશ માટેનું મુખ્ય માધ્યમ છે. મીડિયા અહેવાલ મુજબ, ભારત અત્યારે વૈશ્વિક સ્તરે ઉર્જા સુરક્ષા, સસ્તી વીજળી અને ટકાઉપણું વચ્ચે સંતુલન જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. દેશની સ્થાપિત વીજ ક્ષમતા છેલ્લા દાયકામાં ઝડપથી વધીને 500 ગીગાવોટને વટાવી ગઈ છે, જેમાં રિન્યુએબલ એનર્જી એટલે કે સૌર અને પવન ઉર્જાનો હિસ્સો નોંધપાત્ર રહ્યો છે.

ભારત અત્યારે સ્વચ્છ ઉર્જાના ક્ષેત્રમાં વિશ્વના અગ્રણી દેશોમાં સ્થાન પામ્યું છે. ખાસ કરીને સૌર ઉર્જાના વિસ્તરણને કારણે ખર્ચમાં ઘટાડો થયો છે અને લોકોમાં તેનો સ્વીકાર વધ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સરકાર હવે રિન્યુએબલ એનર્જીના સાધનોના ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા પર ભાર મૂકી રહી છે. ભારત પાસે વિશ્વનું સૌથી મોટું એકીકૃત વીજળી નેટવર્ક છે, જેને વધુ મજબૂત અને વિશ્વસનીય બનાવવા માટે સ્માર્ટ મીટર જેવા આધુનિક સાધનોનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે.

આગામી તબક્કામાં પરંપરાગત કેન્દ્રીય સિસ્ટમને બદલે ડેટા-ડ્રિવન મોડલ્સ પર ધ્યાન આપવામાં આવશે. પંકજ અગ્રવાલે જણાવ્યું હતું કે, જેમ જેમ રિન્યુએબલ એનર્જીનો વ્યાપ વધશે, તેમ તેમ એનર્જી સ્ટોરેજ સોલ્યુશન્સ અને ફ્લેક્સિબલ જનરેશનની જરૂરિયાત ઊભી થશે.

## News Brief

### સોનામાં રોકાણ સુરક્ષિત મનાયું આર્થિક સંકટમાં મોટી રાહત

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે વધતી જતી ભૌગોલિક તણાવની સ્થિતિ અને ચલણબજારમાં જોવા મળતી ભારે અસ્થિરતા વચ્ચે રોકાણકારો માટે સોનું ફરી એકવાર 'તારણહાર' સાબિત થઈ રહ્યું છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, આર્થિક અનિશ્ચિતતાના ગાળામાં ભારતીય રોકાણકારોના પોર્ટફોલિયોને સ્થિરતા આપવા માટે સોનું સૌથી મજબૂત માધ્યમ છે. 'વર્ષ 2026 માં સોનું શા માટે? ભારતીય પોર્ટફોલિયો માટે એક મજબૂત આધાર' શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં જણાવાયું છે કે, જ્યારે શેરબજાર અને અન્ય અસ્કયામતો નબળું વળતર આપે છે, ત્યારે સોનું રોકાણને સુરક્ષિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ મુજબ, ભારતનો જીડીપી વૃદ્ધિ દર સતત ત્રણ વર્ષથી 7 ટકાથી ઉપર રહ્યો હોવા છતાં, નાણાકીય બજારોમાં અપેક્ષિત વળતર મળ્યું નથી. નબળા પડતા રૂપિયા, ઘટતા મૂડી પ્રવાહ અને શેરબજારના ઊંચા વેલ્યુએશનને કારણે રોકાણકારોની કમાણી મર્યાદિત બની છે. આવી પરિસ્થિતિમાં ઈક્વિટી, બોન્ડ અને રોકડની સરખામણીએ સોનાએ શાનદાર પ્રદર્શન કર્યું છે. ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષોને કારણે ઉર્જા પુરવઠો અને વ્યાપાર પ્રભાવિત થવાની ભીતિ છે, જે રોકાણકારોને સુરક્ષિત ગણાતા સોના તરફ વાળી રહી છે.

### સોનાના રોકાણકારોને ઘી-કેળાં વળતરનો આંકડો જોઈ ચોંકી જશો

# સોવરિન ગોલ્ડ બોન્ડમાં બમ્પર વળતર રોકાણકારોને ત્રણસો ટકા નફો

## આરબીઆઈ દ્વારા રિડેમ્પશન પ્રાઈસ જાહેર થતા રોકાણકારો માલામાલ

(એજન્સી) અમદાવાદ | તા.19

ભારતીય શેરબજારમાં અત્યારે જ્યારે અનિશ્ચિતતાનો માહોલ છે અને રોકાણકારો સાધારણ વળતર માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે કોમોડિટી માર્કેટમાં પ્રત્યક્ષ રોકાણ કરનારાઓ માટે લાઈટ લોટરી લાગી છે. ખાસ કરીને ભારત સરકારની સોવરિન ગોલ્ડ બોન્ડ (SGB) યોજનામાં નાણાં રોકનારા રોકાણકારો પર અત્યારે ધનવર્ષા થઈ રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ 2019-20 ની ચોથી સીરીઝ માટે પ્રી-મેચ્યોર રિડેમ્પશન પ્રાઈસ જાહેર કરવામાં આવી છે, જેમાં રોકાણકારોને આશરે 312 ટકા જેટલું અકલ્પનીય વળતર પ્રાપ્ત થયું છે. સરકારી જામીનગીરી હેઠળના આ પેપર ગોલ્ડમાં થયેલો આ વધારો રોકાણ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. રિઝર્વ બેંકના સત્તાવાર નિવેદન અનુસાર, 2019-20 ના સોવરિન ગોલ્ડ બોન્ડ સીરીઝ-4 માટે રિડેમ્પશનની કિંમત પ્રતિ યુનિટ 15,814 રૂપિયા



નિર્ધારિત કરવામાં આવી છે. આ કિંમત છેલ્લા ત્રણ ટ્રેડિંગ દિવસો એટલે કે 12, 13 અને 16 માર્ચ, 2026 ના સોનાના બંધ ભાવોની સરેરાશના આધારે નક્કી કરવામાં આવી છે. જે રોકાણકારોએ પાંચ વર્ષનો હોલ્ડિંગ પિરિયડ પૂરો કરીને અત્યારે નાણાં પરત ખેંચવાનો વિકલ્પ પસંદ કર્યો છે, તેમને અપેક્ષા કરતા અનેક ગણું વળતર મળી રહ્યું છે.

આંકડાકીય વિશ્લેષણ કરીએ તો, સપ્ટેમ્બર 2019 માં જ્યારે આ સીરીઝ બહાર પાડવામાં આવી હતી, ત્યારે તેનો ભાવ પ્રતિ ગ્રામ માત્ર 3,890 રૂપિયા હતો. ઓનલાઈન રોકાણ કરનારાઓને 50 રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું હોવાથી તેમને આ બોન્ડ માત્ર 3,840 રૂપિયામાં પડ્યો હતો. આજે તેની સામે રોકાણકારોને 15,814 રૂપિયા મળી રહ્યા છે. એટલે કે માત્ર મૂડી પર જ પ્રતિ યુનિટ 11,974 રૂપિયાનો ચોખ્ખો નફો થયો છે. જો કોઈ રોકાણકારે તે સમયે 1 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હોત, તો આજે તેની કિંમત 4 લાખ રૂપિયાથી પણ વધી ગઈ છે.માત્ર સોનાના ભાવ વધારાનો જ લાભ નહીં, પરંતુ આ યોજના હેઠળ રોકાણકારોને વાર્ષિક 2.5 ટકાના દરે નિશ્ચિત વ્યાજ પણ ચૂકવવામાં આવ્યું છે. આ વ્યાજ દર છ મહિને સીધું રોકાણકારના ખાતામાં જમા કરવામાં આવે છે. આ વ્યાજની રકમને જો કુલ વળતરમાં ઉમેરવામાં આવે, તો વાસ્તવિક નફો 312 ટકાથી પણ ઘણો ઉપર જાય છે. ભૌતિક સોનામાં રોકાણ કરવાના બદલે આ સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરવાથી જીએસટી અને મેકિંગ ચાર્જ જેવા ખર્ચ બચી જાય છે, જે રોકાણકારો માટે ફાયદાકારક સાબિત થયું છે.

### નેનો ખાતરથી કૃષિ ક્રાંતિ ભારત બનશે આત્મનિર્ભર દેશ

નવી દિલ્હી: ભારતીય કૃષિ ક્ષેત્રમાં એક નવા યુગનો પ્રારંભ થયો છે. વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફ્કો (IFFCO) એ સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજીથી વિકસિત 'નેનો એનપીકે' (Nano NPK) ખાતર લોન્ચ કરીને ખેતીને વધુ આધુનિક અને ટકાઉ બનાવવાની દિશામાં ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ નવીનતા માત્ર ખેડૂતોની આવક વધારવામાં જ નહીં, પરંતુ ભારતને ખાતર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે. સરકારના ગેઝેટ નોટિફિકેશન મુજબ, ફર્ટિલાઈઝર કંટ્રોલ ઓર્ડર (FCO) હેઠળ આ ખાતરને મંજૂરી મળી ગઈ છે, જે ભારતીય વિજ્ઞાનીઓની મહેનતનું પરિણામ છે.ઈફ્કો દ્વારા બે પ્રકારના ખાતર રજૂ કરવામાં આવ્યા છે: નેનો એનપીકે લિક્વિડ (8-8-10) અને નેનો એનપીકે ગ્રાન્યુલર એટલે કે દાણાદાર (20-10-10). આ વિશ્વમાં પોતાની પ્રકારની પ્રથમ શોધ છે, જે પાકને સંતુલિત પોષણ પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવી છે. લિક્વિડ ખાતરનો ઉપયોગ છોડના પાંદડા પર છંટકાવ (Foliar application) માટે કરવામાં આવશે, જ્યારે દાણાદાર ખાતરનો ઉપયોગ જમીનમાં સીધો અને મૂળ સુધી પોષણ પહોંચાડવા માટે કરવામાં આવશે. આ પદ્ધતિથી પાકનો વિકાસ ઝડપી અને તંદુરસ્ત થશે. આધુનિક નેનો ટેકનોલોજીના ઉપયોગથી પરંપરાગત રાસાયણિક ખાતરો પરની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો થશે. મીડિયા અહેવાલ મુજબ, નેનો ખાતરના ઉપયોગથી પોષક તત્વોનો બગાડ ઓછો થાય છે અને જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. ખેડૂતો માટે સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી ખેતીનો ખર્ચ ઘટશે અને પાકની ગુણવત્તા સાથે ઉત્પાદનમાં પણ વધારો થશે. વૈશ્વિક સ્તરે ખાતરના પુરવઠામાં આવતા અવરોધો વચ્ચે આ સ્વદેશી ઉત્પાદન ખેડૂતો માટે રક્ષણ કવચ સાબિત થશે. ઈફ્કોની આ પહેલ વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત' અને 'સહકાર થી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરે છે. સ્વદેશી નેનો ખાતરના ઉત્પાદનથી ભારતની આયાત પરની નિર્ભરતા ઘટશે, જેનાથી દેશના કરોડો રૂપિયાના વિદેશી હૂંડિયામણની બચત થશે.

## અમદાવાદમાં સચિન તેંડુલકરના સમર્થનવાળી વિશ્વકક્ષાની સ્પોર્ટ્સ એકેડેમી ૧૦ એપ્રિલથી શરૂ થશે

અમદાવાદ: સચિન તેંડુલકરના સમર્થનવાળી હાઈ-પરફોર્મન્સ ટ્રેનિંગ ફેસિલિટી 'SRT10 અલ્ટેવોલ સેન્ટર ઓફ એક્સલન્સ ક્રિકેટ એકેડેમી' ના લોન્ચ સાથે અમદાવાદમાં પાયાના સ્તરે રમતગમતના વિકાસમાં મહત્વપૂર્ણ હરણફાળ પ્રગતિ જોવા મળશે. ૧૦મી એપ્રિલથી શરૂ થનારી આ એકેડેમીનો ઉદ્દેશ્ય પાંચ વર્ષ અને તેનાંથી વધુ ઉંમરના યુવા મહત્વાકાંક્ષી ખેલાડીઓ માટે વિશ્વસ્તરીય ક્રિકેટ તાલીમ ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના ગયા વર્ષે જાહેર કરવામાં આવી હતી, પરંતુ હવે આ એકેડેમી ટેકનિક, ફિટનેસ અને સંગઠિત વિકાસનાં માર્ગો પર કેન્દ્રિત તાલીમ મોડ્યુલ સાથે તેની કામગીરી શરૂ કરવા માટે તૈયાર છે. એસ.જી. રોડ પર વૈષ્ણોદેવી સર્કલ પાસે શંકુઝ ફાર્મ ખાતે આવેલું 40,000 ચોરસ વારનું આ વિશાળ સ્પોર્ટ્સ કેમ્પસ રમતવીરોના સર્વાંગી વિકાસ માટે તૈયાર કરવામાં આવ્યું છે. તે વ્યાવસાયિક ક્રિકેટ નેટ્સ, ઈન-હાઉસ મેચ માટે તૈયાર મેદાન, હાઈ-પરફોર્મન્સ જિમ્નેશિયમ અને રનિંગ ટ્રેક જેવી આધુનિક માળખાકીય સુવિધાઓ સાથે સુવ્યવસ્થિત કોચિંગ પ્રોગ્રામ્સનું સંયોજન કરે છે. સામાન્ય રીતે આ સુવિધાઓ માત્ર ઉચ્ચ સ્તરીય તાલીમ વાતાવરણ માટે જ અનામત હોય છે. અમદાવાદમાં સ્પોર્ટ્સ એકેડેમીનું લોન્ચિંગ એ SRT10 ઈકોસિસ્ટમ દ્વારા સ્થાપવામાં આવેલા મજબૂત પાયા પર આધારિત છે, જેમાં નવી મુંબઈની ડી વાય પાટિલ સ્પોર્ટ્સ એકેડમી ખાતેની તેની મુખ્ય 'SRT10 ગ્લોબલ એકેડમી'નો પણ સમાવેશ થાય છે. આ સુવિધાએ અગાઉથી જ રમતગમતની તાલીમ માટેના એક પ્રતિષ્ઠીત કેન્દ્ર તરીકે તેની ઓળખ સ્થાપિત કરી છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરના માળખાગત સાધનોને એક વ્યવસ્થિત અભ્યાસક્રમ સાથે જોડે છે, જેનો ઉદ્દેશ્ય માત્ર રમતવીરો તૈયાર કરવાનો જ નહીં, પરંતુ સર્વાંગી વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓનો વિકાસ કરવાનો છે. આ વિસ્તરણ મેટ્રો શહેરોથી આગળ વધીને વ્યાવસાયિક સ્તરનું સ્પોર્ટ્સ શિક્ષણ પહોંચાડવાના અને ભારતને એક ગંભીર રમતગમત રાષ્ટ્ર બનાવવા તરફની દોડને મજબૂત કરવાના SRT10ના મોટા પ્રયાસને પ્રતિબિંબિત કરે છે. આ નવું કેન્દ્ર માત્ર અમદાવાદના યુવાનોને જ નહીં પરંતુ શહેરની નજીકનાં વિસ્તારોમાંથી સુવ્યવસ્થિત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમની શોધ કરતા પ્રતિભાશાળી ખેલાડીઓને પણ આકર્ષિત કરવા માટે તૈયાર છે. માતા-પિતા માટે આ એક સ્પષ્ટ અને મૂલ્યવાન તક છે. આ કોઈ ટૂંકા ગાળાનો કોચિંગ કેમ્પ નથી, પરંતુ લાંબા ગાળાના વિકાસનો એક માર્ગ છે જ્યાં બાળકો આત્મવિશ્વાસ, શિસ્ત અને રમતગમત સાથે તંદુરસ્ત સંબંધ કેળવી શકે છે; પછી ભલે તેઓ વ્યવસાયિક રીતે સ્પર્ધા કરવા માંગતા હોય અથવા ફક્ત સુવ્યવસ્થિત શારીરિક પ્રવૃત્તિ દ્વારા વિકાસ કરવા માંગતા હોય.

## સ્પેશિયલ ટેકનિકલ ઈવનિંગના આયોજન દ્વારા CAAAના 75મા વર્ષની ઉજવણી સંપન્ન

(એજન્સી) અમદાવાદ | તા.19

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન, અમદાવાદ (CAAA) એ તેના ૭૫મા વર્ષના ઉજવણીના ભાગરૂપે એક વિશેષ ટેકનિકલ ઈવનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અગ્રણી વ્યાવસાયિકો, ભૂતપૂર્વ પ્રમુખો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમુદાયના સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં CAAA એ તેના 75મા વર્ષના લોગોના અનાવરણ કર્યુ હતું. CAAAએ તેના આજીવન સભ્ય CA બિશન શાહને ICAI ની WIRC ના સચિવ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમ એસોસિએશનના વ્યવસાયમાં 75 વર્ષના યોગદાનના કાયમી વારસાને પ્રતિબિંબિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના વિકસતા લેન્ડસ્કેપ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ વકીલ શ્રી સૌરભ સોપારકરે કરવેરા માળખાને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરનારા માનનીય સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદાઓ પર ચર્ચા કરી હતી જે ટેકનિકલ ઈવનિંગનું મુખ્ય આકર્ષણ હતું. તેમના સત્રમાં વ્યાવસાયિકોને અસર કરતા ન્યાયિક વિકાસમાં



ઊંડી વ્યવહારુ સમજ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં શ્રી મૃગાંક પરીખ દ્વારા ટેકનોલોજી ઈન પ્રોફેશનલ પ્રેક્ટિસ પર એક સત્ર પણ યોજાયું હતું, જેમાં કાર્યક્ષમતા પાલન અને મૂલ્ય વિતરણ વધારવા માટે મુખ્ય વ્યાવસાયિક કાર્યોમાં ટેકનોલોજીને એકીકૃત કરવાના વધતા મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગ રૂપે, CAAA એ તેના 75મા વર્ષના લોગોના અનાવરણ સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પણ ચિહ્નિત કર્યું હતું, જે એસોસિએશનના વારસા અને તેના ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણનું પ્રતીક છે.ઈવનિંગનું મુખ્ય આકર્ષણ એસોસિએશનના વિકાસ માટે મળેલા ઉદાર યોગદાનની સ્વીકૃતિ હતી. સ્વ. સીએ એમ જી પટેલ અને સ્વ. સીએ અશ્વિન શાહના પરિવારોએ સભ્યો માટે પહેલને મજબૂત બનાવવાના હેતુથી 5-5 લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. સીએ એમ જી પટેલની સ્મૃતિમાં યોગદાન વ્યાવસાયિકોના ટેકનોલોજી અપસ્કીલિંગ પર કેન્દ્રિત છે અને સીએ અશ્વિન શાહની સ્મૃતિમાં યોગદાન સ્ટડી સર્કલ પહેલ દ્વારા યુવા વ્યાવસાયિકોને ટેકો આપવા માટે નિર્દેશિત છે.

# એચડીએફસી બેંકના ચેરમેનનું રાજીનામું આ એક સામાન્ય પ્રક્રિયા

નવી દિલ્હી: ભારતીય બેંકિંગ જગતના સૌથી મોટા ખાનગી ધિરાણકર્તા એવા એચડીએફસી બેંકના બિન-કાર્યકારી અધ્યક્ષ અતનુ ચક્રવર્તીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દેતા નાણાકીય બજારમાં ભારે ગરમાવો જોવા મળ્યો છે. રાજીનામું આપ્યા બાદ પોતાના પ્રથમ પ્રતિભાવમાં અતનુ ચક્રવર્તીએ આ ઘટનાક્રમને અત્યંત 'સામાન્ય અને રૂટિન' ગણાવ્યો છે. પૂર્વ નાણા સચિવ રહી ચૂકેલા ચક્રવર્તીએ આ અંગે વધુ વિગતો આપવાનો ઈનકાર કરતા જણાવ્યું હતું કે, શેરબજારની વેબસાઈટ પર બધી જ માહિતી ઉપલબ્ધ છે અને આમાં કોઈ ખાસ ચર્ચા કરવા જેવી બાબત નથી. જોકે, દેશની આટલી મોટી બેંકના ટોચના હોદ્દેદારે અચાનક પદ છોડતા ગ્રાહકો અને રોકાણકારોમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. એચડીએફસી બેંકમાં થયેલા આ વહીવટી ફેરફારને પગલે ઊભી થયેલી અટકળોને શાંત પાડવા માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) એ તાત્કાલિક દરમિયાનગીરી કરી છે. મીડિયા અહેવાલ મુજબ, કેન્દ્રીય બેંકે હિતધારકોને આશ્વાસન આપતા જણાવ્યું છે કે એચડીએફસી બેંક આર્થિક રીતે અત્યંત સુરક્ષિત અને સુવ્યવસ્થિત રીતે સંચાલિત છે. આરબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે બેંક દ્વારા પાર્ટ-ટાઈમ ચેરમેનની નિમણૂક માટે જે સંક્રમણ વ્યવસ્થાની દરખાસ્ત કરવામાં આવી હતી તેને મંજૂરી આપી દેવામાં આવી છે. બેંકિંગ નિયમનકારે ઉમેર્યું કે બેંકના બોર્ડ અને મેનેજમેન્ટ ટીમ અત્યંત સક્ષમ છે.

# આઈટી સેક્ટર પર યુદ્ધની અસર નહી સીએલએસએનો રિપોર્ટ

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે ભલે ભૌગોલિક અને રાજકીય તણાવ ચરમસીમાએ હોય, પરંતુ ભારતનું આઈટી સેક્ટર અત્યારે સુરક્ષિત કિલ્લા સમાન સાબિત થઈ રહ્યું છે. સીએલએસએએ (CLSA) દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ 2026 ના ચોથા ક્વાર્ટરમાં ભારતીય આઈટી ક્ષેત્ર પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિકાસ કે અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષની કોઈ નકારાત્મક અસર જોવા મળી નથી. રિપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ટીસીએસ, ઈન્ફોસીસ, એચસીએલ અને વિપ્રો જેવી દિગ્ગજ કંપનીઓના કોન્ટ્રાક્ટ રિન્યુઅલમાં કોઈ ઘટાડો નોંધાયો નથી. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે વૈશ્વિક સ્તરે આઈટી ક્ષેત્રે મંદી આવવાની અફવાઓ જોર પકડી રહી હતી.સીએલએસએએ દ્વારા આઈટી ક્ષેત્રની ટોચની કંપનીઓ સાથે કરવામાં આવેલી ચર્ચામાં જાણવા મળ્યું છે કે 'ઓપન એઆઈ' અને 'એન્થ્રોપિક' જેવા અત્યાધુનિક એઆઈ સાધનોના લોન્ચિંગ છતાં જૂના કોન્ટ્રાક્ટ્સમાં કોઈ કાપ મુકવામાં આવ્યો નથી. રિપોર્ટમાં રમૂજી રીતે ટાંકવામાં આવ્યું છે કે, "ચોથું ક્વાર્ટર: એઆઈ-આધારિત મંદીમાં કોઈ વધારો નથી. પ્રથમ એઆઈ અંકુશમાં છે અને બીજું એઆઈ હજુ સુધી અસર કરી શક્યું નથી." આનાથી સ્પષ્ટ થાય છે કે નવી ટેકનોલોજી રોજગારી કે પ્રોજેક્ટ્સને નુકસાન પહોંચાડવાને બદલે અત્યારે પૂરક સાબિત થઈ રહી છે. વર્તમાન ક્વાર્ટરમાં આઈટી કંપનીઓની વિવિધ ક્ષેત્રોમાં માંગ યથાવત છે.

### કયા ડૉક્યુમેન્ટ જરૂરી બની જશે!

# 1 એપ્રિલથી પાન કાર્ડ બનાવવાની રીત બદલાઈ જશે

(એજન્સી) અમદાવાદ | તા.19

જો તમે નવું PAN CARD બનાવવાનું વિચારી રહ્યા છો અથવા ભવિષ્યમાં તમારે પાન કાર્ડ બનાવવું છે, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સરકારે પાન કાર્ડ સંબંધિત નિયમોમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે, જે 1 એપ્રિલ 2026થી લાગુ થશે. નવા નિયમ પ્રમાણે હવે પાન કાર્ડ માટે અરજી કરતી વખતે માત્ર Aadhaarનો જ ઉપયોગ કરવામાં આવશે. આનો અર્થ એ છે કે હવે અલગ-અલગ ઓળખ પત્ર અને એડ્રેસ પ્રૂફ આપવાની જરૂરિયાત ધીમે-ધીમે સમાપ્ત થઈ જશે. સરકારનું માનવું છે કે, આનાથી અરજી પ્રક્રિયા સરળ, ઝડપી અને વધુ સુરક્ષિત બનશે. જૂની વ્યવસ્થા 31 માર્ચ 2026 સુધી લાગુ રહેશે, પરંતુ ત્યારબાદ તે સંપૂર્ણપણે Aadhaar આધારિત બની જશે.સરકારે પાન કાર્ડ માટે અરજી કરવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. 1 એપ્રિલ, 2026થી પાન કાર્ડ માટે અરજી કરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે બદલાઈ જશે. અત્યાર સુધી લોકોએ ઓળખ પત્ર, એડ્રેસ પ્રૂફ અને જન્મ તિથિનો પુરાવો જેવા ડૉક્યુમેન્ટ આપવા પડતા હતા, ત્યાં હવે આ પ્રક્રિયા ખૂબ સરળ બનવા જઈ રહી છે.સરકારનું કહેવું છે કે, આ ફેરફારનો હેતુ PAN સિસ્ટમને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવાનો છે. Aadhaar દ્વારા વેરિફિકેશન કરવાથી બનાવટી PAN કાર્ડ બનવાની શક્યતા ઓછી થશે અને એક જ વ્યક્તિના નામે બહુવિધ PAN જારી થવાની સમસ્યાનો પણ અંત આવશે. આ ઉપરાંત Aadhaar આધારિત સિસ્ટમથી અરજી પ્રક્રિયા ઝડપી બનશે અને ઓછા સમયમાં PAN જારી કરી શકાશે. આ ફેરફારની સૌથી વધુ અસર નવા PAN અરજદારો પર પડશે. તેમને હવે અલગ-અલગ ડૉક્યુમેન્ટ એકઠા કરવાની જરૂર રહેશે નહીં, જેનાથી સમય અને મહેનત બંનેની બચત થશે. જોકે, આ ફેરફાર એવા લોકો માટે થોડો મુશ્કેલ સાબિત થઈ શકે છે જેમની પાસે આધાર નથી. આવા વ્યક્તિઓએ પહેલા Aadhaar બનાવવો પડશે, ત્યારે જ તેઓ PAN માટે અરજી કરી શકશે.

### કંપની 'એરોપ્લેન' બ્રાન્ડ હેઠળ બાસમતી ચોખાનું માર્કેટિંગ કરે છે

# અમીર ચંદ જગદીશ કુમાર એક્સપોર્ટ લિમિટેડ રજૂ કરે છે, રૂ.440 કરોડનો IPO

(એજન્સી) અમદાવાદ | તા.19

અમીર ચંદ જગદીશ કુમાર (એક્સપોર્ટ) લિમિટેડ (એસીજેકેઈએલ), એક બાસમતી ચોખા અને એફએમસીજી સ્ટેપલ્સની અગ્રણી પ્રોસેસર અને નિકાસકાર કંપની છે, જે તેની મુખ્ય બ્રાન્ડ 'એરોપ્લેન' બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવામાં આવે છે, તેને ઈક્વિટી શેરના નવા ઈશ્યૂ દ્વારા રૂ.4,400 મિલિયન એકઠા કરવા માટે તેનું ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ) લાવી રહ્યા છે. રૂ.440 કરોડના આ આઈપીઓનું સબસ્ક્રિપ્શન 24મી માર્ચથી શરૂ થશે અને 27મી માર્ચના રોજ બંધ થશે. આઈપીઓનું પ્રાઈઝ બેન્ડ પ્રતિશેર રૂ.201થી 212 રાખવામાં આવ્યું છે. એપ્લિકેશનની લોટ સાઈઝ 70 શેરની છે.ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી રકમનો ઉપયોગ મુખ્યત્વે કંપનીની વર્કિંગ કેપિટલ જરૂરિયાત માટે કરવામાં આવશે, જ્યારે બાકીની રકમનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. ચાર દાયકાથી વધુ સમયના વારસા સાથે એસીજેકેઈએલએ વૈશ્વિક ચોખા બજારમાં તેની ગાઢી મજબૂત બનાવી છે, 38 દેશોમાં નિકાસ સાથે તે વિશ્વભરમાં 484 વિતરકોના વિશાળ વિતરણ નેટવર્ક ધરાવે છે, જેમાં 431 સ્થાનિક વિતરકોનો સમાવેશ થાય છે.કંપની સમગ્ર બાસમતી ચોખાની વેલ્યૂ ચેઈનમાં તેના સંકલિત સંચાલન માટે જાણીતી છે - જેમાં ખરીદી, સંગ્રહ, પ્રક્રિયા, પેકેજિંગ, માર્કેટિંગ અને વિતરણનો સમાવેશ થાય છે. તેના ઉત્પાદન માળખામાં પંજાબ અને હરિયાણામાં બે ચોખાના પ્રોસેસિંગ ફેસિલિટી અને દિલ્હીમાં એક પેકેજિંગ યુનિટનો સમાવેશ થાય છે, જેની સંયુક્ત ઉત્પાદન ક્ષમતા વાર્ષિક 5,50,800 મેટ્રિક ટન છે. એસીજેકેઈએલ તેની એરોપ્લેન બ્રાન્ડ હેઠળ વૈવિધ્યસભર ઉત્પાદન પોર્ટફોલિયોનું માર્કેટિંગ કરે છે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને સંતોષ આપતા એફએમસીજી ઉત્પાદનો જેમ કે, આટા, મેંદા, સૂજી, બેસન, ખાંડ અને મીઠું સાથે પ્રીમિયમ અને મૂલ્યવાન બાસમતી ચોખાની જાતો ઓફર કરે છે. કંપની હાલમાં 100 રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક (ભારતમાં 70 અને 26 દેશોમાં 30) અને ભારતમાં 22 કોપીરાઈટ ધરાવે છે, જે વૈશ્વિક સ્તરે તેની બ્રાન્ડ હાજરીને વધુ મજબૂત બનાવે છે.નાણાકીય રીતે, કંપનીએ મજબૂત વૃદ્ધિ ગતિ દર્શાવી છે, ત્યારે નાણાકીય વર્ષ 2025માં કામગીરીમાંથી ઉભી થતી આવક વધીને રૂ.20,016.47 મિલિયન થઈ છે, જે નફાકારકતામાં સુધારો અને સ્થાનિક તથા નિકાસ માંગમાં વધારો થવાને લીધે જોવા મળ્યું છે.આ જ વિકાસ વિશે વાત કરતા, કંપનીના નેતૃત્વ પર ભાર મૂકતા કહે છે કે, આઈપીઓ તેની બેલેન્સ શીટને મજબૂત બનાવવામાં, કાર્યકારી મૂડીને વધારવા તથા સ્થાનિક અને વૈશ્વિક બજારોમાં તેના વિસ્તરણને ટેકો આપવામાં મદદ કરશે. આગળ હવે, એસીજેકેઈએલનું આયોજન છે કે, તેઓ હવે ટીયર-3 અને ટીયર-4 શહેરોમાં તેની હાજરીને મજબૂત બનાવીને તેમના વિતરણ નેટવર્કને વધુ વિસ્તારવા તથા માર્કેટિંગની પહેલ દ્વારા બ્રાન્ડની દ્રશ્યતા વધારવા અને એફએમસીજી ઉત્પાદનોમાં વધુ વૈવિધ્યકરણ કરવા પર ધ્યાન કેન્દ્રિત છે. કંપનીનો હેતુ ભાપત અને આંતરરાષ્ટ્રીય બજારોમાં બ્રાન્ડેડ બાસમતી ચોખા અને પેકેજ્ડ કિચન સ્ટેપલ્સની વધતી જતી માંગને પહોંચી વળવા માટે તેના મજબૂત પ્રાપ્તિ નેટવર્ક સંકલિત ઉત્પાદન ક્ષમતા સાથે સ્થાપિત કંપનીનો ઉદ્દેશ ભારત અને આંતરરાષ્ટ્રીય બજારોમાં બ્રાન્ડેડ બાસમતી ચોખા અને પેકેજ્ડ કિચન સ્ટેપલ્સની વધતી જતી માંગને પહોંચી વળવા માટે તેના મજબૂત પ્રાપ્તિ નેટવર્કને સંકલિત ઉત્પાદન ક્ષમતાઓ અને સ્થાપિત બ્રાન્ડનો ઉપયોગ કરવાનો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ચૈત્ર સુદ - 02

# મધ્ય-પૂર્વનું એરસ્પેસ બંધ હોવા છતાં પ્રવાસીઓ કઈ રીતે પરત આવી રહ્યા છે

મધ્ય-પૂર્વનું એરસ્પેસ બંધ થવાથી હજારો મુસાફરો અટવાય ગયા છે. જોકે ધીરે ધીરે મૂળ ભારતના મુસાફરો પરત ફરી રહ્યા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૨.૨૦ લાખ યાત્રીઓ ભારત પરત આવ્યા છે. ઈરાનમાંથી ૯૦ ભારતીયોને અઝરબૈજાન મારફતે ભારત લાવવામાં આવ્યા છે. સાઉદી અરેબિયાના અલગ અલગ એરપોર્ટ તેમજ ઓમાનથી ભારતની ફલાઈટ ચાલુ રહી છે. કતરનું એરપોર્ટ કેટલેક અંશે ખુલ્લું છે. કુવેતનું એરપોર્ટ સંપૂર્ણ બંધ છે. કુવેતની જઝીરા એરવેઝની એક કોમર્શિયલ ફલાઈટ સાઉદી અરેબિયાથી ભારત આવી રહી છે. બહેરીન અને ઈરાકની એરસ્પેસ પણ બંધ છે. ત્યાં રહેતા ભારતીય નાગરીકો સાઉદી અરેબિયાના રસ્તે પરત ફરી રહ્યા છે. ઈરાનથી લગભગ ૫૫૦ ભારતીઓને જમીન સરહદથી આર્મીનીયા અને ૯૦ ભારતીઓને જમીન સરહદથી અઝરબૈજાન ખસેડવામાં આવ્યા છે.મધ્ય-પૂર્વના યુદ્ધને કારણે હોર્મૂઝ ખાડી મારફતે થતો વાહન વ્યવહાર અટકી ગયો છે જેને કારણે આખી દુનિયામાં સંકટ ઉભુ થયું છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે, ઈરાન અને અમેરિકાની નૈસેના વચ્ચે કોઈપણ પ્રકારનો ટકરાવ વૈશ્વિક વ્યાપાર અને ઉર્જાક્ષેત્રો માટે વિનાશકારી સાબિત થઈ શકશે. ઈરાન આ સંઘર્ષનો ફાયદો પોતાના હીત માટે કરી રહ્યો છે. એણે હોર્મૂઝ ખાડી ખોલવા માટે અમેરિકા સમક્ષ કેટલીક શરતો મૂકી છે. શરતો પ્રમાણે અમેરિકા ઈરાન પર મુકેલા પ્રતિબંધો હટાવે, અમેરિકાના લશ્કરને પાછુ બોલાવે, જપ્ત કરવામાં આવેલી સંપત્તીઓ ફરીથી પરત કરવામાં આવે અને બીન ડોલર વ્યવસાયને મંજૂરી આપવામાં આવે. આ શરતો માટે ટ્રમ્પ તૈયાર થાય એમ નથી અને જો યુદ્ધનો અંત જલ્દી નહીં આવે તો ટ્રમ્પ પોતાના દેશમાં જ અલીપ્ત પડી જાય એમ છે.ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ખુંખાર યુદ્ધ ચાલી રહ્યું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ ઈરાન માટે દુશ્મન નંબર ૧ છે. આમ છતાં નેતન્યાહુએ ઈરાનના નાગરીકોને આવનાર નવરોઝની રજા માટે શુભેચ્છા આપી છે. નવરોઝ પારસી નવા વર્ષની શરૂઆત છે. નેતન્યાહુ પહેલેથી માને છે કે ઈરાનના સામાન્ય લોકો સામે ઈઝરાયલને વાંધો નથી, પરંતુ કટ્ટરવાદી નેતાઓ ઈઝરાયલના દુશ્મન છે. નેતન્યાહુએ ત્યાં સુધી કહ્યું છે કે, 'ઈરાનના બહાદુર લોકો, દર વર્ષની જેમ હું આ વર્ષે પણ તમને શુભેચ્છા આપું છું. આ તહેવારની શરૂઆત રોશનીથી થાય છે. અંધારા પર હંમેશા અજવાળાની જીત થાય છે. આ વર્ષે આ તહેવારનું વિશેષ મહત્ત્વ છે.' ભારતમાં પણ ઈરાનથી આવેલા પારસીઓ નવરોઝની ઉજવણી દર વર્ષે કરે છે.ચૂંટણી કમિશનર અને મમતા બેનર્જી વચ્ચે ભારે ગરમાગરમી ચાલી રહી છે. ચૂંટણી કમિશને જે રીતે કેટલાક અધિકારીઓની બદલી કરી હતી એ મામલે મમતા બેનર્જી નારાજ થયા હતા. હવે ચૂંટણી કમિશને એમની નારાજગીને ધ્યાનમાં લીધા વગર ૧૯ જેટલા સિનિયર પોલીસ અધિકારીઓની બદલીનો હુકમ કર્યો છે. બદલાયેલા અધિકારીઓમાં ઉત્તર, દક્ષિણ બંગાળના એડીજીનો સમાવેશ પણ થાય છે. આ પહેલા રાજ્યના ચીફ સેક્રેટરીની બદલી પણ કરવામાં આવી હતી. આઈપીએસ અધિકારી રાજેશ સિંહને દક્ષિણ બંગાળના એડીજી નિમવામાં આવ્યા છે. જયરામનને ઉત્તર બંગાળના એડીજીની જવાબદારી સોંપવામાં આવી છે. આ બંને ૧૯૯૭ બેચના સિનિયર આઈપીએસ અધિકારીઓ છે. આસનસોલ - દુર્ગાપુર, હાવડા, બરાકપોર અને ચંદનનગર જિલ્લામાં પણ નવા પોલીસ કમિશનર નિમવામાં આવ્યા છે.કોંગ્રેસના સિનિયર નેતા મણીશંકર ઐયર આજકાલ સમાચારમાં ચમકી રહ્યા છે. થોડા વર્ષો પહેલા મણીશંકર ઐયરે લોકસભાની ચૂંટણી પહેલા નરેન્દ્ર મોદી માટે નીચ શબ્દનો ઉપયોગ કર્યો હતો જેનો લાભ મોદીએ ભરપુર લીધો હતો. હવે આ બાબતે મણીશંકર ઐયરે ખુલાસો આપ્યો છે. ઐયરે કહ્યું છે કે મોદી એવું કહેતા હતા કે મે એમને નીચ કહ્યા. જોકે મે એમને 'નીચ જાતીના માણસ' કહ્યા નહોતા. મારૂ કહેવું હતું કે એમનું ચારિત્ર્ય નીચ છે. ઐયરે રામ મંદિરના ઉદ્ઘાટન બાબતે પણ સવાલો કર્યા છે. ઐયરે કહ્યું હતું કે, 'આપણા વડાપ્રધાન બધા શંકરાચાર્યોને એક તરફ મુકીને રામ મંદિરનું ઉદ્ઘાટન કરી રહ્યા છે. શું આ ધર્મનિરપેક્ષતા છે? ભારતના વડાપ્રધાનનો કોઈ ધર્મ હોવો જોઈએ નહીં. તેમણે રામ મંદિરમાં હાજરી આપીને આ નિયમનો ભંગ કર્યો. ખોટી અફવાઓ ફેલાવીને વડાપ્રધાન બન્યા.'એક વર્ષ પહેલા લાંચ માંગવાના આરોપસર સસ્પેન્ડ થયેલા ૨૦૦૬ બેચના આઈએએસ અધિકારી અભિષેક પ્રકાશને ઉત્તર પ્રદેશની સરકારે ફરીથી નોકરીએ લઈ લીધા છે.

### વિકાસ કામો ઝડપી અને ગુણવત્તાસભર કરવા મંત્રી શ્રી કમલેશભાઈ પટેલનો નિર્દેશ

# બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની વર્ષ-૨૦૨૬-૨૭ની બેઠક યોજાઈ




**મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠામાં રૂ.૨૫ કરોડથી વધુના ૯૧૬ વિકાસલક્ષી કામોને મળી મંજૂરી**

પાલનપુર | જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષશ્રી તથા બનાસકાંઠા જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર કલેકટર કચેરીના મિટિંગ હોલ ખાતે આજરોજ જિલ્લા આયોજન મંડળની વર્ષ-૨૦૨૬-૨૭ ની બેઠક યોજાઈ હતી. જેમાં વિવેકાધીન યોજના હેઠળ જિલ્લાના ૧૦ તાલુકાના રૂ.૨૩૧૯.૦૦ લાખના ૮૯૬ કામો તથા જિલ્લાની ૪ નગરપાલિકાના રૂ.૨૦૧.૯૬ લાખના ૨૦ કામો મંજૂર કરવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લામાં પાણી પુરવઠો, રોડ-રસ્તા, સ્વાસ્થ્ય, વીજળી, સ્વચ્છતા અને ગટર લાઈન સહિતના વિકાસ કાર્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની જોગવાઈઓ અંતર્ગત કરવામાં આવતા કામો અંગેની ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં વિકાસના કામો અંગે ધારાસભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના ત્વરિત નિરાકરણ માટે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.અધ્યક્ષશ્રી કમલેશભાઈ પટેલે દરેક વિભાગના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને વિકાસ કામોની વહીવટી મંજૂરી મળ્યા બાદ ઝડપથી કામગીરી હાથ ધરી ગુણવત્તા અને તકેદારી સાથે પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ બનાસકાંઠા જિલ્લામાં યોજનાકીય કાર્ય અંગે વધુ સજાગતા રાખી અસરકારક કામગીરી કરવા સંબંધિત વિભાગોને સૂચના આપી હતી. ઉપરાંત આરોગ્ય જેવા જીવન જરૂરિયાત ધરાવતા તમામ વિભાગોના કામો સત્વરે કરવા અને બાકી રહેલા વિકાસ કામો ઝડપી અને ગુણવત્તાસભર કરવા મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે સંબધિત વિભાગને નિર્દેશ આપ્યો હતો. પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે તમામ વિભાગોના અધિકારીશ્રીઓને વિકાસ કામોની નિયમિત સ્થળ મુલાકાત લઈને કામો ગુણવત્તાસભર અને ઝડપી ગતિએ પૂર્ણ થાય તે માટે ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.આ બેઠકમાં પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, દાંતા ધારાસભ્ય શ્રી કાંતિભાઈ ખરાડી, દિયોદર ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ, વડગામ ધારાસભ્ય શ્રી જીગ્નેશ મેવાણી, ધાનેરા ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવે, જિલ્લા આયોજન અધિકારીશ્રી એસ. એન.પટેલ સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારી -કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદે હરના જય ઘોષ સાથે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો ભવ્ય પ્રારંભ

રાજપીપલા | નર્મદા જિલ્લામાં ચૈત્ર માસમાં થતી ઉત્તરવાહિની પરિક્રમાને લઈને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુંદર વ્યવસ્થાઓ પરિક્રમાર્થીઓ માટે ગોઠવવામાં આવી છે. ત્યારે આજે ૧૯મી માર્ચે સાધુ સંતો-ભાવિકો-પરિક્રમાર્થીઓએ પ્રાત:કાળે માં રેવાના દર્શન અને પુષ્પાર્પણ કરી નર્મદે હરના જય ઘોષ સાથે આ પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. વૃધ્ધો, બાળકો, મહિલાઓ સહિત શ્રદ્ધાળુઓ પદયાત્રા કરીને અલૌકિક આધ્યાત્મિક યાત્રાનો અનુભવ કર્યો હતો. ચૈત્ર નવરાત્રિના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં પરિક્રમાર્થીઓ ઉમટી પડ્યાં હતાં.નર્મદા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પરિક્રમાર્થીઓ માટે નદી કિનારે ગોઠવવામાં આવેલી વ્યવસ્થાઓની નોંધ ભાવિકો પણ લઈ રહ્યા છે. શ્રદ્ધાળુઓને ક્યાંય મુશ્કેલી ન પડે તે માટે સમગ્રતયા ગોઠવવામાં આવેલી વ્યવસ્થાની પ્રશંસા કરી હતી. નોંધનીય છે કે, દર વર્ષે ભાવિકભક્તોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા, સુવિધા અને સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને રાખીને વ્યવસ્થાઓ વધુ સુંદર બનાવી છે. પરિક્રમાર્થીઓની તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

# ચૈત્ર નવરાત્રિ મહોત્સવ દરમિયાન સેવા-સાધના-આરાધનાનો અનોખો સંગમ, મૌન અનુષ્ઠાનનો પ્રારંભ

ડાંગ | પ્રકૃતિના હરિયાળા ખોળામાં વસેલા ડાંગ જિલ્લાના વાસુર્ણા ગામે ચૈત્ર નવરાત્રિના પવિત્ર અવસર પર આધ્યાત્મિકતા, સેવા અને જીવદયાનો અનોખો મહિમા ઉજાગર થતો જોવા મળી રહ્યો છે. ગુડી પાડવાના શુભ મુહૂર્તે તેજસ્વિની સંસ્કૃતિધામ ખાતે મહોત્સવનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો, જેમાં ભક્તિ સાથે માનવતા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું જીવંત દર્શન થયું.



મહોત્સવનું મુખ્ય આકર્ષણ બ્રહ્મવાદિની પૂજ્ય હેતલદીદી દ્વારા ધારણ કરાયેલું વિશેષ "મૌન અનુષ્ઠાન" છે. નવ દિવસ સુધી પૂર્ણ મૌન પાળી ઈશ્વર આરાધના, ઉપાસના અને આત્મચિંતન કરવાનો સંકલ્પ લઈને તેઓ આધ્યાત્મિક સાધનાનો ઉચ્ચ આદર્શ સ્થાપિત કરી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં ચૈત્ર નવરાત્રિ દરમિયાન મૌન વ્રત ધારણ કરવું અત્યંત કઠિન અને શ્રેષ્ઠ સાધના માનવામાં આવે છે, જે મન, વાણી અને ચિત્તને શુદ્ધ કરવા માટે મહત્વપૂર્ણ ગણાય છે.આ સાથે જ, "જીવદયા એ જ પ્રભુસેવા"ના મહામંત્રને સાર્થક કરતા કિડીયારું પૂરવાના સેવાયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સુરત ગૌશાળા મંડળના સહયોગથી આશરે 1000 શ્રીફળનો ઉપયોગ કરીને અને વિશાળ પ્રમાણમાં અન્નસામગ્રી - અંદાજે 200 કિલો બાજરીનો લોટ, 100 કિલો બૂરું ખાંડ, 10 કિલો ઘી, કોપરું અને બિસ્કિટ જેવા પદાર્થોનું મિશ્રણ તૈયાર કરી.

# રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરાયું

કમલેશ પટેલ | સંખેડા

બહાદરપુર સમસ્ત ગામ દ્વારા તારીખ 26. 3 .2026 ગુરૂવારના રોજ રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરાયું સંખેડા તાલુકાના બહાદરપુર ગામે ગાતરાત્રીએ ગામના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ તેમજ સમસ્ત આગેવાનો દ્વારા રામ નવમી ના પ્રસંગ ને દીપાવવા રામજી મંદિર ખાતે મોટી સંખ્યામાં મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું અને મીટીંગ દરમિયાન સમસ્ત ગામ લોકો દ્વારા યથાશક્તિ પ્રમાણે દાન એકત્ર કરી ભવ્ય શોભાયાત્રા તેમજ ભંડારો અને ખાસ મિત્રનું કાર્યક્રમ નું પણ આયોજન કરવામાં આવ્યું છે જેને લઈ ઉત્સાહી એવા સમસ્ત ગામના નાગરિકો દ્વારા સૌ ભક્તોને આ પ્રસંગે તમામ ગ્રામજનોને વિનંતી છે.

# સરકારી સેવાઓ : જનકલ્યાણ માટે પ્રશાસનની સક્રિય પહેલ : જાફરાબાદ નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

કિશોરઆર.સોલંકી|જાફરાબાદ

જાફરાબાદ નગરપાલિકા દ્વારા ટાઉનહોલ ખાતે નાગરિકોને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુસર સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેવા સેતુ કાર્યક્રમનું પાલિકા ચિફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામી મામલતદાર સાહેબ તથા નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ તેમજ પદાધિકારીઓ ના વરદહસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતુ રાજ્ય સરકાર દ્વારા સામાન્ય નાગરિકોને સરકારીસેવાઓસરળતાથીઅનેપારદર્શક રીતે ઉપલબ્ધ થાય તે હેતુથી જાફરાબાદ શહેરના નાગરિકો માટે સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓ નો લાભ સરળતાથી અને એક જ સ્થળે ઉપલબ્ધ કરવા માટે તા/૧૮/૦૩/૨૦૨૬ ના રોજ



સેવા સેતું કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત નાગરિકો ને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓ અંગે માર્ગદર્શન સાથે જરૂરી અરજી ઓ સ્વીકારવાની સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેલી હતી કાર્યક્રમમાં આધાર નોંધણી (૧૮ વર્ષથી ઓછી વયજૂથ માટે) આધાર કાર્ડ સુધારા રાશનકાર્ડ માં નામ દાખલ કમી સુધારા તથા નાગરિકો ને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે e-kyc જેવી સેવાઓ સ્થળ પર જ પૂરી પાડવામાંઆવીહતી.

# રાજુલા શ્રી સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત ઈષ્ટદેવ શ્રી એકલિંગેશ્વર મહાદેવનો ભવ્યાતિભવ્ય પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો



**કાત્યાયાની મહિલા મંડળને પણ સન્માનિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભવ્ય શોભાયાત્રા સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ**

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આ પવિત્ર પ્રસંગે ભક્તિભાવ અને ઉત્સાહનું અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું.મહોત્સવ દરમિયાન દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કાત્યાયાની મહિલા મંડળને પણ સન્માનિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભવ્ય શોભાયાત્રા સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં સમાજજનો જોડાયા હતા.રાજુલા શહેરમાં આહીર સમાજની વાડીથી ભગવાન એકલિંગજીની ભવ્ય શોભાયાત્રા મુખ્ય માર્ગો પર ફરાવવામાં આવી હતી. યજ્ઞ, ભોજન પ્રસાદ તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ભાવપૂર્વક ભાગ લીધો હતો.

આ સમગ્ર આયોજન સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખ ભરતભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો, જે સમાજ માટે ગૌરવની બાબત બની રહી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં હાપા એપીએમસી ખાતે વિશાળ ખેડૂત સંમેલન યોજાયું






વિશાલ જે હરવરા જામનગર

જામનગર તા.૧૯ માર્ચ, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં હાપા એપીએમસી ખાતે વિશાળ ખેડૂત સંમેલન યોજાયું હતું.

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - હાપા દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ હાપા એપીએમસી ખાતે રૂ.૮૫ લાખના ખર્ચે બનાવવામાં આવેલ ખેડૂત ભોજનાલય અને રૂ.૬૫ લાખના ખર્ચે બનાવવામાં આવેલ ખેડૂત આરામ ગૃહનું ઈ-લોકાર્પણ કર્યું હતું.

કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, હાપા એપીએમસી ખાતે ખેડૂત ભાઈઓ માટે ભોજનાલય અને ગેસ્ટ હાઉસ બનાવવામાં આવ્યું છે. જેના થકી યાર્ડમાં જ ખેડૂતોને નહિવત દરે શુદ્ધ ભોજન અને આરામ કરવાની સુવિધા ઉપલબ્ધ બની છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ વિકસિત ભારત માટે રજૂ કરેલા 'જ્ઞાન'ના ચાર પિલ્લર એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ પૈકી અન્નદાતા તરીકે ખેડૂતો મુખ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખેડૂતો પ્રત્યે હર-હંમેશ સંવેદના દર્શાવે છે. તેમના પ્રયાસોથી ખેડૂતોનું જીવન ઉન્નત થયું છે. સૌની યોજના થકી ખેડૂતોના ખેતરો સુધી નર્મદાનું પાણી પહોંચ્યું છે. ખેડૂતોને ૨૪ કલાક વીજળી મળી શકે તે હેતુથી સરકારે જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકી છે. આ ઉપરાંત પણ ખેતીમાં ખેડૂતોને ઉપયોગી થઈ શકાય તે માટે સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. નાના ખેડૂતોનું જીવન ધોરણ ઊંચું આવે, એ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોને ખેતી માટે પાણી અને વીજળી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગરને આપી રૂ. ૪૧૨.૧૬ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ






વિશાલ જે હરવરા જામનગર

જામનગર તા. ૧૯ માર્ચ, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે ચૈત્રી નવરાત્રી, ચેટીચાંદ અને નૂતન વર્ષ પ્રતિપદાના પવિત્ર અવસરે જામનગર જિલ્લાને રૂ. ૪૧૨.૧૬ કરોડના ખર્ચે ૫૭ જેટલા વિકાસકાર્યોની ભેટ ધરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી વિરાસત ભી'ના મંત્રને આજે જામનગરમાં રાજ્ય સરકાર દ્વારા સાકાર કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ જ દિવસમાં ભરૂચ, પંચમહાલ અને દાહોદ બાદ આજે જામનગર સહિત કુલ રૂ. ૨,૯૨૩ કરોડના વિકાસકામો લોકાર્પિત કરીને રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ અને જનસુખાકારીનો નવો અધ્યાય શરૂ કર્યો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, એક સમયે સૌરાષ્ટ્રમાં પાણી અને વીજળીની ભારે અછત હતી, પરંતુ વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વમાં 'સૌની યોજના' અને 'જ્યોતિગ્રામ યોજના' દ્વારા અંધારા ઉલેચીને ખેતરો સુધી નર્મદાના નીર પહોંચાડવામાં આવ્યા છે.શહેરી વિકાસના નવા આયામો અંગે વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫થી શરૂ થયેલી શહેરી વિકાસની ઉજવણીથી આજે રાજ્યના નગરોનો નકશો બદલાઈ ગયો છે. અગાઉ ગટરના ઢાંકણા માટે પણ ફંડની તંગી અનુભવતી નગરપાલિકાઓ આજે એક જ દિવસમાં કરોડોના કામો કરી રહી છે.

# એસ એમ સી દ્વારા બાળકોને હનુમાનજીના થાળ નિમિત્તે બટુક ભોજન કરાવવામાં આવ્યું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ શ્રી જુના માલકનેસ પ્રા.શાળામાં એસ. એમ. સી દ્વારા બાળકોને હનુમાન દાદા નો થાળ નિમિત્તે શ્રી જૂના માલકનેશ પ્રાથમિક શાળાના બાળકોને હનુમાન દાદા ના લાડુ,રોટલી, શાક,દાળ,ભાત વગેરેનું ભોજન પીરસવામાં આવ્યું, જેમાં એસ. એમ.સી અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ રાણીંગભાઈ ખુમાણ, ઘનશ્યામભાઈ જાદવ, સંજયભાઈ શિયાળ, જૈતાભાઈ ખુમાણ, વનરાજભાઈ વરુ, મમતાબેન બાંભણિયા ગીતાબેન વિપુલભાઈ જાદવ, શિક્ષણવિદ દેવકુભાઈ વરૂ, કંચનબેન વિનુભાઈ સાગઠીયા તેમજ ગામના આગેવાન મગનભાઈ સાવલિયા,શૈલેષભાઈ શિયાળ, મંગળુભાઈ બોરીસા વગેરે હાજર રહ્યાં હતાં,તમામ રસોઈ ભાણાભાઈ દ્વારા બનાવવામાં આવી હતી શાળા સ્ટાફ,એસ. એમ. સી સભ્યો તેમજ ગામના સામાજિક આગેવાનોએ સમૂહ ભોજન કર્યું હતું. તેમજ દરેક બાળકોને શાળાના આચાર્ય દ્વારા કેન્ડી આપવામાં આવી હતી શાળા સ્ટાફ આચાર્ય શ્રી કપિલભાઈ ઉપાધ્યાય, કૃતિબેન તંતી, રાઠોડ, મધ્યાહન ભોજન વ્યવસ્થાપક કનુભાઈ ડાભી દ્વારા પૂરતો સહયોગ આપવામાં આવ્યો હતો.જે આજનો દિવસ બાળકો માટે યાદગાર બની રહ્યો હતો. આ સેવાકીય કાર્યક્રમમાં એસ. એમ.સી. અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ રાણીંગભાઈ ખુમાણની આગેવાની હેઠળ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઘનશ્યામભાઈ જાદવ, સંજયભાઈ શિયાળ, જૈતાભાઈ ખુમાણ, વનરાજભાઈ વરુ, મમતાબેન બાંભણિયા, ગીતાબેન વિપુલભાઈ જાદવ તેમજ જાણીતા શિક્ષણવિદ દેવકુભાઈ વરૂ અને કંચનબેન વિનુભાઈ સાગઠીયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગામના અગ્રણીઓ મગનભાઈ સાવલિયા, શૈલેષભાઈ શિયાળ અને મંગળુભાઈ બોરીસાએ પણ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.સમગ્ર ભોજનની રસોઈ ભાણાભાઈ દ્વારા અત્યંત સ્વાદિષ્ટ રીતે તૈયાર કરવામાં આવી હતી. ભોજન બાદ શાળાના આચાર્યશ્રી દ્વારા દરેક બાળકને કેન્ડીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ ભોજન સમારોહમાં માત્ર બાળકો જ નહીં, પરંતુ શાળાનો સ્ટાફ, એસ.એમ.સી. સભ્યો અને ગામના સામાજિક આગેવાનોએ પણ સાથે બેસીને સમૂહ ભોજન કરી સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના આચાર્ય શ્રી કપિલભાઈ ઉપાધ્યાય, શિક્ષિકા કૃતિબેન તંતી, શ્રી રાઠોડ સાહેબ તેમજ મધ્યાહન ભોજનના વ્યવસ્થાપક કનુભાઈ ડાભી દ્વારા પૂરતો સહયોગ આપવામાં આવ્યો હતો. ગ્રામજનોના મતે, આવા કાર્યક્રમોથી બાળકોમાં સંસ્કાર અને સહભાવનાનું સિંચન થાય છે.

# પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું લુણાવાડા ખાતે ઉમળકાભેર સ્વાગત

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આજરોજ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દાહોદ જિલ્લાના પ્રવાસે જઈ રહ્યા હતા, તે દરમિયાન મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે તેમનું આગમન થતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. લુણાવાડાના પરશુરામ ચોક ખાતે તેમણે ટૂંકી મુલાકાત લઈ કાર્યકરો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા એ પરશુરામ ચોક ખાતે ભગવાન પરશુરામના દર્શન કરી



આશીર્વાદ મેળવ્યા હતા. બ્રહ્મ સમાજ, વિશ્વકર્મા સમાજના આગેવાનો તેમજ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય જિગ્નેશ સેવકના કાર્યાલય નિવાસસ્થાને યોજાયેલી આ મુલાકાતમાં જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા, ભાજપ પ્રદેશ મંત્રી મુક્તિબેન, મહામંત્રીઓ, પૂર્વ સાંસદો, પૂર્વ ધારાસભ્યો તેમજ મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ મુલાકાતથી કાર્યકરોમાં નવો જોમ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. જગદીશ વિશ્વકર્માએ તમામ કાર્યકરોનો આભાર વ્યક્ત કરી સુખસર ખાતે જવા રવાના થયા હતા.

# લુણાવાડામાં 'હર હર મહાદેવ'નો નાદ: શ્રી એકલિંગજી મહાદેવનો ભવ્ય પાટોત્સવ ઉજવાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાનું લુણાવાડા નગર 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું . દેશભરમાં વસતા મેવાડા બ્રાહ્મણોના આરાધ્ય દેવ શ્રી એકલિંગજી મહાદેવના ભવ્ય પાટોત્સવની લુણાવાડામાં ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વર્ષોની પરંપરા મુજબ દર વર્ષે ફાગણ વદ-૧૪ના પવિત્ર દિવસે મહાદેવનો ભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવે છે. આ જ પરંપરા અનુસાર મહીસાગર જિલ્લાના લુણાવાડા નગરમાં ઘાંટી ખાતે આવેલા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો



દ્વારા એકલિંગજી મહાદેવ મંદિરે પાટોત્સવની ખૂબ જ દિવ્ય અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે ઘાંટી સ્થિત એકલિંગજી મંદિરથી શોભાયાત્રા વાજતે-ગાજતે નીકળી હતી. આ શોભાયાત્રા જ્યારે નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ત્યારે વાતાવરણ શિવમય બની ગયું હતું. માર્ગમાં આવતા વિવિધ મંદિરોમાં પરંપરા મુજબ મહાદેવનું ભવ્ય સ્વાગત, વિશેષ પૂજા-અર્ચના અને મહાઆરતી કરવામાં આવી હતી. એકલિંગજી મહાદેવના આ પાટોત્સવમાં સમગ્ર લુણાવાડા નગરમાં ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસનો માહોલ જોવા મળ્યો હતો. અબાલ-વૃદ્ધ સૌ કોઈ શ્રધ્ધા અને ભક્તિથી તરબોળ જોવા મળ્યા હતા. હર હર મહાદેવના ગગનભેદી નાદ સાથે લુણાવાડાનું વાતાવરણ શિવમય અને ભક્તિસભર બની ગયું હતું.

### નખત્રાણા નગરે ૮૪મો નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

# ૧૪૦ દર્દીઓની તપાસ, ૨૦ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ મોકલાયા

જગદીશ દવે |દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે શ્રી નખત્રાણા લોહાણા મહાજનના સાંનિધ્યમાં અને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટના સહયોગથી ૮૪મો નિશુલ્ક નેત્ર નિદાન અને સારવાર કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો.કેમ્પમાં કુલ ૧૪૦ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાં તમામને નિશુલ્ક ટીપા અને દવાઓ આપવામાં આવી હતી. તેમાંમાંથી અંદાજે ૨૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે બસ દ્વારા રાજકોટ મોકલવામાં આવ્યા હતા.કેમ્પનું ઉદ્ઘાટન કાયમી સહયોગી દાતા શ્રીમતી



હેતલબેન કૌશિકભાઈ ઠક્કર તથા મહાજનના આગેવાનો, દાતાશ્રીઓ અને રાજકોટથી આવેલ ડોક્ટરશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હેતલબેન ઠક્કરનું સમાજ દ્વારા સન્માન પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમે જણાવ્યું હતું કે, દર્દીઓને ચા-પાણી અને ઓપરેશન માટે જતા દર્દીઓને ફ્રુટ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.



કમોસમી માવઠાનું વાતાવરણ સર્જાયું છે ત્યારે જગતનો કમોસમી માવઠા કે વાવાઝોડાથી રવિ સિઝનનો તૈયાર થયેલ પાક બગડે નહી જેથી ચાણસ્મા પંથકના ખેડુતો એરંડા ઘઉ સહિતના પાકો લેવામાં જોતરાયા.

નિતીન ઠાકર ચાણસ્મા

# ગિર કનકાઈ માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રી નિમિત્તેનો ત્રિ દિવસીય મહોત્સવ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

વિસાવદર તા.૧૮ આધ્યા શક્તિ પ્રારંબિકા રાજ રાજેશ્વરી બાલાત્રિપુર સુંદરી શ્રી કનકેશ્વરી માતાજી ના મંદિર, ગિર કનકાઈ ખાતે દર વર્ષ મુજબનું આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે, તો દરેક માઈ ભક્તે આ ત્રિદિવસીય કાર્યક્રમમાં ભક્તિમાં તરબોળ થવા તથા માતાજીની સેવાનો લાભ લેવા શ્રી માતાજી કનકેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓએ સર્વે માઈ ભક્તોને આમંત્રણ પાઠવેલ છે. કુંભ સ્થાપન ચૈત્ર સુદી એકમને ગુરૂવાર તારીખ ૧૯-૦૩-૨૦૨૬ ના રોજ સવારે શુભ મુહૂર્તે શ્રી સુજીતભાઈ બી.ભાવસાર પરિવાર તરફથી થશે, હવન અષ્ટમી ચૈત્ર સુદ આઠમને




ગુરૂવાર તારીખ ૨૬-૦૩-૨૦૨૬ના રોજ હોમાત્મક ચંડી યજ્ઞ સવારે 8:00 કલાકેથી પૂજા વિધિથી શરૂ થશે, શ્રીફળ હોમવાનો/પૂર્ણાહુતી હોમ સાંજે 4:30 કલાકે થશે , હવન અષ્ટમીના મુખ્ય મનોરથી સ્વ.શ્રી જશવંતીબેન અમૃતલાલ શાહના સુપુત્ર અનિલભાઈ અમૃતલાલ શાહ પરિવાર છે, રામનવમી ચૈત્ર સુદ નોમ ને શુક્રવાર તારીખ ૨૭-૦૩-૨૦૨૬ના રોજ રામ જન્મોત્સવ ઉજવાશે તેમાં સંત શિરોમણી સીતારામ બાપુ, શિવકુંજ આશ્રમ, અધેવાડા, રામેશ્વરાનંદજી સરસ્વતી તથા પૂજ્ય વરુણાનંદ સરસ્વતી ઉપસ્થિત રહેશે, અતિથિ વિશેષ તરીકે સંતશ્રી વિજય બાપુ સતાધાર વાળા ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે, આ કાર્યક્રમ સવારે 9:30 કલાકેથી શરૂ થશે, રામ નવમીના મુખ્ય મનોરથી સ્વ. ધીરીબેન રામભાઈ ડોડીયા પરિવાર છે. આ સંસ્થાના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ જાની તથા તેમની ટીમ દ્વારા આ ત્રિદિવસીય ઉત્સવમાં ઉપસ્થિત રહેવા સર્વેને નિમંત્રણ પાઠવેલ છે.

# અંજાર શહેર યુવા ભાજપ મંત્રી તરીકે વેદાંત પોમલની વરણી કરાઈ

મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉત્સાહી અને તેજસ્વી યુવા શ્રી વેદાંત શૈલેષભાઈ પોમલની અંજાર શહેર યુવા ભાજપ મંત્રી તરીકે વરણી થતાં ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ પ્રમુખ શ્રી દેવેનભાઈ કે.હેડાઉ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ પિંકીબેન એન .કટ્ટા



તેમજ યુવક મંડળ પ્રમુખ અમિત ભાઈ બારમેડા તેમજ હોદ્દેદારો ,કારોબારી ટીમે અભિનંદન પાઠવી રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રમાં ઉતરોતર પ્રગતિની શુભકામના વ્યક્ત કરી હતી.

## વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ મહાનગર અંતર્ગત ગિરનાર પ્રખંડ મા "રામોત્સવ કાર્યક્રમ નિમિતે મહાઆરતી"નું દિવ્ય આયોજન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯. વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢ મહાનગર અંતર્ગત ગિરનાર પ્રખંડ મા 'રામોત્સવ કાર્યક્રમ નિમિતે મહાઆરતી' નું દિવ્ય આયોજન દિનાંક:૨૧/૦૩/૨૦૨૬ને શનિવારે સાંજે ૫:૩૦ થી ૬: ૩૦ શ્રી વડલેશ્વર મહાદેવ મંદિર,વણઝારી ચોક, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે, જેમા સર્વ ધર્મપ્રેમી જનતાને પધારવા સંસ્થા તરફથી ભાવભર્યું આમંત્રણ છે.વિશેષ માહિતી માટે :. શ્રી રવિભાઈ શાહ, ગિરનાર પ્રખંડ સહ મંત્રી,મોં.79907 72018 નો સંપર્ક કરવો. ગિરનાર પ્રખંડ મંત્રીશ્રી હિરેનભાઈ પાંડે, મો.94092 44547 બૌદ્ધિક:.જોગીભાઈ કોટેચા, વિશ્વ હિન્દુ પરિષદ,જૂનાગઢ મહાનગર બાળ સંસ્કાર કેન્દ્ર પ્રમુખ તેમ શ્રી વિપુલભાઈ રાવત, મંત્રીશ્રી,વિશ્વ હિન્દુ પરિષદ,જૂનાગઢ મહાનગર મોં.9726782383 એ એક યાદીમાં જણાવ્યું છે.

# માધાપર કચ્છ ખાતે 44 વર્ષ બાદ મોરારી બાપુની રામકથાનો પ્રારંભ 21 માર્ચથી, તૈયારીઓને અપાયો આખરી ઓપ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ભુજ નજીકના માધાપર ગામે 44 વર્ષ બાદ ફરી એકવાર મોરારી બાપુની પવિત્ર રામ કથાનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. કચ્છમાં યોજાનારી આ 36મી કથાનો પ્રારંભ આવતી 21 માર્ચથી થશે.માધાપર ગામના ત્રિભુવન ખેતર સ્થિત ગોરસીયા ફાર્મ ખાતે કથાની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. કથાના મુખ્ય દાતા અને મનોરથધારી ધીરેશ ધનજીભાઈ દબાસીયાએ જણાવ્યું હતું કે, "હું માત્ર નિમિત છું, કથામાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તે માટે વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે."

આ ભવ્ય આયોજનમાં પ્રવીણભાઈ તન્ના સતત માર્ગદર્શન આપી રહ્યા છે. કથાને ધ્યાનમાં રાખીને વિશાળ "કથા ગામ" તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે 50 થી 70 હજાર લોકો



એકસાથે કથાનું શ્રવણ કરી શકશે. ઉપરાંત ભોજનશાળા, પાર્કિંગ સહિત તમામ સુવિધાઓ સુવ્યવસ્થિત રીતે ઉભી કરવામાં આવી છે.

આ આયોજનમાં મોહનભાઈ ધારશી, વેલજીભાઈ આહીર, વિનોદભાઈ સોલંકી, ઘનશ્યામ જોશી, રીસી જોશી, ભાવેશભાઈ આઈયા, જય સચદે, મનોજ ઠક્કર, જીગર રાજદે, યોગેશ ગજ્જર, વિનેશભાઈ સાધુ, હિતેશભાઈ સોની સહિતના સેવાભાવી કાર્યકરો સક્રિય રીતે જોડાયા છે. બહેનોમાં હંસાબેન હરસિયાણી તથા રસોડાની વ્યવસ્થામાં હરેશભાઈ ઠક્કર, હીરાલાલ ઠક્કર અને જયસુખભાઈ ઠક્કર મહત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે.

માધાપરના પૂર્વ સરપંચ અરજણ ભૂડીયાએ જણાવ્યું હતું કે, આ કથામાં મિસ્ત્રી સમાજ, આહીર સમાજ, પટેલ સમાજ, વણકર સમાજ, ગઢવી સમાજ સહિત 18એ વર્ણના લોકો સહભાગી બની ભક્તિ અને એકતાનો અનોખો સંદેશ આપશે. આ માહિતી ઉમેશ આચાર્ય દ્વારા આપવામાં આવી છે. નિમિત્ત બની સેવા કરવાનો લ્હાવો: ધીરેશભાઈ દબાસીયા કથાના મુખ્ય દાતા અને મનોરથધારી ધીરેશ ધનજીભાઈ દબાસીયાએ પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'હું તો માત્ર એક નિમિત્ત છું, ભગવાનની ઈચ્છાથી આ લ્હાવો મળ્યો છે. કથામાં આવતા કોઈ પણ ભાવિકને અગવડ ન પડે અને વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તે માટે અમારી ટીમ રાત-દિવસ કાર્યરત છે.' આ સમગ્ર આયોજનમાં પ્રવીણભાઈ તન્ના દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

વિકસાવવામાં આવ્યું અત્યાધુનિક 'કથા ગામ' કથા શ્રવણ માટે આવનારા અંદાજે 50 થી 70 હજાર લોકોની સુવિધા માટે એક વિશાળ 'કથા ગામ' ઊભું કરવામાં આવ્યું છે.

# વઘઇ પોલીસની સરાહનીય કામગીરી કલાકોમાં પીક-અપ ચોરીનો ભેદ સાથે :- બે ની ધરપકડ..

ડાંગ | ડાંગ જિલ્લાના વઘઇ ટાઉનમાંથી રાત્રિના સમયે ચોરાયેલી પીક-અપ ગાડીના ગુનાનો ભેદ વઘઇ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આ મામલે બે આરોપીઓની ધરપકડ કરી રૂા. ૮,૦૦,૦૦૦/- ની કિંમતની પીક-અપ રિકવર કરી છે. ફરિયાદી મહમદ અયાઝ નાસીરભાઈ ધાનાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પીક-અપ (રજીસ્ટ્રેશન નંબર: GJ-26-U-1848) વઘઇ હનુમાન ફળીયા પુલ પાસે રોડની સાઈડમાં પાર્ક કરેલી હતી. રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો આશરે ૮ લાખની કિંમતનું આ વાહન ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે વઘઇ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૩૦૩(૨) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી.જેમાં વઘઇ પોલીસ મથકનાં પી.આઈ.વી.કે.



ગઢવીની ટીમ દ્વારા તપાસ માટે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સની મદદ લેવામાં આવી હતી. ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરીને પોલીસે શંકાસ્પદોની પૂછપરછ શરૂ કરી હતી.પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં જ મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદ પરથી નીચે મુજબના બે આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.પોલીસે દેવીદાસભાઇ રામજ્યાભાઇ ભોયે (ઉ.વ. ૪૨)રહે. મોટામાળગામ, તા. સુરગાણા, જિ. નાસિક મહારાષ્ટ્ર) અને મધુભાઇ રામજ્યાભાઇ ભોયે (ઉ.વ. ૩૫ રહે. જામનવિહિર ગામ, તા. આહવા, જિ. ડાંગ)ની અટકાયત કરી.

# રાજુલા તાલુકાના દરિયા વચ્ચે આવેલા શિયાળબેટ ટાપુને મળશે હવે થ્રી ફેઝ લાઈટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના દરિયાઈ વિસ્તારમાં આવેલ શિયાળબેટ ટાપુ માટે મહત્વપૂર્ણ વિકાસનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) રાજકોટ દ્વારા ટાપુના રહેવાસીઓને વિશ્વસનીય અને સતત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવા માટે થ્રી ફેઝ લાઈટ આપવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે.વર્ષ ૨૦૧૧ માં આવેલા વાવાઝોડા દરમિયાન સમુદ્રી કેબલ અને વીજ વાયરોને ભારે નુકસાન પહોંચતા ટાપુનો વીજ પુરવઠો અસરગ્રસ્ત બન્યો હતો. આશરે ૮૫ જેટલા લોકો વસવાટ કરતા આ ટાપુ પર હાલ સુધી સ્થિર વીજ

### તાઉતે વાવાઝોડા દરમિયાન નાશ પામેલો વિજ પૂરવઠો અચાનક યાદ આવ્યો

પુરવઠાની સમસ્યા યથાવત રહી હતી.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને PGVCL દ્વારા સમુદ્રની અંદરથી ૧૧ kV સિંગલ કોર કોપર સબમરીન કેબલ લગભગ ૨૬ કિલોમીટર સુધી બિછાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ટેન્ડર પૂર્ણ થયા બાદ એલ-વન બીડર તરીકે અંબાસીપી કંપનીને કામ સોંપવામાં આવ્યું છે.લગભગ ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેના અંતર્ગત શિયાળબેટ ટાપુને હવે સ્થિર અને ગુણવત્તાસભર થ્રી ફેઝ વીજ પુરવઠો મળશે.આ પ્રોજેક્ટ માટે રાજુલા વિસ્તારના ધારાસભ્ય રજૂઆત કરવામાં આવી હતી. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ટાપુના રહેવાસીઓને વીજળી સંબંધિત મુશ્કેલીઓમાંથી મોટી રાહત મળશે અને વિકાસને પણ નવી દિશા મળશે.

## નખત્રાણામાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સેવા કાર્યક્રમ યોજાશે : પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલી ઘરનું વિતરણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ અને શ્રી સાંઈ જલારામ સેવા સમિતિ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ ચકલી ઘરનું નિશુલ્ક વિતરણ કરવામાં આવશે.



ઉનાળાની ઋતુમાં પક્ષીઓને પાણી અને આશ્રય મળી રહે તે હેતુસર આ પહેલ કરવામાં આવી રહી છે.કાર્યક્રમ તા. 20 માર્ચ 2026, શુક્રવારે સાંજે 4:00 કલાકે યોજાશે. સ્થળ તરીકે શ્રી સાંઈ જલારામ મંદિર, આનંદ નગર, નખત્રાણા નક્કી કરવામાં આવ્યું છે.

# ચલ ને ચકલા પેલા મોલ માં જઈને માળો બાંધી એ, ચકલો મૂંઝાયો ને બોલ્યો...

ચલ ને ચકલી માળો બાંધીએ મજાનો,
ચકલી શરમાઈ ને બોલી કે પહેલા લગ્ન,
ચકલો બોલ્યો કે લગ્નની શું ઉતાવળ છે?
તું કાચી કુંવારી મારા હૃદીયા ની રાણી..

સાચું કહું જીવન રસ ને શોધતા શોધતા પ્રથમ નોરતે અમદાવાદ ના કુળદેવી "ભદ્રકાળી માઁ" ના મંદિરે દર્શન કરવા ગઈ મે રસ્તાની બન્ને બાજુએ ઓવર બ્રિજ ના થાંભલા ઓ પર નવા સુંદર વસેલા ઘર જોયા.આ ઘર નિહાળતા લાગ્યું કે પક્ષીઓ બીજા જન્મ માં માણસ બનતા હશે ને ત્યારે આર્કિટેક બનવાનું પસંદ કરતા હશે. બી. આર.ટી.એસ સ્ટેશનની બખોલો માં અને ઓવર બ્રિજ ના થાંભલા ની બખોલ માં પક્ષીવૃંદ ના કલરવ સાંભળતા કોંક્રિટ ના જંગલો નો આભાસ થતો હતો. કાબરો ના ગ્રુપ ને કાગડાઓ ના ગ્રુપ સાથે મીઠી મધુરી વાતો કરતા જોઈને થયું કે વાહ!!કેટલું સારું પક્ષીઓને "ભાષા" ના સીમાડા નડતા નથી બધા ને બધુય સમજાય જાય છે. કબરો ના ગ્રુપની પંચાત એ હતી કે કાગડી ઓ આપણા થી એવો તો શું ગુનો થયો? કે ચકલી દિવસ ઉજવાય ને કાબર કાગડા દિવસ ના ઉજવાય.ખબર છે મોબાઈલ પર લેખક નું wp અને fb એકાઉન્ટ ઓપન કર્યું તો એમાં ચકલીઓના સુંદર સુંદર કાવ્યો વાંચ્યા હતા. કાગડા ના સેનાપતિ એ મોટી ચાંચ ને ધાર દેતા કીધું કે માફ કરજો કાબર બેન નાના મોઢે મોટી વાત કરું છું.માત્ર બાવીસ વર્ષનો કુંવારો છું આજ સુધી વિશ્વ સુંદરી કાગડીઓ પર નજર સુધા નાખી નથી.આપણા સંસ્કાર સંસ્કારી એટલે કામ થી કામ રાખો. યમરાજા ને મારું કાર્ય પસંદ આવે છે એટલે તો ખબર કે પિતૃ દિવસો માં કાગડાઓ ની બલ્લે બલ્લે હોય છે. વેજ કે નોન વેજ જે ખાવુ હોય એ બધું ઘરેઘરે ધાબા પર મુકાઈ જાય છે. ચકલીઓ માટે તો સ્વાર્થી ધોખેબાજ મનુષ્ય જાતિ એક દિવસ ફાળવે છે જ્યારે અમારા માટે તો પૂરો મહિનો.. કાબર ના ગ્રુપ ને કાગડાની વાત માં ડંફાસ વધારે લાગતા એ બધા એકી સાથે ખોરાક ની તલાસ માં ઉડી ગયા.

ચલ ને ચકલા પેલા મોલ માં જઈને માળો બાંધી એ,
ચકલો મૂંઝાયો ને બોલ્યો કે પ્રિય,તું નાજુક નમણી..

ઓવર બ્રિજ ના થાંભલાઓ માંથી પસાર થઈ રહેલ કાળા લાંબા વાળ ધરાવતા જુવાન ફૂટડા ઊંટ ને જોતાજ એના પ્રેમ પડી ગઈ હતી.આમ તો મારું ફેવરિટ પ્રાણી વાઘ છે એટલે ઊંટ ને જોતાજ ઈમ્પ્રેસ કેમ થઈ? આ પ્રશ્ન નો જવાબ મને સમજાતો નથી. રસ્તા માં પસાર થઈ રહેલ કાળા વાળ ધરાવનાર હેન્ડસમ ઊંટ થી ઈમ્પ્રેસ થતા બાજુ માં બિરાજમાન પતિદેવ ને પૂછ્યું હતું કે વાઘ ને બદલે ઊંટ કેમ? પતિદેવ એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે શ્રીમતીજી,સ્કૂલ માં ભણતા હતા ત્યાર થી પ્રાણી તમારી અને તમે પ્રાણી ની નબળાઈ છે એટલે જ તો ઝુ ની મુલાકાતે તમને લઈ જતા ડરું છું,કેમ? અરે!!સમજો. ચકલી ની દોસ્તી સારી પણ વાઘ સાથે ફ્રેન્ડશિપ ખાતર નાક સાબિત થાય છે. પતિદેવની બોરિંગ વાતો થી કંટાળી ને બાલ્કની ના ઝૂલા પર બેઠી ત્યાં અચાનક નજર સમક્ષ સુંદર દશ્ય જોતા ખુશી વધી ગઈ.બાલ્કની ની ભીંત ઉપર લટકતા માટી ના માળા લટકાવ્યા ત્યારથી ખાલી હતા. ચી..ચી..ચી..માટી ના માળા ની અંદર ગુંજરાવ સાંભળતા મારું મન પુલકિત બની ને આનંદિત થઇ ગયું હતું.ખબર નહી કેમ? મને જોતાજ માટી ના માળા માંથી ચકલા ચકલી બહાર નીકળીને બાલ્કનીની લોખંડની ગ્રિલ પર બેસી ને બે ત્રણ વાર ચી..ચી.. બોલીને પોતાની ભાષા માં"ધન્યવાદ" બોલ્યા.



વર્લ્ડ સ્પેરો ડે

- રુપાલી દવે

થયું પારેવા ને કે નક્કી પ્રસંગ માં શરણાઈ વાગશે,
કેમ?વાસ્તુ પ્રસંગ થવાનું ચકલી ના સુંદર માળાનું,

ઘર આંગણે ચકલા ચકલી એ માળો બાંધ્યો એ પરિવાર માટે પૌત્ર જન્મ થયો ન હોય એવો બધાના મોઢાં પર હરખ હતો.ચકલા ચકલી ને ઘર પસંદ પડ્યું એના ચોવીસ કલાક ની અંદર એણે એનો માળો સુંદર રીતે સજાવી દીધો હતો. ચકલા ચકલી ના હરખ માં હરખાઈ ને પાણી અને ચણ ની વ્યવસ્થા સાથે બાલ્કની ની શાંતિ જળવાઈ એનું ધ્યાન રાખવા લાગ્યા. મનુષ્ય અને પક્ષી વચ્ચે એક જ ફર્ક છે મનુષ્ય માળો બંધાશે કે નહી એ નક્કી ન હોય એ પહેલા જ ભવિષ્ય ની ચિંતા કરશે. જ્યારે ટૂંક સમય ગાળા માંજ માદા ઈંડા મૂકશે એની જાણ થયા બાદ નર એના બચ્ચા નું રક્ષણ અને પોષણ થાય એવી જગ્યા એ માળો બાંધે છે.

પોપટ ને ભારે પંચાત એ પક્ષી ચકલી સમુદાયની,
ચકલીઓના ચી ચી કર્કશ સંગીતમાં એવું તે શું છે?

વસંત એ અને પાનખર ઋતુ વચ્ચે જે ફર્ક છે ને એવો લગ્ન પહેલા અને લગ્ન બાદ પરણિત પુરુષ નું જીવન સમજો. આમ તો વસંત ઋતુ ને ઋતુઓનો રાજા માનવા આવે છે ફાગણ અને વૈશાખ નામની સહેલીઓ સાથે ધરા પર પ્રગટ થાય છે ત્યારે કવિ કાલિદાસ ના શબ્દો "પ્રેમ.. આશિકી..નો આવિર્ભાવ સર્જાય છે.પ્રકૃતિ ની નજીક રહેતા પક્ષીઓ અને પ્રાણીઓ વસંત ઋતુ ના આગમન સાથે મેલ પક્ષીઓ મીઠા મધુરા પ્રેમભર્યા ગુંજરાવ કરીને ફિમેલ પક્ષીને પોતાના તરફ આકર્ષતા હોય છે. આ કારણોસર માર્ચ અને એપ્રિલ મહિનામાં પક્ષીઓ ઈંડા ના રક્ષણ માટે માળા બનાવતા હોય છે. કેવું વિચિત્ર છે?પક્ષીઓ પોતે ખુલ્લા આકાશ માં વિહરે છે.. ઝાડ ની ડાળ પર બેસી ને નિંદ્રા કરે છે..ટાઢ,તડકો અને અનરાધાર વરસાદ વગરે વગેરે પક્ષીને સમસ્યા લાગતી નથી પણ જવાબદારી એટલે ઈંડા માંથી કોમળ બચ્ચા નીકળશે ત્યારે વાતાવરણ ને કોમળ બચ્ચાં સહન કરી શકશે નહી તો..કદાચ આવું વિચારીને પક્ષીઓ માળો બનાવતા હશે..

ઘણો ઉત્સાહ ચકલી ના મનને ઘરનું ઘર બનાવવાનો,
ચકલા એ પ્રેમથી કીધું કે ચકીરાની,માળામાં જ મજા,
બચ્ચા ઊડી જશે તો વિયોગમાં માળો વિખેરી શકાય,
નાનેરા કદ થી સિમેન્ટ કોંક્રિટના મકાન ન તોડી શકાય..

વિશ્વ વર્લ્ડ સ્પેરો ડે શું કામ ઉજવે છે? આ દિવસ ની શરૂઆત ૨૦૧૦ ની ૨૦મી માર્ચ એ નેચર ફોરેવર સોસાયટી ઈન્ડિયા ના સ્થાપક મોહમદ દિલાવર ના પ્રયાસો થી થઈ હતી. મનુષ્ય ની જીભ ના સ્વાદની લાલસા માં દર વર્ષે નાનકડી ચકલી સમુદાય નો શિકાર મોટા પ્રમાણમાં થતો હોય છે.આ ઉપરાંત શહેરીકરણ અને પ્રદૂષણ નું પ્રમાણ વધતા મકાનો ની સંખ્યા ઘટી ને ફ્લેટ્સ ની સંખ્યા વધતા જંગલો વિસ્તાર ઓછો થવા લાગ્યો છે. વીસ પચીસ વર્ષ પહેલા ઘરનું આંગણું મોટું અને ઘર ની ઓસરી લાંબી,બારી બારણા ને હવાની અવર જવર માં બંધ રહેતા નહતા એટલે મોટાભાગ ના મકાનો ના બેઠક ખંડ માં લટકાવેલી છબીઓ અને ટ્યુબલાઈટ પર કમ સે કમ દસ બાર ચકલીઓના ઘર વસતા હતા. કોંક્રિટ ના જંગલો ની છત પર ઊભેલ મોબાઈલ ટાવરો ના રેડિયેશન ની અસર જે રીતે માણસો ના શરીર ની અંદર કેન્સર નામનો રોગ પ્રસરાવી શકે એજ રીતે મોબાઈલ ટાવર નું રેડિયેશન પક્ષીઓ માં "ચકલીઓ" માટે સમસ્યા પેદા કરી શકે છે. પૃથ્વી ની સૌથી સામન્ય અને જૂની પ્રજાતિ માં ચકલીઓ નો પણ ઉલ્લેખ થાય છે.વર્તમાન સમયમાં ચકલીઓ ની સંખ્યા માં ખુબજ ઘટાડો નોંધાઈ રહ્યો છે ચકલી સમુદાય ધરા પરથી સાવ અલિપ્ત ન થઈ જાય એ માટે જાગૃત થવાની જરૂર છે, ચાલો ત્યારે ઘર આંગણે કે ફ્લેટ્સ ની બાલ્કની માં પાણી અને ચણનું કુંડુ અને માટી,ખોખા વગેરે ના ચકલી ઘર ભીંત પર લટકાવીએ..

આંગણે હીંચકો,ટ્યુબ લાઈટ,માળિયા ને,
ફ્લેટની બાલ્કની ઓ બધું બુક થઈ જશે,
ચકલી આપણા સ્વપ્ન છે સુંદર માળો બને,
કવિ,કહે કઈ સુંદર જગ્યા છે ઘરમાં તારા?

# ‘ધુરંધર: ધ રિવેન્જ’ બ્લોકબસ્ટર કે એવરેજ?

## કિલિંગ મશીન હમઝાનો કરાચીમાં કહેર, નોટબંધી-રાજકીય કડીઓ સાથે જોડાયેલી સ્ટોરી

(એજન્સી) મુંબઈ | તા.19 રણવીર સિંહની ફિલ્મ ‘ધુરંધર: ધ રિવેન્જ’ એટલે કે ‘ધુરંધર 2’ પહેલા ભાગની બ્લોકબસ્ટર સફળતા પછી મોટા પાયે પાછી ફરી છે. આ વખતે ફિલ્મ માત્ર ગેંગવોર કે બદલાની વાર્તા નથી રહેતી, પરંતુ નોટબંધીથી લઈને દેશની ઘણી મોટી ઘટનાઓને જોડતી એક મોટી કથા રજૂ કરે છે. આશાઓ જેટલી ઊંચી હતી, ફિલ્મ ઘણી જગ્યાએ તેમને પૂરી કરે છે, તો કેટલીક જગ્યાએ થોડી ચૂકી પણ જાય છે. ફિલ્મની સ્ટોરી સ્ટોરી જસકીરત સિંહ રાંગીના ભૂતકાળથી શરૂ થાય છે, જે પોતાના પરિવાર સાથે થયેલા અન્યાય પછી અપરાધની દુનિયામાં પગ મૂકે છે. જેલમાંથી બહાર નીકળીને તે ભારત માટે કામ કરવાની તક મેળવે છે અને પાકિસ્તાનમાં હમઝા અલી મઝારી બનીને અંડરકવર મિશન પર જાય છે.




પહેલા ભાગ પછી હવે સ્ટોરી લ્યારીની સત્તા અને ગેંગવોરની આસપાસ ફરે છે. રહેમાન ડકૈતના મૃત્યુ પછી ખાલી થયેલી ગાદી પર કબજો, દુશ્મનોનો સફાયો અને પોતાના અસલી મિશન સુધી પહોંચવું એ જ ફિલ્મનો મૂળભૂત સાર છે. આ વખતે સ્ટોરીમાં નોટબંધી, અતીક અહેમદ જેવા મુદ્દાઓના સંદર્ભ અને દેશ-વિદેશની રાજકીય કડીઓને જોડવામાં આવી છે. સૌથી મોટો સસ્પેન્સ બડે સાહેબનો છે, જેની આસપાસ આખી સ્ટોરી ફરે છે. જોકે, આ ખુલાસો જેટલો મોટો બનાવવામાં આવ્યો, તેટલી અસર છોડી શકતો નથી. ફિલ્મનો ફર્સ્ટ હાફ થોડો ધીમો અને ખેંચાયેલો લાગે છે, પરંતુ ઇન્ટરવલ પછી સ્ટોરી ગતિ પકડે છે અને ક્લાઈમેક્સ સુધી આવતા-આવતા અસર છોડે છે.

ફિલ્મમાં એક્ટિંગ રણવીર સિંહ આખી ફિલ્મનો જીવ છે. જસકીરત અને હમઝા બંને પાત્રોમાં તેમણે અલગ-અલગ બોડી લેંગ્વેજ અને એટીટ્યુડ બતાવ્યો છે. એક્શન, ગુસ્સો અને ઈમોશન, દરેક જગ્યાએ તે સ્ક્રીન પર છવાયેલા રહે છે.

રાકેશ બેદી આ વખતે પણ સરપ્રાઈઝ પેકેજ છે. આર. માધવન જ્યારે પણ સ્ક્રીન પર આવે છે, ફિલ્મને મજબૂતી આપે છે. સંજય દત્તની હાજરી સારી છે, પણ સીમિત છે. અર્જુન રામપાલનું પાત્ર આ વખતે એટલું ખતરનાક બની શક્યું નથી. સારા અર્જુનને સ્ક્રીન ટાઈમ ઓછો મળ્યો છે, પરંતુ પોતાના ભાગમાં તે અસર છોડે છે. તેના પાત્રમાં વધુ ઊંડાણ લાવી શકાયું હોત.

ફિલ્મમાં ડિરેક્શન અને તકનીકી પાસું આદિત્ય ધરે ફિલ્મનું કદ વધુ મોટું કર્યું છે. સંશોધન અને વિગતવાર કામમાં મહેનત દેખાય છે, ખાસ કરીને જ્યારે ફિલ્મ વાસ્તવિક ઘટનાઓને સ્પર્શે છે, પરંતુ આ જ પ્રયાસ ઘણી જગ્યાએ ફિલ્મને ભારે અને થોડી ડોક્યુમેન્ટરી જેવી પણ બનાવી દે છે.

પહેલા ભાગની ચુસ્ત વાર્તા અહીં થોડી ઢીલી પડે છે. ઘણા સીન લાંબા લાગે છે અને કેટલાક ટ્વિસ્ટનો અગાઉથી અંદાજ આવી જાય છે. જોકે, સેકન્ડ હાફમાં દિગ્દર્શન સંભાળે છે અને ક્લાઈમેક્સ મજબૂત બને છે. સિનેમેટોગ્રાફી અને એક્શન સિક્વન્સ શાનદાર છે. બેકગ્રાઉન્ડ સ્કોર ખાસ કરીને ક્લાઈમેક્સમાં પ્રભાવશાળી છે, પરંતુ એડિટિંગ વધુ સારું થઈ શક્યું હોત. ફિલ્મનું સંગીત આ વખતે સંગીત ફિલ્મની નબળી કડી છે. પહેલા ભાગ જેવી અસર ઊભી થતી નથી. કેટલીક જગ્યાએ જૂના ગીતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જ્યારે ’આરી આરી’ અને ’જાન સે ગુજરતે’ જેવા એક-બે ગીતો જ યાદ રહી જાય છે. બેકગ્રાઉન્ડ સ્કોર ચોક્કસપણે માહોલ બનાવવામાં સફળ રહે છે.

## સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ ધુરંધર-2નો ક્રેઝ! 'પુષ્પા'એ રણવીર સિંહને ગણાવ્યો 'ફાયર', માધવન થયો ભાવુક

સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુને ફિલ્મ ’ધુરંધર 2’ જોયા બાદ તેની પ્રશંસા કરી છે. તેણે કહ્યું કે, આ ફિલ્મ દરેક ભારતીયને ગર્વ કરાવશે. તેણે રણવીર સિંહ અને આર. માધવન સહિત ફિલ્ની સમગ્ર સ્ટાર કાસ્ટના પરફોર્મન્સની પ્રશંસા કરી. બુધવારે અલ્લુ અર્જુને ટ્વીટ કરીને ફિલ્મ અંગે કહ્યું કે, ’હમણાં જ ’’ધુરંધર 2’’ જોઈ - દેશભક્તિ સાથેનો શાનદાર સ્વેગ. આ એક એવી ફિલ્મ છે જે દરેક દેશભક્તને ગર્વ કરાવશે. એવી ઘણી ક્ષણો છે જ્યારે તમે તાળીઓ પાડતા ખુદને રોકી નહીં શકશો. સંપૂર્ણ રીતે ધમાકો! આખી ટીમને અભિનંદન.’

’આર માધવન અને બધા કલાકારોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. આ ફિલ્મ ટેકનિકલ સ્તરે પણ અદ્ભુત છે. મને ગર્વ છે કે આપણા દેશમાં મારા ભાઈ રણવીર સિંહ જેવો શાનદાર અને બહુમુખી અભિનેતા છે. રણવીર સિંહ ફાયર છે. આદિત્ય ધરે કમાલ કરી દીધી, તેણે સંપૂર્ણપણે છવાઈ ગયો છે. આપણા દેશમાં તેમના જેવા શાનદાર ફિલ્મમેકર્સ હોવા એ ગર્વની વાત છે. એક ભારતીય કહાની...ઈન્ટરનેશનલ સ્વેગની સાથે! જય હિંદ.’

બીજી તરફ અલ્લુ અર્જુનનો આભાર માનતા આર માધવને ટ્વીટના રિપ્લાઈમાં લખ્યું કે, ‘હું ખૂબ જ વિનમ્ર, ભાવુક અને ખૂબ પ્રેરિત અનુભવી રહ્યો છું. મારા પ્રિય ભાઈ તમારા તરફથી આ સાંભળવું મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મેં તમારી બધી ફિલ્મો તમારી પ્રતિભા પ્રત્યે ઊંડા આદર અને વિસ્મય સાથે જોઈ છે અને એ જાણીને ખૂબ જ શાનદાર અનુભવી રહ્યો છું કે, આ લાગણી બંને તરફ છે. ભગવાન તમારું ભલુ કરે. મારા કરિયર અને જીવનના આ મહત્વપૂર્ણ મોડ પર આ પહેલો ઓનલાઈન રિવ્યૂ મારા માટે ખૂબ જ ખાસ છે.’ તમને જણાવી દઈએ કે, ’ધુરંધર 2’માં રણવીર સિંહ, અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર. માધવન છે. આદિત્ય ધરે આ ફિલ્મ લખી, ડાયરેક્ટ કરી અને પ્રોડ્યૂસ કરી છે. આ સાથે જ જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ આ ફિલ્મના પ્રોડ્યૂસર છે. આ ફિલ્મને જિયો સ્ટુડિયોએ પ્રસ્તુત કરી છે અને તે B62 સ્ટુડિયોના બેનર હેઠળ બની છે.

પ્રોડ્યૂસર કમલ જૈને પણ ફિલ્મની ખૂબ પ્રશંસા કરી છે. તેણે કહ્યું કે ’આ ફિલ્મ માત્ર મનોરંજન જ નથી કરતી પણ દર્શકોને સંપૂર્ણ રીતે એન્ગેજ કરે છે અને સ્થાપિત પેટર્નને તોડે છે. ક્યારેક-ક્યારેક કોઈ ફિલ્મ ઘોંઘાટમાંથી બહાર નીકળીને ઊંડી સાંસ્કૃતિક અસર છોડી જાય છે. ’દીવાર’, ’ભાગ મિલ્ખા ભાગ’, ’વિકી ડોનર’, ’એમએસ ધોની’, અને ’સંજુ’ જેવી ફિલ્મોએ પણ આવો જ પ્રભાવ પાડ્યો હતો. ધુરંધર પણ એ જ લીગની ફિલ્મ છે, પરંતુ આજના ડિજિટલ યુગમાં તેની અસર વધુ વધી ગઈ છે.’

ક્રિએટર્સ પર વાત કરતા તે ણે કહ્યું કે, ફિલ્મની સૌથી મોટી તાકાત મેકર્સની ક્લેરિટી અને કન્વિક્શન છે. આદિત્યની શાર્પ રાઈટિંગ, ડાયરેક્શન, મ્યૂઝિક અને કલાકારોનું દમદાર પરફોર્મન્સ સ્ટોરીને ઊંડાણ આપે છે. જ્યોતિ દેશપાંડેની મજબૂત બિઝનેસ સમજ અને ડિસ્ટ્રીબ્યૂશન વ્યૂહરચનાએ તેને માત્ર એક ફિલ્મ જ નહીં, પરંતુ એક મોટા માર્કેટિંગ ફેનોમેનનમાં પરિવર્તિત કરી દીધી છે.

નોંધનીય છે આ ફિલ્મના પહેલા પાર્ટ ’ધુરંધર’એ ભારતની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ ફિલ્મે વિશ્વભરમાં લગભગ 1,303 કરોડની કમાણી કરી હતી. ભારતમાં તેનું કુલગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ હતું, જ્યારે નેટ કલેક્શન લગભગ 836.95 કરોડ હતું. આ સાથે જ તે ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી સિંગલ-લેંગ્વેજ ફિલ્મ બની ગઈ છે.

## 'પુષ્પા'એ 'ધુરંધર 2'ને ફાયર ગણાવી!

### અલ્લુ અર્જુને કહ્યું- ફિલ્મ દરેક ભારતીયને ગર્વ અનુભવ કરાવશે, રણવીર સિંહ-આર. માધવનના પરફોર્મન્સની પ્રશંસા કરી...

(એજન્સી) મુંબઈ | તા.19

સાઉથ એક્ટર અલ્લુ અર્જુને ફિલ્મ ’ધુરંધર 2’ જોયા પછી તેની પ્રશંસા કરી. તેણે કહ્યું કે આ દરેક ભારતીયને ગર્વ અનુભવ કરાવશે. તેણે રણવીર સિંહ અને આર. માધવન સહિત ફિલ્મના સમગ્ર સ્ટાર કાસ્ટના પ્રદર્શનની પણ પ્રશંસા કરી.

બુધવારે અલ્લુ અર્જુને ટ્વીટ કરતા ફિલ્મ વિશે લખ્યું, ‘હમણાં જ ધુરંધર 2 જોઈ - દેશભક્તિ સાથે જબરદસ્ત સ્વૅગ છે. આ એક એવી ફિલ્મ છે જે દરેક દેશભક્તને ગર્વ અનુભવ કરાવશે. ઘણી એવી ક્ષણો છે, જ્યાં તમે તાળીઓ પાડવાથી પોતાને રોકી શકશો નહીં. સંપૂર્ણ ધમાકો! આખી ટીમને અભિનંદન.‘

તેણે આગળ લખ્યું, ‘આર. માધવન અને બધા કલાકારોનું શાનદાર પ્રદર્શન છે. ટેકનિકલ સ્તરે પણ ફિલ્મ કમાલની છે.

મને ગર્વ છે કે આપણા દેશમાં મારા ભાઈ રણવીર સિંહ જેવા ઉત્તમ અને મલ્ટિટેલેન્ટેડ એક્ટર છે. રણવીર સિંહ ફાયર છે. આદિત્ય ધરે કમાલ કરી દીધો, તે સંપૂર્ણપણે છવાઈ ગયા. આપણા દેશમાં તેમના જેવા શાનદાર ફિલ્મમેકર્સ હોવા ગર્વની વાત છે. એક ભારતીય વાર્તા ઈન્ટરનેશનલ સ્વૅગ સાથે! જય હિંદ.‘

તે જ સમયે, અલ્લુ અર્જુનનો આભાર માનતા આર. માધવને ટ્વીટના જવાબમાં લખ્યું- ‘હું ખૂબ જ નમ્ર, ભાવુક અને ખૂબ જ પ્રેરિત અનુભવી રહ્યો છું. તમારા તરફથી આ સાંભળવું મારા માટે ખૂબ જ મહત્વનું છે.‘

આગળ તેમણે લખ્યું, ‘મેં તમારી બધી ફિલ્મો તમારી ક્ષમતા પ્રત્યે ઊંડા આદર અને આશ્ચર્ય સાથે જોઈ છે અને એ જાણીને ખૂબ જ અદ્ભુત લાગી રહ્યું છે કે આ ભાવના બંને તરફથી છે. મારા કરિયર અને જીવનના આ મહત્વપૂર્ણ વળાંક પર આ પહેલો ઓનલાઈન રિવ્યૂ મારા માટે ખૂબ જ ખાસ છે.‘

‘ધુરંધર 2’માં રણવીર સિંહ, અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર. માધવન છે. આ ફિલ્મ આદિત્ય ધરે લખી, ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરી છે. ઉપરાંત જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ ફિલ્મના પ્રોડ્યુસર છે. આ ફિલ્મ જિયો સ્ટુડિયોઝ દ્વારા રજૂ કરવામાં આવી છે અને તે B62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બની છે. ફિલ્મ ‘ધુરંધર’ના પહેલા ભાગે ભારતની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું.





## આયુષમાન -શર્વરીની રોમાન્ટિક ફિલ્મનું પણ નામ બદલાશે

મુંબઈ : સૂરજ બડજાત્યાના દિગ્દર્શન હેઠળ બનનારી આયુષમાન ખુરાના તથા શર્વરી વાઘની ફિલ્મનું નામ ’ યે પ્રેમ મોલ લિયા’થી બદલીને ’યે પ્રેમ મોહ માયા’ કરવામાં આવે તેવી સંભાવના છે. ફિલ્મનું શૂટિંગ ગત નવેમ્બરથી શરુ થઈ ગયું છે. હવે સૂરજ બડજાત્યા વહેલી તકે બાકીનું શૂટિંગ આટોપશે.

ફિલ્મમાં અનુપમ ખેર, સીમા પાહવા તથા સુપ્રિયા પાઠક સહિતના કલાકારો જોવા મળશે. આ ફિલ્મ રાજશ્રી પ્રોડક્શન્સની સ્ટાઈલ મુજબની પારિવારિક રોમેન્ટિક ફિલ્મ જ હશે. આયુષમાન ખુરાનાને નવા જમાનાના પ્રેમ તરીકે રજૂ કરવામાં આવશે.

## વેદાંગ રૈનાની ફિલ્મમાં પ્રગતિ શ્રીવાસ્તવની એન્ટ્રી

મુંબઇ : મૈડોક ફિલ્મસની બેનર તળે બનનારી ફિલ્મમાં વેદાંગ રૈના અને નાઓમી સરનની જોડી જોવા મળશે. હવે આ ફિલ્મને લઇને અપડેટ છે કે, તેમાં બીજી અભિનેત્રી તરીકે પ્રગતિ શ્રીવાસ્તવની એન્ટ્રી થઇ ચુકી છે.જોકે સત્તાવાર આની ઘોષણા કરવામાં આવી નથી. આ ફિલ્મ્ રોમેન્ટિક કોમેડી થ્રિલર હોવાનું કહેવાય છે. બીજી અભિનેત્રી જોડાવાથી સંકેત મળે છે કે ફિલ્મની વાર્તા એક પારંપરિક પ્રેમ કહાનીથી આગળ વધશે.પ્રગતિ શ્રીવાસ્તવના રોલ બાબતે હાલ કોઇ જાણકારી આપવામાં આવી નથી. પરંતુ સૂત્રોનું કહેવું છે કે,તેની ભૂમિકા ફક્ત સહાયક નહીં પરંતુ નોમિકા સરનના પાત્રના સમાંતર હશે. આ પરથી સ્પષ્ટ થાય છે કે, બન્ને મહિલા પાત્રોની વાર્તામાં સમાન રૂપે મહત્વપૂર્ણ ભૂમિકા હશે.ફિલ્મમાં રોમાન્સ, સસ્પેન્સ અને ડ્રામાનું સંતુલન જોવા મળશે.વેદાંગ રૈના મુખ્ય અભિનેતા તરીકે હશે અને ત્રણેય મુખ્ય પાત્રો વચ્ચે તાલમેલ ફિલ્મનું એક મહત્વનું અને મુખ્ય આકર્ષણ હશે.

## 'અક્સર 2માં ડિરેક્ટરને દરેક સીનમાં કિસ જોઈતી હતી'

(એજન્સી) મુંબઈ | તા.19



સલમાન ખાનની ફિલ્મ ’વીર’થી બોલિવૂડમાં પગ મૂકનારી ઝરીન ખાને તાજેતરમાં તેના બોલિવૂડ ડેબ્યૂ, કેટરીના કેફ સાથેની સતત તુલના અને ’અક્સર 2’ના ફિલ્માંકન વિશે ખૂલીને વાત કરી હતી. વાસ્તવમાં ઝરીન ખાને એક્ટ્રેસ પૂજા ભટ્ટ સાથેના એક પોડકાસ્ટમાં પોતાના અનુભવો શેર કર્યાં હતાં. ઝરીને ખુલાસો કર્યો કે, ’અક્સર 2’ ફિલ્મ સાઈન કરતા પહેલા તેને સંભળાવવામાં આવેલી સ્ક્રિપ્ટ વાસ્તવમાં થયેલા શૂટિંગથી તદ્દન અલગ હતી. ઝરીનના મતે, એકવાર ફિલ્માંકન શરૂ થયા પછી કેટલાક અણધાર્યા ફેરફારો કરવામાં આવ્યા, જેનાથી તે આશ્ચર્યચકિત થઈ ગઈ.

ઝરીને કહ્યું કે, ’મુદ્દો અમુક દ્રશ્યો ભજવવાનો ન હતો, પરંતુ એ હકીકત વિશે હતો કે, આ ફેરફારો તે પ્રોજેક્ટ માટે પહેલેથી જ કમિટેડ થયા પછી કરવામાં આવ્યા હતા.’

ઝરીન ખાને એકવાર કહ્યું હતું કે, ’અક્સર 2ના શૂટિંગ દરમિયાનનો તેનો અનુભવ તેને અગાઉ જે કહેવામાં આવ્યું હતું તેનાથી અલગ હતો. તેણે ખુલાસો કર્યો કે, ’મૂળ સ્ક્રિપ્ટમાં આટલી બધી બોલ્ડ પળો નહોતી, પરંતુ ફિલ્માંકન શરૂ થયા પછી ઘણા ઈન્ટિમેટ સીન્સ ઉમેરવામાં આવ્યા હતા.’

એક્ટ્રેસે કહ્યું કે, ’નિર્માતાઓને “લગભગ દરેક સિક્વન્સમાં બ્રા શોટ અથવા કિસ” જોઈતા હતા.’

## ઓપરેશન સિંદૂર પછી 'ધુરંધર'થી પાકિસ્તાની સિંગરની એન્ટ્રી

જલંધર | પંજાબી ગાયકોએ ‘ધુરંધર: ધ રિવેન્જ’માં પોતાના અવાજથી ધમાલ મચાવી છે. જ્યારે ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાની કલાકારોના વિરોધ છતાં આ મૂવીમાં પાકિસ્તાની સિંગરની એન્ટ્રી થઈ છે. હસન જહાંગીરને તેના ગીત હવા-હવા માટે 45 લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. ફિલ્મના ટાઈટલ ગીત ‘આરી-આરી’ને જલંધરના ખાન સાબે પોતાનો ક્લાસિકલ અવાજ આપ્યો છે. આ સાથે જ જાસ્મિન સેન્ડલસ અને સતિન્દર સરતાજે પણ કોલેબ કર્યું છે. ગુરુવારે રિલીઝ થયેલી ‘ધુરંધર’ ફિલ્મના પ્રીમિયર પર પંજાબી સિંગર જાસ્મિન અને ખાન સાબ સ્ટેજ પર જોવા મળ્યા.

### રણબીરે ગીતની ફરમાઇશ કરી

રણવીર સિંહ ખાન સાબને વારંવાર ગીત સાંભળવાની ફરમાઈશ કરતા જોવા મળ્યા. ખાન સાબે પૂછ્યું કે કયું ગીત સાંભળવું છે. આના પર રણબીર કહે છે કે તે જ વાળું. ખાન સાબ ફરી પૂછે છે કે કયું. રણબીર કહે છે કે તે જ વાળું. મને તો ’દિલ પે જખ્મ ખાતે’ પસંદ છે. આના પર ખાન સાબ તેને ગીત સંભળાવે છે જેના પર રણબીર ખૂબ ઝૂમે છે. ’દિલ પે જખ્મ ખાતે’ ગીતથી જ જલંધરના રહેવાસી ખાન સાબને ઓળખ મળી હતી. તેમને ભારતના નુસરત ફતેહ અલી ખાન સાહેબ પણ કહેવામાં આવે છે. ખાન સાબે પોતે સ્ટેજ પરથી કહ્યું કે તે જલંધરી છે અને કપૂરથલામાં રહી રહ્યા છે. ખાન સાબે ’પંજાબી આ ગયે’ કહીને બધાને સંબોધિત કર્યા.

## રાષ્ટ્રીય મહિલા આયોગે ગીત ‘સરકે ચુનર’ પર કાર્યવાહી કરી : નોરા ફતેહી, સંજય ને નોટિસ...

### નોરાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું,

હું આ ગીત સાથે જોડાયેલી વિવાદાસ્પદ બાબત પર ચર્ચા કરવા માંગું છું. આ સમયે હું મારા નજીકના વ્યક્તિના મૃત્યુના આઘાતમાં છું. હું નેટવર્કમાં નહોતી, જેના કારણે મને ખબર ન પડી કે શું ચાલી રહ્યું છે. આજે હું નેટવર્કમાં આવી ત્યારે મને તેની જાણકારી મળી. હું કેટલીક બાબતો સ્પષ્ટ કરવા માંગું છું. મેં આ ગીત ત્રણ વર્ષ પહેલા કન્નડમાં શૂટ કર્યું હતું. જે એક અલગ ઈન્ડસ્ટ્રીનો ભાગ છે, જેને સેન્ડલવુડ કહેવાય છે. જ્યારે મેં 3 વર્ષ પહેલાં આ ગીત શૂટ કર્યું, ત્યારે મેં તેના માટે હા એટલા માટે કહી કારણ કે તે એક મોટી ફિલ્મનો ભાગ હતો, જેમાં મોટા આઈકન સંજય દત્ત હતા. કોણ તેમની સાથે કામ કરવાની ના પાડે. તે એક રીમેક ’નાયક નહીં ખલનાયક હું’ જેવું લાગ્યું, મેં વિચાર્યું તે પણ એક આઈકોનિક ગીત તો કેમ ન કરું. વીડિયોમાં નોરાએ આગળ કહ્યું- ‘જ્યારે હું આ ગીત શૂટ કરી રહી હતી ત્યારે હું ટ્રાન્સલેશન માટે સંપૂર્ણપણે મેકર્સ પર નિર્ભર હતી. જ્યારે તેણે ગીત ટ્રાન્સલેટ કર્યું, ત્યારે કંઈપણ વલ્ગર અને ઈનએપ્રોપ્રિએટ નહોતું. હું કન્નડ નથી સમજતી, તો તે જે કંઈ કહી રહ્યા હતા, હું તે જ માની રહી હતી. તેણે હવે જે કર્યું કે તે ગીતનું હિન્દીમાં બનાવ્યું, તેની ડબિંગ કરાવી, જેના લિરિક્સ ખરેખર ખૂબ જ ઈનએપ્રોપ્રિએટ છે, મને તેની કોઈ જાણકારી નહોતી.

(એજન્સી) મુંબઈ | તા.19

રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) એ ‘સરકે ચુનર તેરી સરકે‘ ગીતને લઈને નોરા ફતેહી, સંજય દત્ત, પ્રોડ્યુસર અને ડિરેક્ટર સહિત સંબંધિત લોકોને નોટિસ પાઠવી છે. તમામ લોકોને 24 માર્ચે આયોગ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. NCW એ ચેતવણી આપી છે કે નિર્ધારિત તારીખે હાજર ન રહેવા પર કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. NCW એ આ ગીતના કથિત અશ્લીલ અને વાંધાજનક કન્ટેન્ટને લઈને સ્વયં સંજ્ઞાન લીધું છે. આયોગ મુજબ, ગીતના બોલ પ્રથમ દ્રષ્ટિએ વાંધાજનક અને જાતીય સંકેતોવાળા લાગે છે, જે કાયદાનું ઉલ્લંઘન કરી શકે છે. તે જ સમયે, ગીતને લઈને મંગળવારે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગે ફરિયાદ મળ્યા બાદ સેન્સર બોર્ડ, ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય, સૂચના અને પ્રસારણ મંત્રાલય અને ગૂગલ ઈન્ડિયાને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો હતો. મંગળવારે આ ગીતને યુટ્યુબ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવ્યું છે. સંસદમાં પણ સમાજવાદી પાર્ટીના સાંસદ આનંદ ભદૌરિયાએ બુધવારે ગીતના અશ્લીલ ગીતોનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ‘અધ્યક્ષજી, સાંસદજીએ જે ગીત વિશે કહ્યું છે, તે ગીત પર પહેલાથી જ પ્રતિબંધ લાગી ચૂક્યો છે. હું સ્પષ્ટપણે તમારા માધ્યમથી સમગ્ર ગૃહને કહેવા માંગીશ કે આપણે વાણી સ્વાતંત્ર્ય પર ભારતના બંધારણ નિર્માતાઓએ જે વાજબી પ્રતિબંધો લગાવ્યા છે, તે મુજબ જ ચાલવું જોઈએ.’ આગળ તેમણે કહ્યું, ‘આવનારા સમયમાં ડિજિટલ માધ્યમથી જે રીતે ઝડપથી વસ્તુઓ ફેલાય છે, તેમાં આપણે સમાજના રક્ષણ ખાસ કરીને બાળકોના રક્ષણ, મહિલાઓના રક્ષણ અને પછાત વર્ગના રક્ષણ માટે જે પણ કડક પગલાં લેવા પડે, તે લેવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.’



# મેસ્સીએ કારકિર્દીનો ૯૦૦મો ગોલ નોંધાવ્યો, રોનાલ્ડો એલિટ ક્લબમાં જોડાયો






**(એજન્સી) આર્જેન્ટિના | તા.19**

લિયોનેલ મેસ્સીએ બુધવારે પોતાનો ૯૦૦મો ગોલ નોંધાવ્યો અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પછી એલીટ પુરુષોના ફૂટબોલમાં આ સિદ્ધિ મેળવનાર બીજો ખેલાડી બન્યો. ૩૮ વર્ષીય આર્જેન્ટિનાના વર્લ્ડ કપ વિજેતાએ કોનકાકાફ ચેમ્પિયન્સ કપમાં ઈન્ટર મિયામીના નેશવિલ એસસી સાથે ૧-૧થી ડ્રોમાં ડાબા પગે સ્ટ્રાઈક કરીને આ સીમાચિહ્ન હાંસલ કર્યું. ૨૦૦૫માં ૧૭ વર્ષની ઉંમરે બાર્સેલોના માટે સિનિયર ફૂટબોલમાં મેસ્સીએ પોતાનો પહેલો ગોલ કર્યાના ૨૧ વર્ષ પછી ૯૦૦મો ગોલ આવ્યો. ઈન્ટર મેનેજર જાવિઅર માશેરાનોએ કહ્યું કે મેસ્સીનો ગોલ 'પાગલ' હતો. 'હું ભાગ્યશાળી રહ્યો છું કે તેણે કરેલા મોટાભાગના અથવા ઘણા ગોલ તમારા બધા કરતા ઘણા નજીક જોયા, અને તે એક વિશેષાધિકાર છે,' તેમણે ઉમેર્યું. 'આપણે જે સંખ્યા વિશે વાત કરી રહ્યા છીએ તે પાગલ છે, અને તેથી જ લીઓ એક પ્રકારનો છે.'મેસ્સી, જેમણે આઠ વખત બેલોન ડી'ઓર જીત્યો છે, તેમણે ક્લબ અને દેશ માટે તેમના 1,142મા પ્રદર્શનમાં આ સીમાચિહ્ન હાંસલ કર્યું, જે રોનાલ્ડો કરતા લગભગ 100 રમતો ઓછી છે, જેમણે સપ્ટેમ્બર 2024 માં 1,236 રમતોમાં આ સીમાચિહ્ન સુધી પહોંચ્યું હતું. પોર્ટુગીઝ ફોરવર્ડ રોનાલ્ડોએ હવે 965 ગોલ કર્યા છે અને રમત છોડતા પહેલા 1,000 ગોલનો આંકડો પૂર્ણ કર્યો છે. મેસ્સીના મોટાભાગના ગોલ બાર્સેલોના ખાતેના તેમના સમય દરમિયાન થયા હતા, જ્યાં તેમણે 672 વખત ગોલ કર્યા હતા. તેમણે પેરિસ સેન્ટ-જર્મનમાં 32 અને ઈન્ટર મિયામી માટે 81 અને આર્જેન્ટિના માટે 115 ગોલ કર્યા હતા, જેની સાથે તેમણે 2022 માં વર્લ્ડ કપ જીત્યો હતો.મેસ્સીના સાથી ખેલાડીઓ નિર્ણાયક સમયે તેમના પર આધાર રાખવામાં સક્ષમ રહ્યા છે, જેમાં તેમના 175 ગોલ નોકઆઉટ મેચોમાં આવ્યા છે, જેમાં 35 ફાઈનલમાં છે. યુરોપની ચેમ્પિયન્સ લીગમાં તેના ૧૨૯ ગોલ રોનાલ્ડોના ૧૪૦ પછી બીજા ક્રમે છે. મેસ્સીનો આ માઈલસ્ટોન ગોલ મિયામી માટે કડવી રાત્રે આવ્યો, જે પ્રથમ લેગ ૦-૦થી સમાપ્ત થયા બાદ અવે ગોલ પર સ્પર્ધામાંથી બહાર થઈ ગયો.



### ભારતની T20 વર્લ્ડ કપ જીત બાદ, અગરકરે BCCI ને એક મોટી વિનંતી

## 2027 વર્લ્ડ કપ સુધી મુખ્ય પસંદગીકાર તરીકે રહેવાની માંગ

**(એજન્સી) નવી દિલ્હી | તા.19**

2025 ચેમ્પિયન્સ ટ્રોફી અને 2024 T20 વર્લ્ડ કપમાં ભારતની જીતના બદલામાં, અગરકરનો કરાર 2025 IPL પહેલા એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. ટીમ ઈન્ડિયાના મુખ્ય પસંદગીકાર, અજિત અગરકરે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ને 2027 ODI વર્લ્ડ કપ સુધી તેમનો કાર્યકાળ લંબાવવા વિનંતી કરી છે. 2025 ચેમ્પિયન્સ ટ્રોફી અને 2024 T20 વર્લ્ડ કપમાં ભારતની જીતના બદલામાં, અગરકરનો કરાર 2025 IPL પહેલા એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. હવે, ભારતે ઘરઆંગણે T20 વર્લ્ડ કપ ટાઇટલનો સફળતાપૂર્વક બચાવ કર્યા પછી, અહેવાલો બહાર આવ્યા છે કે બોર્ડને 2027 ODI વર્લ્ડ કપ સુધી અગરકરનો કાર્યકાળ લંબાવવાની વિનંતી મળી છે. *ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા* અનુસાર, આ બાબતે ચર્ચાઓ થઈ છે. એ જોવાનું બાકી છે કે BCCI અગરકરની વિનંતી સ્વીકારશે કે નહીં - ખાસ કરીને કારણ કે ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ચક્રના મહત્વપૂર્ણ તબક્કામાં છે અને આવતા વર્ષે યોજાનાર ODI વર્લ્ડ કપ માટે તૈયારીઓ શરૂ કરી રહી છે.

### ત્રણ ICC ટાઇટલ

અહેવાલો અનુસાર, એવા સંકેતો મળ્યા હતા કે પશ્ચિમ ઝોનનો બીજો એક ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અગરકરના સ્થાને સૌથી આગળ હતો; જોકે, અત્યાર સુધી કોઈ નક્કર વિકાસ થયો નથી. અગરકર જૂન 2023 થી પુરુષોની વરિષ્ઠ પસંદગી સમિતિના અધ્યક્ષ છે, અને તેમના કાર્યકાળ દરમિયાન, ભારતે ત્રણ ICC ટાઇટલ જીત્યા છે - જેમાં બે T20 વર્લ્ડ કપ અને એક ચેમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ થાય છે. જોકે, ટેસ્ટ મેચોમાં પરિણામો અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નથી. ભારતે ઘરઆંગણે સતત શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો છે અને વિદેશમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પણ ગુમાવી છે. પરિણામે, સફેદ બોલના ક્રિકેટમાં સફળતાની ચમક થોડી ઝાંખી પડી ગઈ છે, જ્યાં ભારત 33 માંથી ફક્ત બે મેચ હારી ગયું છે, અને 2023 અને 2025 એશિયા કપ પણ જીત્યું છે.

## ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઇ-વોલ્ટેજ મેચ યોજાશે; હોકી વર્લ્ડ કપનું સમયપત્રક જાહેર

**(એજન્સી) નવી દિલ્હી | તા.19**

ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમો પોતપોતાની શ્રેણીના પૂલ ડીમાં ભાગ લેશે અને નેધરલેન્ડ્સમાં પોતાની મેચ રમશે. ભારતીય પુરુષ ટીમ 15 ઓગસ્ટે વેલ્સ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે.ભારત અને પાકિસ્તાનની ટીમો 19 ઓગસ્ટે 2026 FIH હોકી વર્લ્ડ કપની સૌથી હાઈ-વોલ્ટેજ મેચોમાંની એકમાં ટકરાશે. ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા વર્લ્ડ કપનું સંપૂર્ણ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ 15 ઓગસ્ટથી 30 ઓગસ્ટ દરમિયાન બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં યોજાશે.ભારતીય પુરુષ ટીમ 15 ઓગસ્ટે વેલ્સ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે, ત્યારબાદ 17 ઓગસ્ટે ઈંગ્લેન્ડ સામે મહત્વપૂર્ણ મુકાબલો થશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈ-પ્રોફાઈલ પૂલ-સ્ટેજ મેચ 19 ઓગસ્ટે યોજાશે; આ ત્રણેય મેચ એમ્સ્ટલવીનના વેગનર હોકી સ્ટેડિયમ ખાતે રમાશે. દરમિયાન, ભારતીય મહિલા ટીમ 16 ઓગસ્ટે ચીન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. તેઓ 18 ઓગસ્ટે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે અને 20 ઓગસ્ટે ઈંગ્લેન્ડ સામે પોતાના પૂલ-સ્ટેજ ફિક્સરનો અંત કરશે.

### નોકઆઉટ મેચો ક્યારે રમાશે?

નોકઆઉટ રાઉન્ડમાં તીવ્ર સ્પર્ધા થવાની અપેક્ષા છે. પુરુષોની સેમિફાઇનલ 28 ઓગસ્ટે અને ફાઇનલ 30 ઓગસ્ટે વાવરેમાં રમાશે. મહિલા સેમિફાઇનલ 27 ઓગસ્ટે અને ત્યારબાદ 29 ઓગસ્ટે એમ્સ્ટરડેમમાં ફાઇનલ રમાશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન જર્મની - જેની પુરુષ ટીમે 2023માં ભુવનેશ્વરમાં બેલ્જિયમને હરાવીને પોતાનું ત્રીજું વર્લ્ડ કપ ટાઇટલ જીત્યું હતું - બેલ્જિયમ, ફ્રાન્સ અને મલેશિયા સાથે પૂલ Bમાં ભાગ લેશે.

## IPLમાં અમ્પાયરિંગના કેટલા પૈસા મળે છે,જાણો એક મેચની ફી!

**(એજન્સી) નવી દિલ્હી | તા.19**

IPL વિશ્વની સૌથી ધનિક અને સૌથી વધુ જોવાયેલી T20 લીગ છે. ખેલાડીઓના પગાર અને બોનસ, જે કરોડો રૂપિયામાં થાય છે, તેની હંમેશા ચર્ચા થતી રહે છે, પરંતુ મેદાન પરના અમ્પાયરોની મહેનત અને કમાણી ભાગ્યે જ ચર્ચામાં આવે છે. IPL વિશ્વની સૌથી ધનિક અને સૌથી વધુ જોવાયેલી T20 લીગ છે. ખેલાડીઓના પગાર અને બોનસ, જે કરોડો રૂપિયામાં થાય છે, તેની હંમેશા ચર્ચા થતી રહે છે, પરંતુ મેદાન પરના અમ્પાયરોની મહેનત અને કમાણી ભાગ્યે જ ચર્ચામાં આવે છે. અમ્પાયરો ક્રિકેટના નિયમોના રક્ષક હોય છે, અને તેમના નિર્ણયો લાખો ચાહકો દ્વારા નક્કી કરવામાં આવે છે. IPL જેવી ઉચ્ચ દબાણવાળી ટુર્નામેન્ટમાં તેમની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. પરિણામે, IPL અમ્પાયરોને પ્રતિ મેચ નોંધપાત્ર ફી મળે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેદાન પરના અમ્પાયરોને પ્રતિ મેચ આશરે રૂ.3 લાખ મળે છે. ત્રીજા અને ચોથા અમ્પાયરોને પ્રતિ મેચ રૂ 2 લાખ મળે છે. કેટલાક રિપોર્ટ્સમાં એલીટ અમ્પાયરો, એટલે કે ICC પેનલના સભ્યો અથવા અનુભવી અમ્પાયરો, પ્રતિ મેચ રૂ.3.7 લાખ સુધી કમાતા હોવાનો પણ ઉલ્લેખ છે. ડેવલપમેન્ટ અમ્પાયરોને પ્રતિ મેચ આશરે રૂ60,000 મળે છે. પ્લેઓફ અને ફાઈનલ જેવી મોટી મેચોમાં બોનસ વધુ હોય છે. એલિટ અમ્પાયરોને પ્લેઓફમાં 5-8 લાખ સુધીનું બોનસ મળી શકે છે, અને ફાઈનલમાં આ રકમ વધુ વધી શકે છે. એક અમ્પાયર જે સંપૂર્ણ સિઝનમાં સરેરાશ 12-15 મેચનું સંચાલન કરે છે તે કુલ 25-40 લાખ કે તેથી વધુ કમાઈ શકે છે.



## ઈરાની મહિલા ટીમનું સાહસ

### રાષ્ટ્રગીત ગાવાનો ઇનકાર કર્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવી ટીમ



**(એજન્સી) ઈરાન | તા.19**

મહિલા એશિયન કપમાં ભાગ લીધા પછી ઈરાનની રાષ્ટ્રીય મહિલા ફૂટબોલ ટીમ તેમના વતન પરત ફરી છે. આ પહેલા, ટીમના કુલ સાત સભ્યોએ ઓસ્ટ્રેલિયામાં આશ્રય માંગ્યો હતો. જોકે, તેમાંથી પાંચ સભ્યોએ પાછળથી પોતાનો વિચાર બદલી નાખ્યો. ઈરાનની રાષ્ટ્રીય મહિલા ફૂટબોલ ટીમના સભ્યો હવે ઓસ્ટ્રેલિયામાં આશ્રય માંગ્યા પછી તેમના વતન પરત ફર્યા છે. ટીમના સભ્યો તુર્કી થઈને બસ દ્વારા સરહદ પાર કરીને ઈરાન પહોંચ્યા, જ્યાં એક નોંધપાત્ર દ્રશ્ય સામે આવ્યું: તેમનું સ્વાગત કરવા માટે ઘણા અધિકારીઓ હાજર હતા. ઈરાની ફૂટબોલ ટીમ ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા મહિલા એશિયન કપમાં ભાગ લેવા ઓસ્ટ્રેલિયા ગઈ હતી. ટુર્નામેન્ટ દરમિયાન - ખાસ કરીને 28 ફેબ્રુઆરીના રોજ - ઈરાન, યુએસએ અને ઇઝરાયલ વચ્ચે સંઘર્ષ ફાટી નીકળ્યો. આ પછી, ટીમના કેટલાક સભ્યોએ રાષ્ટ્રગીત વગાડતી વખતે મૌન રહીને ધ્યાન ખેંચ્યું. જોકે, પછીની બે મેચોમાં, ખેલાડીઓએ રાષ્ટ્રગીત ગાયું. ગ્રુપ સ્ટેજમાં બહાર થયા પછી, ટીમને ઘરે પાછા ફરવાનો પડકારનો સામનો કરવો પડ્યો જ્યારે તેમનો દેશ યુદ્ધની સ્થિતિમાં હતો. ત્યારબાદ, ઓસ્ટ્રેલિયામાં રહેતા ઈરાની ડાયસ્પોરાના સભ્યો અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિવિધ વ્યક્તિઓએ ખેલાડીઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી અને તેમને આશ્રય આપવાની હાકલ કરી. જવાબમાં, ઓસ્ટ્રેલિયન સરકારે માનવતાવાદી ધોરણે ટીમના સાત સભ્યોને વિઝા જારી કર્યા, જેનાથી તેઓ દેશમાં રહી શક્યા.જોકે, મૂળ સાત સભ્યોમાંથી પાંચ સભ્યોએ પાછળથી તેમના નિર્ણય પર પુનર્વિચાર કર્યો અને ઘરે પાછા ફરવાનું પસંદ કર્યું. તેઓ મલેશિયામાં બાકીની ટીમ સાથે ફરી જોડાયા અને પછી ઈરાન ગયા.

# બુમરાહને 2 કરોડનો ફટકો

## સવાલોના ઘેરામાં BCCIની કોન્ટ્રાક્ટ સિસ્ટમ



**(એજન્સી) નવી દિલ્હી | તા.19**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના એક નિર્ણયના કારણે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને 2 કરોડનો ફટકો લાગ્યો છે. BCCI એ ફેબ્રુઆરીમાં આ નિર્ણય લીધો હતો. આ નિર્ણય સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ સાથે સંબંધિત છે, કારણ કે BCCIએ 2025-26ના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટનું એલાન કર્યું હતું તો તેમાં જસપ્રીત બુમરાહને ડિમોટ કરવામાં આવ્યો હતો. આમ BCCIની કોન્ટ્રાક્ટ સિસ્ટમ સવાલોના ઘેરામાં આવી ગઈ છે. જસપ્રીત બુમરાહ ગત વખતે A+ કેટેગરીનો હિસ્સો હતો, પરંતુ નવા કોન્ટ્રાક્ટમાં તેને A કેટેગરીમાં નાખી દેવામાં આવ્યો છે. તેની પાછળનું કારણ એ હતું કે બોર્ડે A+ કેટેગરીને ખતમ કરી દીધી હતી. અગાઉના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ચાર ખેલાડીઓ A+ કેટેગરીમાં હતા. તેમાં વિરાટ કોહલી, રોહિત શર્મા, રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહનું નામ સામેલ હતું. વિરાટ, રોહિત અને જાડેજાનું ડિમોશન તો વાજબી છે, કારણ કે વિરાટ અને રોહિત માત્ર એક જ ફોર્મેટમાં રમે છે, જ્યારે જાડેજા બે ફોર્મેટમાં ખેલાડી છે, પરંતુ જસપ્રીત બુમરાહ તો ત્રણેય ફોર્મેટમાં એક્ટિવ છે અને સતત રમી રહ્યો છે. આવી સ્થિતિમાં મોટો સવાલ એ છે કે શું આ ખેલાડી સાથે અન્યાય થયો છે અને તેને 2 કરોડ રૂપિયાનો ફટકો પણ લાગ્યો છે, કારણ કે A+ કેટેગરીમાં વાર્ષિક કોન્ટ્રાક્ટની રકમ 7 કરોડ હતી, જ્યારે A કેટેગરીમાં 5 કરોડ રૂપિયા છે. આમ, બુમરાહને 2 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે, પરંતુ BCCIના એક અધિકારીએ જણાવ્યું છે કે, કોઈને કોઈ રીતે તેના આ નુકસાનની ભરપાઈ કરવામાં આવશે.એક અહેવાલ પ્રમાણે BCCI હવે એ દિશામાં વિચારી રહ્યું છે કે બુમરાહને થયેલા નુકસાનનું વળતર કઈ રીતે ચૂકવી શકાય. તે સમજી શકાય કે તેની ફી 7 કરોડથી ઘટાડીને 5 કરોડ કરવી એ કેટલું ખોટું છે. અન્ય ખેલાડીઓ પણ છે જેમણે સારું પ્રદર્શન કરવા છતાં એક ગ્રેડ નીચે સરકી ગયા છે.

## RCBના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિક ના ઘરે આવી નન્હી પરી!



**(એજન્સી) નવી દિલ્હી | તા.19**

IPL 2026 પહેલા, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ના દિગ્ગજ ખેલાડીએ તેના ફેન્સ સાથે એક સારા સમાચાર શેર કર્યા. તે બીજી વખત પિતા બન્યો છે અને તેણે એક બાળકીનું સ્વાગત કર્યું છે. 2026ની IPL સીઝન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) માટે ખાસ રહેશે, કારણ કે તેઓ તેમના ખિતાબનું રક્ષણ કરવા માંગે છે. આ દરમિયાન, ટીમના મેન્ટર અને બેટિંગ કોચ દિનેશ કાર્તિકે પોતાના અંગત જીવનમાં નવો આનંદ મળ્યો છે. IPLની 19મી સીઝન શરૂ થાય તે પહેલાં, દિનેશ કાર્તિક પિતા બન્યો છે. એક્સ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન કાર્તિકે 2024 માં ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી અને ત્યારબાદ RCB કોચિંગ સ્ટાફમાં જોડાયો. દિનેશ કાર્તિકની પત્ની દીપિકા પલ્લીકલને પુત્રીનો જન્મ થયો છે. કાર્તિકે પોતે સોશિયલ મીડિયા પર આ ખુશખબર શેર કરી, ફેન્સ અને મિત્રોને તેના બાળકના આગમનની માહિતી આપી. આ તેમના પરિવાર માટે ખૂબ જ ખુશીનો પ્રસંગ છે. દિનેશ કાર્તિકે તેની પુત્રીનું નામ પણ જાહેર કર્યું. તેણે તેનું નામ રાહા રાખ્યું છે.

### ફિલિપાઇન્સ ઉઝબેકિસ્તાન પર 2-0 થી વિજય મેળવી

## 2027 ફિફા મહિલા વિશ્વ કપ માટે ક્વોલિફાય થયું



ગોલ્ડ કોસ્ટમાં આજે રમાયેલી મહિલા એશિયન કપ પ્લે-ઇન મેચમાં, ફિલિપાઇન્સે ઉઝબેકિસ્તાનને 2-0 થી હરાવીને 2027 ફિફા મહિલા વિશ્વ કપ માટે ક્વોલિફાય કર્યું. ફિલિપાઇન્સ માટે એન્જેલા બીયર્ડ અને જેક્લીન સોવિકીએ એક-એક ગોલ કર્યો. ફિલિપાઇન્સની ટીમે પહેલા હાફમાં પ્રભુત્વ મેળવ્યું પરંતુ ગોલ કરવામાં નિષ્ફળ રહી. હાફટાઇમ પછી, ફિલિપાઇન્સે ઉઝબેકિસ્તાનને હરાવવા માટે બે ગોલ કર્યા, જેનાથી બ્રાઝિલમાં યોજાનારા આગામી ફિફા મહિલા વિશ્વ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.

# મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે PM મોદીની ત્રણ દેશોના વડા સાથે મંત્રણા



(એજન્સી) ફ્રાંસ। તા. 19

પશ્ચિમ એશિયામાં સતત વધી રહેલા તણાવની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ફોન પર વાતચીત કરી છે. આ વાતચીત અંગે પીએમ મોદીએ સોશિયલ મીડિયા હેન્ડલ પર માહિતી આપી છે. પીએમ મોદીએ આ પહેલા મલેશિયાના વડાપ્રધાન, કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે પણ વાત કરી હતી. આ દરમિયાન પણ તેમણે પશ્ચિમ એશિયાના સંકટ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ લખ્યું કે, 'મેં મારા મિત્ર, પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અને તણાવ ઘટાડવાની તાત્કાલિક જરૂરિયાત સાથે સંવાદ અને કૂટનીતિ તરફ પાછા ફરવા અંગે વાત કરી છે. અમે આ ક્ષેત્ર અને તેની બહાર શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે અમારા ગાઢ સંકલનને ચાલુ રાખવા માટે તત્પર છીએ.' આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે વાત કરી હતી. પીએમ મોદીએ લખ્યું કે, 'મેં મારા મિત્ર, મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે વાત કરી અને આગામી ઈદ-ઉલ-ફિત્રના અવસર પર તેમને અને મલેશિયાની જનતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.' આ અગાઉ વડાપ્રધાને બુધવારે કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન વડાપ્રધાને તેમની સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. પીએમ મોદીએ કુવૈતના ક્રાઉન પ્રિન્સને કહ્યું કે, 'હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત અને અવરોધ રહિત અવરજવર સુનિશ્ચિત કરવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહેશે. અમે એ વાત પર સંમત થયા છીએ કે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે નિરંતર રાજદ્વારી જોડાણ અત્યંત આવશ્યક છે. કુવૈતમાં રહેતા ભારતીય સમુદાયની સુરક્ષા અને સુખાકારી માટે સતત સમર્થન આપવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.'

**પીએમ મોદીએ મલેશિયાના વડાપ્રધાન સાથે પણ કરી વાત**

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે વાત કરી હતી. પીએમ મોદીએ લખ્યું કે, 'મેં મારા મિત્ર, મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે વાત કરી અને આગામી ઈદ-ઉલ-ફિત્રના અવસર પર તેમને અને મલેશિયાની જનતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.'



ખાડી દેશોમાં 'એનર્જી વૉર'

# ઈરાને કતારના ગેસ પ્લાન્ટ ફૂંક્યા, 12 દેશોએ આપી ગંભીર ચેતવણી

(એજન્સી) ઈરાન । તા. 19

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધમાં ભયંકર તબાહી સર્જાઈ રહી છે. સ્થિતિ એવી છે કે, ઈરાનના પડોશી દેશો પણ યુદ્ધની ઝપેટમાં આવી ગયા છે. ઈઝરાયલે ગઈકાલે ઈરાનના સૌથી મોટા ઓઈલ-ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હુમલો કર્યો હતો, ત્યારબાદ ઈરાને પણ કતાર અને સંયુક્ત આરબ અમીરાતના ગેસ પ્લાન્ટ પર હુમલો કર્યો છે. આ તબાહી બાદ 12 અરબ અને ઈસ્લામિક દેશોએ રોષ ઠાલવ્યો છે અને ઈરાનના હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે. આ દેશોએ ઈરાનને હુમલા રોકીને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સન્માન કરવા કહ્યું છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાદમાં ગુરુવારે યોજાયેલી બેઠક આ 12 દેશોની બેઠક યોજાઈ હતી. ત્યારબાદ અજરબૈજાન, બેહરીન, ઈજિપ્ત, જોર્ડન, કુવૈત, લેબેનૉન, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા, સીરિયા, તુર્કેઈ અને સંયુક્ત આરબ અમીરાતના મંત્રીઓએ સંયુક્ત નિવેદન જાહેર કરી ઈરાનને તાત્કાલીક હુમલાઓ રોકવા અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવા કહ્યું છે. સંયુક્ત નિવેદનમાં જોર્ડન, અજરબૈજાન અને તુર્કેઈએ ઈરાની હુમલાની નિંદા કરી છે. વિદેશ મંત્રીઓએ કહ્યું કે, ઈરાને રહેણાંક વિસ્તારો, ઓઈલ પ્લાન્ટ, ઍરપૉર્ટ, રહેણાંક બિલ્ડીંગો અને ડિપ્લોમેટિક સ્થળોને ટાર્ગેટ કર્યા હતા.

**કતાર છોડી દેવા ઈરાની રાજદ્વારીઓ-અધિકારીઓને આદેશ**

ઈરાને રાસ લફ્ફાન ઔદ્યોગિક શહેરને ટાર્ગેટ કર્યું હોવાનો કતારે આક્ષેપ કર્યો છે. કતારે કહ્યું કે, ઈરાને કરેલા હુમલાઓ સંયુક્ત રાષ્ટ્ર પરિષદના પ્રસ્તાવ 2817નું ઉલ્લંઘન છે. હુમલા બાદ કતારે ઈરાની દુતાવાસ, સૈન્ય સ્થળો, ઑફિસો ખાલી કરવાનો અને તેના સ્ટાફને 24 કલાકમાં દેશ છોડવાનો આદેશ આપી દીધો છે.

## ન્યૂઝ બ્રીફ

### ગેસ પુરવઠાને લઈને ભારત પર સંકટના વાદળો!




ઈઝરાયેલ : ઈઝરાયેલ દ્વારા ઈરાનના દક્ષિણ પાર્સ ગેસ ફિલ્ડ પર કરાયેલા હુમલાના જવાબમાં, ઈરાને કતાર, સાઉદી અરેબિયા અને UAE માં આવેલી મહત્વપૂર્ણ તેલ અને ગેસ સુવિધાઓ પર વિનાશક હુમલા કર્યા છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે માત્ર સૈન્ય મથકો પૂરતું મર્યાદિત રહ્યું નથી, પરંતુ તે 'ઉર્જા યુદ્ધ'માં ફેરવાઈ ગયું છે. ઈઝરાયેલ દ્વારા ઈરાનના દક્ષિણ પાર્સ ગેસ ફિલ્ડ પર કરાયેલા હુમલાના જવાબમાં, ઈરાને કતાર, સાઉદી અરેબિયા અને UAE માં આવેલી મહત્વપૂર્ણ તેલ અને ગેસ સુવિધાઓ પર વિનાશક હુમલા કર્યા છે. આ સંઘર્ષે સમગ્ર આરબ વિશ્વને પોતાની લપેટમાં લઈ લીધું છે. ઈરાને તેનો સૌથી મોટો પ્રહાર કતારના રાસ લફાન ઈન્ડસ્ટ્રિયલ સિટી પર કર્યો છે, જે વિશ્વનું સૌથી મોટું LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ) નિકાસ કેન્દ્ર છે. અહીંથી વાર્ષિક 77 થી 80 મિલિયન ટન ગેસની નિકાસ થાય છે, જે વૈશ્વિક વેપારનો આશરે 20% હિસ્સો છે. આ ઉપરાંત, UAE ના હબ્શાન ગેસ પ્લાન્ટ અને સાઉદી અરેબિયાની રિફાઈનરીઓને પણ નિશાન બનાવવામાં આવી છે. વિશ્વના કુલ ગેસ ભંડારનો 25% ભાગ આ અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલો છે. ભારત માટે આ સમાચાર અત્યંત ચિંતાજનક છે કારણ કે ભારત તેની LNG જરૂરિયાતનો 50 થી 55 ટકા હિસ્સો કતાર પાસેથી આયાત કરે છે. ફેબ્રુઆરી 2024 માં જ ભારતની પેટ્રોનેટ LNG એ કતાર સાથે 20 વર્ષનો મોટો કરાર રિન્યૂ કર્યો હતો. ભારતની આયાતનો મોટો ભાગ 'હોર્મુઝની સામુદ્રધુની' દ્વારા આવે છે. જોકે ઈરાને અત્યાર સુધી ભારતીય જહાજોને પસાર થવા દીધા છે, પરંતુ યુદ્ધ લાંબુ ખેંચાય તો પુરવઠો ખોરવાઈ શકે છે.

### યુદ્ધમાં નાણાકિય સંકટમાં ફસાયુ અમેરિકા ?

અમેરિકા| અમેરિકાએ ઈઝરાયલ સાથે મળી ઈરાન પર કરેલા હુમલામાં યુએસનું આર્થિક નુકસાન સતત વધી રહ્યું છે. વિશ્વનો સૌથી ધનિક દેશ પણ નાણાકીય કટોકટીનો સામનો કરી રહ્યુ હોવાનું સામે આવ્યુ છે. વ્હાઈટ હાઉસના આર્થિક સલાહકાર કેવિન હેસેટે તાજેતરમાં અંદાજ લગાવ્યો હતો કે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકાને અત્યાર સુધીમાં $12 બિલિયનથી વધુનું નુકસાન થયું છે. આ આઘાતજનક આંકડો ત્યારે આવ્યો છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર યુએસ અર્થતંત્રમાં સુધારા માટે કામ કરી રહ્યું છે. એક મોટો કર કાયદો પસાર કરી રહ્યું છે. સંરક્ષણ ખર્ચ અને ઈમિગ્રેશનને કડક બનાવી રહ્યું છે અને દેવું ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન અમેરિકાનું દેવું ઘટાડવાનું વચન આપ્યું હતું. સરકારી જવાબદારી કાર્યાલયે અમેરિકનો પર ઝડપથી વધી રહેલા સરકારી દેવાના કેટલાક કારણો ટાંક્યા છે. જેમાં મોર્ટગેજ અને કાર જેવી વસ્તુઓ પર ઊંચા વ્યાજ દર, રોકાણ માટે ઓછા પૈસાના પરિણામે ઓછા વેતન અને માલ અને સેવાઓ માટે ઊંચા ભાવનો સમાવેશ થાય છે.

# પાકિસ્તાનની કઇ મિસાઇલથી અમેરિકામાં ફેલાયો છે ખોફ?

## કઈ પાકિસ્તાની મિસાઇલ અમેરિકા માટે ખતરો ?



અમેરિકા જે મુદ્દો સૌથી ખતરનાક માને છે તે એ છે કે પાકિસ્તાનના લાંબા અંતરના બેલિસ્ટિક મિસાઈલ વિકાસમાં હવે ICBM સુધી પહોંચવાની ક્ષમતા છે. યુએસ ઈન્ટેલિજન્સનો અંદાજ છે કે પાકિસ્તાનની હાલની શાહીન-III મિસાઈલને તકનીકી રીતે ICBMમાં રૂપાંતરિત અથવા વિસ્તૃત કરી શકાય છે. શાહીન-III હાલમાં 2,750 કિલોમીટરની રેન્જ ધરાવતી મધ્યમ અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે, જે સમગ્ર ભારતને આવરી લે છે.

(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

અમેરિકા પોતાની સુરક્ષાને લઈને સૌથી વધુ સજાગ છે. તે આ મામલે કોઈ ઢીલાશ ન રાખી શકે. સુરક્ષા પર ખતરાના એંધાણ જોતા અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો અને પરમાણુ કાર્યક્રમ ખત્મ કર્યો હતો.અમેરિકાના નિશાન પર માત્ર ઈરાન જ નહી એ તમામ દેશ છે જે અમેરિકા તરફ મિસાઈલ તાકીને બેઠા છે. અમેરિકી નેશનલ ઈન્ટેલિજેન્સ ડાયરેક્ટર તુલસી ગબાર્ડને સેનેટે ઈન્ટેલિજેન્સ કમિટીની સામે આ મામલે ખુલીને ચેતવણી આપી છે. ચીન, રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયાની સાથે પાકિસ્તાનને પણ આ દેશની કતારમાં મુકવામાં આવ્યુ છે. આ દેશની મિસાઈલ સિસ્ટમ અમેરિકા માટે ખતરારૂપ સાબિત થઈ શકે છે. સુરક્ષાના મામલે અમેરિકા પાકિસ્તાનને પોતાનો ન્યૂક્લિયર ખતરો માને છે.

**શાહીન મિસાઈલની વિશેષતાઓ**

1.પાકિસ્તાનની બેલિસ્ટિક મિસાઇલ શ્રેણી, પરમાણુ શસ્ત્રો વહન કરવામાં સક્ષમ

2.નેશનલ ડેવલપમેન્ટ કોમ્પ્લેક્સ દ્વારા વિકસિત

3. ઘન ઇંધણ દ્વારા સંચાલિત, ઝડપી પ્રક્ષેપણ માટે પરવાનગી આપે છે

4. શાહીન-I, શાહીન-II, અને શાહીન-III આવૃત્તિઓ

5. આશરે 750 કિમી થી 2,750 કિમી સુધીની રેન્જ

6. મોબાઇલ લોન્ચર્સથી ફાયર કરી શકાય છે, ઉચ્ચ ચોકસાઇ અને ઉચ્ચ ગતિ તેની વિશેષતાઓ છે




ગુપ્તચર વિભાગના નિર્દેશક તુલસી ગબાર્ડે કહ્યુ હતુ કે, રશિયા, ચીન, ઉત્તર કોરિયા, ઈરાન અને પાકિસ્તાન નવા એડવાન્સ મિસાઈલ ડિલીવરી સિસ્ટમ વિકસાવી રહ્યા છે. તુલસી ગબાર્ડે વધુમાં કહ્યુ હતુ કે, ઈરાનની ટેક્નોલોજી અને વર્ષ 2035 પહેલા ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલનો વિકાસ કરીને તેનો ઉપયોગ કરવા માટે છે. તેમના નિવેદનમાં પાકિસ્તાનના લોન્ગ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ તરફ ધ્યાન આકર્ષ્યું છે.

# કરાચીમાં આભ ફાટ્યું, 19 લોકોના મોત

(એજન્સી) પાકિસ્તાન । તા. 19

પાકિસ્તાન અત્યારે એક તરફ આર્થિક સંકટ અને બીજી તરફ અફઘાનિસ્તાન સાથેના સરહદી સંઘર્ષનો સામનો કરી રહ્યું છે. ઈદના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને અફઘાનિસ્તાન સાથેનું યુદ્ધ કામચલાઉ ધોરણે અટકાવવામાં આવ્યું હતું. પાકિસ્તાન અત્યારે એક તરફ આર્થિક સંકટ અને બીજી તરફ અફઘાનિસ્તાન સાથેના સરહદી સંઘર્ષનો સામનો કરી રહ્યું છે. ઈદના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને અફઘાનિસ્તાન સાથેનું યુદ્ધ કામચલાઉ ધોરણે અટકાવવામાં આવ્યું હતું, પરંતુ કુદરતે પાકિસ્તાન પર પ્રહાર કર્યો છે. સિંધ પ્રાંતની રાજધાની કરાચીમાં બુધવારે રાત્રે ત્રાટકેલા ભયાનક વરસાદ અને વાવાઝોડાએ ભારે વિનાશ વેર્યો છે, જેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 19 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. પાકિસ્તાન હવામાન વિભાગ (PMD) એ અગાઉથી જ 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ' એટલે કે પશ્ચિમી વાવાઝોડાને કારણે કરાચી અને સિંધના અન્ય ભાગોમાં ભારે વરસાદની ચેતવણી આપી હતી. આ ચેતવણીના થોડા જ કલાકોમાં કરાચીના અનેક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ આકસ્મિક આફત સામે વહીવટીતંત્ર સજ્જ થાય તે પહેલા જ અનેક દુર્ઘટનાઓ ઘટી ગઈ હતી.કરાચીના બલદિયા ટાઉનના માવાચ ગોથ વિસ્તારમાં સૌથી મોટી દુર્ઘટના બની હતી. અહીં એક જર્જરિત ઈમારત ધરાશાયી થતાં તેના કાટમાળ નીચે દબાઈ જવાથી 13 લોકોએ જીવ ગુમાવ્યા હતા. બચાવકર્તાઓના જણાવ્યા અનુસાર, વરસાદથી બચવા માટે કેટલાક લોકો આ ઈમારત નીચે આશરો લઈ રહ્યા હતા ત્યારે જ આ દુર્ઘટના ઘટી હતી. મૃતકોમાં મોટાભાગના સ્થાનિક મજૂરો અને ડ્રગ્સના વ્યસનીઓ હોવાનું કહેવાય છે. અન્ય એક ઘટનામાં, લાંધીની મજીદ કોલોનીમાં દિવાલ ધરાશાયી થતાં એક મહિલા સહિત બે લોકોના મોત થયા હતા. કોરંગી વિસ્તારમાં ઘરની છત પડવાથી અને ઝાડ પડવાથી પણ જાનહાનિ થઈ હતી.

# મિડલ ઈસ્ટ વૉર વચ્ચે અમેરિકામાં 100 વર્ષ જૂનો કાયદો બદલવા પર મજબૂર થયા ડોનાલ્ડ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

મધ્ય પૂર્વમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે અમેરિકાના સ્થાનિક બજાર અને કાયદાકીય માળખા પર દેખાઈ રહી છે. મધ્ય પૂર્વમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે અમેરિકાના સ્થાનિક બજાર અને કાયદાકીય માળખા પર દેખાઈ રહી છે. ઈરાન સાથેના તણાવ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધોને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ પ્રતિ બેરલ $100 ને પાર કરી ગયા છે. આ સ્થિતિમાં અમેરિકામાં ગેસોલિનના ભાવમાં પણ જોરદાર ઉછાળો આવ્યો છે, જેનાથી બચવા માટે ટ્રમ્પ વહીવટીતંત્રે 100 વર્ષ જૂના 'જોન્સ એક્ટ' (Jones Act) માં અસ્થાયી રૂપે મોટી છૂટછાટ આપવાની જાહેરાત કરી છે. 1920માં ઘડવામાં આવેલા આ કાયદા મુજબ, અમેરિકાના એક બંદરથી બીજા બંદર સુધી માલ કે તેલનું પરિવહન કરવા માટે ફક્ત એવા જ જહાજોનો ઉપયોગ કરી શકાય જે અમેરિકામાં બન્યા હોય, જેની માલિકી અમેરિકન નાગરિકની હોય અને જેનું સંચાલન અમેરિકન ક્રૂ દ્વારા થતું હોય. આ કડક નિયમોને કારણે અમેરિકામાં દરિયાઈ પરિવહન અન્ય દેશો કરતા ચાર ગણું મોંઘું પડે છે. સ્થિતિ એવી છે કે ટેક્સાસથી ન્યૂયોર્ક તેલ મોકલવા કરતા આફ્રિકાથી તેલ મંગાવવું અમેરિકાને સસ્તું પડે છે. ઈરાન સાથેના યુદ્ધના 20મા દિવસે અમેરિકામાં ઈંધણના ભાવમાં ૬૦ સેન્ટનો વધારો નોંધાયો છે. ફુગાવાને રોકવા માટે ટ્રમ્પ સરકારે આગામી 30 દિવસ માટે આ કાયદામાં મુક્તિ આપી છે. હવે વિદેશી જહાજો પણ અમેરિકન બંદરો વચ્ચે તેલનું પરિવહન કરી શકશે. આ નિર્ણયથી શિપિંગ ખર્ચ ઘટશે, પુરવઠો ઝડપથી પહોંચશે અને તેલના ભાવ નિયંત્રિત કરવામાં મદદ મળશે. જોકે, આ નિર્ણયની જાહેરાત થતાની સાથે જ અમેરિકાના શિપિંગ ઉદ્યોગ અને દરિયાઈ સંગઠનોએ હોબાળો મચાવ્યો છે.



# યુએસ જેલમાં કેદીઓને હવાઈ ડિલિવરી! ડ્રોન દ્વારા છરીઓ, ડ્રગ્સ અને ફોન પહોંચાડવાનો પ્રયાસ

(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 19

ન્યૂ યોર્કમાં માર્સી કરેક્શનલ ફેસિલિટી ખાતે મોડી રાત્રે ડ્રોનનો ઉપયોગ કરીને દાણચોરીનો પ્રયાસ થયો. ડ્રોન દ્વારા છરીઓ, સેલફોન, માદક દ્રવ્યો અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓ ડોર્મિટરી વિસ્તાર પાસે ફેંકવામાં આવી હતી. જોકે, સ્ટાફના સભ્યોએ તાત્કાલિક વસ્તુઓ જપ્ત કરી લીધી. હાલમાં, આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. યુએસએના ન્યૂ યોર્કમાં ડ્રોનનો ઉપયોગ કરીને દાણચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મોડી રાત્રે, ન્યૂ યોર્કમાં માર્સી કરેક્શનલ ફેસિલિટી ઉપર એક ડ્રોન ઉડતું જોવા મળ્યું હતું. છરીઓ, એક સેલફોન, એક બંદના, વાળના ક્લિપર્સ અને લીલા પાંદડાવાળા પદાર્થ જેવો પદાર્થ ડોર્મિટરી (જેલની અંદરના મોટા કોમ્યુનલ રૂમ) વચ્ચે ફેંકવામાં આવ્યો હતો. ત્યારબાદ એક સ્ટાફ સભ્યએ તરત જ પેકેજ શોધી કાઢ્યું. સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ કરેક્શન્સ એન્ડ કોમ્યુનિટી સુપરવિઝન અનુસાર, તપાસકર્તાઓ હાલમાં આ ઘટના માટે જવાબદાર લોકોની ઓળખ કરવા માટે કામ કરી રહ્યા છે. બે બેધારી છરીઓની લંબાઈ 8 ઇંચ (20 સેન્ટિમીટર) હતી. આ પેકેજમાં એક પાઉન્ડ (આશરે 530 ગ્રામ) થી વધુ લીલા પાંદડાવાળા પદાર્થ પણ હતા, જે સ્પષ્ટ પ્લાસ્ટિક અને ફુગ્ગાઓમાં લપેટાયેલા હતા. વિભાગના જણાવ્યા અનુસાર, પેકેજમાં માદક રસાયણોથી લપેટાયેલા કાગળના પાંચ ટુકડા પણ હતા. વધુમાં, તેમાં વાળના ક્લિપરના બે સેટ માટે ચાર્જર અને એસેસરીઝ હતા. ડ્રોન જેલની બહાર મળી આવ્યો હતો. આ સુવિધા ન્યુ યોર્ક શહેરથી લગભગ 180 માઈલ (290 કિલોમીટર) ઉત્તરપશ્ચિમમાં સ્થિત છે. જેલોમાં ગેરકાયદેસર માલની દાણચોરી કરવા માટે ડ્રોનનો ઉપયોગ કોઈ નવી ઘટના નથી. વિભાગના કમિશનર ડેનિયલ માર્ટુસેલોએ આ વલણને રાજ્યની સુધારણા પ્રણાલી માટે 'વધતો અને તોળાઈ રહેલો ખતરો' ગણાવ્યું હતું.

**ટ્રમ્પ મોટી મુસીબતમાં** | અમેરિકામાં જન્મેલા ગેંગસ્ટર જોન કેરેલોસના કારણે ડોનાલ્ડ ટ્રમ્પ મોટી મુસીબતમાં મુકાયા

# એક તરફ યુદ્ધ તો બીજી તરફ ડ્રગ્સની સમસ્યાએ ટ્રમ્પનો વધાર્યો તણાવ



(એજન્સી) વોશિંગ્ટન। તા. 19

ઈરાનના જડબાતોડ જવાબ સામે પરેશાન અમેરિકા હવે બીજી અન્ય મુશ્કેલીનો સામનો કરી રહ્યુ છે. અમેરિકામાં જન્મેલા ગેંગસ્ટર જોન કેરેલોસના કારણે ડોનાલ્ડ ટ્રમ્પ મોટી મુસીબતમાં મુકાયા છે. ઈરાન યુદ્ધમાં તણાવમાં ડૂબેલા અમેરિકા માટે પાડોશી દેશ મેક્સિકોમાંથી પરેશાના સમાચાર સામે આવ્યા છે. અહીંની સૌથી ડ્રગ્સ તસ્કરીની કમાન મૂળ અમેરિકાના ગેંગસ્ટરે સંભાળી છે. આ ગેંગસ્ટરનુ નામ જોન કેરેલોસ છે. કેરોલોસને અમેરિકા અને મેક્સિકોનો સૌથી વધુ ખતરનાક ગેંગસ્ટર માનવામાં આવે છે. ફેબ્રુઆરીમાં સેના ઓપરેશનમાં અલ માંચોની હત્યા બાદ કેરેલોસને ડ્રગ્સ તસ્કરોની સૌથા મોટા સમૂહની કમાન મળી છે. ડોનાલ્ડ ટ્રમ્પ મેક્સિકોની આ ગેંગને અમેરિકા માટે ખતરનાક ગણે છે. રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ આ ગેંગને ખત્મ કરવા ઈચ્છા હતા. પરંતુ ગેંગસ્ટર જોન કેરેલોસે કમાન સંભાળ્યા બાદ અમેરિકાનો તણાવ દિવસેને દિવસે વધી રહ્યો છે. જોન કેરેલોસનો જન્મ કેલિફોર્નિયામાં થયો હતો.



કેરેલોસ માંચોનો પારકો દિકરી હતો. નાનાપણથી જ જોન કેરેલોસને ડ્રગ્સના ધંધા માટે તાલીમ આપવામાં આવી હતી. માંચોની હત્યા બાદ જોન કેરેલોસે સમૂહની સત્તા સંભાળી છે. કહેવામાં આવી રહ્યુ છે કે માંચોની હત્યા બાદ તેના તમામ વફાદારો હવે જોન કેરેલોસની સાથે છે. અમેરિકી ડ્રગ્સ વિભાગ જોન કેરેલોસ પર 5 મિલિયન ડૉલરનું ઈનામ અગાઉ જાહેર કરી ચુક્યુ છે. પરંતુ હવે અમેરિકા આ ઈનામી રાશિ વધારી શકે છે. જોન કેરેલોસને તેના પિતા માંચોથી પણ વધારે ખતરનાક માનવામાં આવે છે. જોન કેરેલોસ જેને CJNGનો પ્રમુખ બનાવોય છે. તેનું મેક્સિકોમાં સૌથી મોટું ડ્રગ્સ સામ્રાજ્ય છે. આ સંગઠન પાસે મલેશિયા ગ્રુપ, પોતાના કબ્જાનું ક્ષેત્ર, મોટી સંખ્યામાં વાહન અને આધુનિક હત્યારો છે. આ ગેંગ તેલ ચોરી અને ડ્રગ્સ સપ્લાઈના કારણે સૌથી વધુ ચર્ચામાં રહે છે.

# ઈરાનના સમર્થનમાં યુએસ અધિકારીએ આપેલા રાજીનામા બાદ શરુ કરાઈ 'રાજદ્રોહ' માટે તપાસ

(એજન્સી) યુએસ । તા. 19

જો કેન્ટ આતંકવાદ વિરોધી વિભાગના વડા હતા. FBI એ હવે કેન્ટ સામે તપાસ શરૂ કરી છે.ઈરાન યુદ્ધના વિરોધમાં રાજીનામું આપવું એ યુએસ અધિકારી જો કેન્ટ માટે મોંઘુ સાબિત થઈ શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે આતંકવાદ વિરોધી વિભાગના ભૂતપૂર્વ વડા જો કેન્ટ સામે તપાસ શરૂ કરી છે. તેમના પર ગુપ્ત માહિતી લીક કરવાનો આરોપ છે. જેને યુએસમાં રાજદ્રોહ માનવામાં આવે છે. તપાસ બાદ, જો કેન્ટની ધરપકડ થઈ શકે છે. દરમિયાન, કેન્ટના નવા દાવાએ વિશ્વભરમાં સનસનાટી મચાવી છે. પ્રખ્યાત યુટ્યુબર ટર્કર કાર્લસન સાથેની એક મુલાકાતમાં, જો કેન્ટે જણાવ્યું હતું કે ઈરાન પાસે 2025માં પણ પરમાણુ-સક્ષમ સમૃદ્ધ યુરેનિયમ નહોતું. ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને જો કેન્ટ સામે તપાસ શરૂ કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્રની ભલામણ પર તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જો પર યુદ્ધ દરમિયાન ગુપ્ત માહિતી લીક કરવાનો આરોપ છે. જે યુએસ સુરક્ષા દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવતું હતું. યુએસમાં ગુપ્ત માહિતી લીક કરવી એ ગંભીર ગુનો માનવામાં આવે છે. તે આરોપીઓ પર યુએસ જાસૂસી અધિનિયમ-1917 હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. જો દોષિત ઠેરવવામાં આવે તો, તેમને 10-20 વર્ષની સજા થઈ શકે છે, કેટલાક કિસ્સાઓમાં આજીવન કેદની પણ શક્યતા છે.જો કેન્ટે રાજીનામું આપતા લખ્યું, એવું કહેવું ખોટું છે કે જો ઈરાન પર હુમલો ન થયો હોત, તો તેણે યુએસ પર હુમલો કર્યો હોત. ઈરાન હાલમાં યુએસ માટે કોઈ ખતરો નથી. આ યુદ્ધ ખોટું છે, અને હું આ યુદ્ધનો સામનો કરવા માટે નૈતિક ધોરણે રાજીનામું આપી રહ્યો છું.કેન્ટે પોતાના રાજીનામા પત્રમાં લખ્યું છે કે, આ યુદ્ધ અમેરિકાનું યુદ્ધ નથી. તે ઈઝરાયલ અને તેની પ્રભાવશાળી લોબીના દબાણ હેઠળ શરૂ કરવામાં આવ્યું હતું. અમેરિકાને નુકસાન થશે.

# રાષ્ટ્રીય કટોકટી માટે તૈયારી વધારવા માટે ગુવાહાટીમાં રેલ્વે અને સેનાનો અભ્યાસ





માલીગાંવ : પૂર્વીય કમાન્ડ હેડક્વાર્ટર અને એરિયા 101, જે ભારતીય સેનાનું સૌથી મોટું કમાન્ડ છે, એ 18 માર્ચ, 2026 ના રોજ ગુવાહાટીમાં ઉચ્ચ-સ્તરીય દૃશ્ય આયોજન કવાયત સફળતાપૂર્વક હાથ ધરી હતી. આ કવાયતમાં ભારતીય સેના સાથે ઉત્તરપૂર્વીય સરહદી રેલ્વે (NFR) ના વરિષ્ઠ અધિકારીઓએ રાષ્ટ્રીય કટોકટીનો સામનો કરવા માટે સંકલન અને તૈયારી વધારવા માટે ભાગ લીધો હતો. આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને સંગઠનોની પરસ્પર શક્તિઓને સમજવાનો અને ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો હતો. તેનો પ્રાથમિક ધ્યેય કોઈપણ રાષ્ટ્રીય કટોકટી દરમિયાન, ખાસ કરીને વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ પૂર્વીય ક્ષેત્રમાં, ઝડપી અને સંકલિત પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે ઓપરેશનલ મિકેનિઝમ્સને સંરેખિત કરવાનો હતો. સત્ર દરમિયાન, સહભાગીઓએ ઓપરેશનલ તૈયારીને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ સંભવિત પરિસ્થિતિઓ પર ચર્ચા કરી. દ્વિ-ઉપયોગી માળખાગત સુવિધાઓના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો, જે ફક્ત લોજિસ્ટિક્સ ક્ષમતાઓને મજબૂત બનાવશે નહીં પરંતુ સંસાધનોના સહિયારા ઉપયોગ દ્વારા સરકારી ખર્ચમાં નોંધપાત્ર બચત પણ સુનિશ્ચિત કરશે. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલવે, ઈસ્ટર્ન કમાન્ડ અને આર્મી હેડક્વાર્ટરના વરિષ્ઠ અધિકારીઓએ ચર્ચામાં સક્રિયપણે ભાગ લીધો અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન સુધારવા માટે તેમના મંતવ્યો અને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરી. આ કવાયતથી હિતધારકોને સહકારના મુખ્ય ક્ષેત્રો ઓળખવા અને પ્રતિભાવ વ્યૂહરચનાઓ સુવ્યવસ્થિત કરવામાં સક્ષમ બનાવવામાં આવ્યા. આ સંયુક્ત પહેલથી તમામ સહભાગી એજન્સીઓ વચ્ચે વિશ્વાસ મજબૂત થયો છે અને ભારતીય સેના અને ભારતીય રેલવે વચ્ચે સીમલેસ એકીકરણ માટે એક મજબૂત માળખું સ્થાપિત થયું છે. રાષ્ટ્રીય મહત્વ અને કટોકટીના સમયમાં કાર્યક્ષમ અને સંકલિત પ્રતિભાવ સુનિશ્ચિત કરવામાં આવા સંકલિત પ્રયાસો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# પીએમ મોદીનું રાજકારણ પર નિવેદન પૂર્ણવિરામ જેવું કંઈ નથી



નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાંથી નિવૃત્ત થઈ રહેલા 59 સભ્યોને વિદાય આપતી વખતે એક અત્યંત સૂચક અને મહત્વનું નિવેદન આપ્યું છે. વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "રાજકારણમાં ક્યારેય 'ફુલ સ્ટોપ' કે 'પૂર્ણવિરામ' જેવું કંઈ હોતું નથી." સંસદના ઉચ્ચ સદનમાંથી વિદાય લઈ રહેલા અનુભવી નેતાઓને સંબોધતા તેમણે કહ્યું કે, ભલે સભ્યો ગૃહમાંથી નિવૃત્ત થઈ રહ્યા હોય, પરંતુ તેમનો બહોળો અનુભવ અને રાષ્ટ્ર પ્રત્યેનું યોગદાન સામાજિક જીવનમાં સતત જળવાઈ રહેશે. સત્ર દરમિયાન ભલે ઉગ્ર ચર્ચાઓ થતી હોય, પરંતુ વિદાય વેળાએ પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને તમામ નેતાઓ એકબીજાના વખાણ કરતા જોવા મળ્યા હતા.

પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ માત્ર પોતાના પક્ષના જ નહીં, પરંતુ વિપક્ષી નેતાઓની સંસદીય ગરિમા અને અનુભવના પણ વખાણ કર્યા હતા. તેમણે પૂર્વ પીએમ એચ.ડી. દેવગૌડા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને એનસીપી પ્રમુખ શરદ પવારના યોગદાનને બિરદાવ્યું હતું. મોદીએ ઉમેર્યું કે, આવા કાર્યક્રમોથી પક્ષોની મર્યાદાઓથી ઉપર ઉઠીને એકબીજા પ્રત્યે સન્માનની ભાવના પેદા થાય છે. જે સભ્યો જઈ રહ્યા છે, તેમના માટે ભવિષ્યના અનેક નવા દ્વાર ખુલ્લા છે અને તેઓ જનસેવાનું કાર્ય ચાલુ રાખશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

રાજકીય સમીકરણોની દ્રષ્ટિએ આ નિવૃત્તિ અને નવી નિમણૂકો ભાજપ અને એનડીએ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ છે. તાજેતરમાં ખાલી પડેલી 37 બેઠકો પરની ચૂંટણી અને બિનહરીફ પ્રક્રિયા બાદ રાજ્યસભામાં એનડીએની સ્થિતિ અત્યાર સુધીની સૌથી મજબૂત બની છે. ગઠબંધનની કુલ બેઠકોનો આંકડો 141 પર પહોંચી ગયો છે, જે 140 ના મહત્વપૂર્ણ આંકડાને પાર કરી ગયો છે. આ પ્રથમ વખત છે જ્યારે રાજ્યસભામાં એનડીએ આટલી મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યું છે, જે આગામી સમયમાં મહત્વના બિલ પસાર કરાવવા માટે સરકાર માટે માર્ગ મોકળો કરશે.

## News Brief

### નીતિશ કુમારે શોક વ્યક્ત કર્યો અને આર્થિક સહાયના આદેશ આપ્યા



પટના: મધ્યપ્રદેશના ઈન્દોરમાં બુધવારે વહેલી સવારે સર્જાયેલા એક ભીષણ અગ્નિકાંડમાં બિહારના કિશનગંજ જિલ્લાના 6 શ્રમિકોના કરુણ મોત નિપજ્યા છે. આ હૃદયદ્રાવક ઘટના પર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ મૃતકોના આશ્રિતો માટે મુખ્યમંત્રી રાહત નિધિમાંથી પ્રત્યેકને 2 લાખ રૂપિયાની આર્થિક સહાય (Ex-gratia) આપવાની જાહેરાત કરી છે. આ દુર્ઘટના ઈન્દોરના બ્રિજેશ્વરી એનેક્સ વિસ્તારમાં સ્થિત એક ત્રણ માળના મકાનમાં શોર્ટ સર્કિટને કારણે ઘટી હતી, જેમાં કુલ 8 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ઈન્દોર પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહે ઘટનાની વિગતો આપતા જણાવ્યું કે, બુધવારે વહેલી સવારે 4 વાગ્યે મકાનની બહાર પાર્ક કરેલી એક ઈલેક્ટ્રિક કાર ચાર્જ થઈ રહી હતી. અચાનક ચાર્જિંગ પોઈન્ટમાં વિસ્ફોટ થયો અને આગ ઝડપથી આખા મકાનમાં પ્રસરી ગઈ. મકાનમાં ઈલેક્ટ્રોનિક લોક હોવાથી પાવર કટ થતા દરવાજા લોક થઈ ગયા હતા, જેના કારણે લોકો બહાર નીકળી શક્યા નહોતા. આ ઉપરાંત, મકાનમાં રાખવામાં આવેલા 10 થી વધુ ગેસ સિલિન્ડરોમાં પણ એક પછી એક ધડાકા થતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બિહારના મુખ્યમંત્રીએ આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "મુખ્યમંત્રીએ દિલ્હી સ્થિત બિહારના રેસિડેન્ટ કમિશનરને મધ્યપ્રદેશ સરકાર સાથે સંકલન સાધવા સૂચના આપી છે.

## મહિલાએ ભાજપ નેતાને લાફો ઝીંક્યો નેતાઓ સ્તબ્ધ બન્યા

# ભાજપ કાર્યાલયમાં થપ્પડ કાંડ નેતાની જાહેરમાં ધોલાઈ

(એજન્સી) મહારાજગંજ | તા.19

ઉત્તર પ્રદેશના મહારાજગંજ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં આજે એક અભૂતપૂર્વ અને આઘાતજનક ઘટના બની છે. નવા નિમણૂક પામેલા સભાસદોના સ્વાગત માટે આયોજિત એક ભવ્ય સમારોહમાં અચાનક જ એક મહિલાએ એન્ટ્રી કરી પાર્ટીના એક વરિષ્ઠ પદાધિકારીને જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો. મંચ પર જ્યારે નેતાઓનું સન્માન ચાલી રહ્યું હતું, ત્યારે જ બનેલી આ ઘટનાને કારણે ત્યાં હાજર કાર્યકરો અને નેતાઓ થોડીવાર માટે સ્તબ્ધ થઈ ગયા હતા. આ સમગ્ર 'થપ્પડ કાંડ'નો વીડિયો અત્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે, જેણે રાજકીય આલમમાં મોટી ચર્ચા જગાવી છે. માહિતી મુજબ, ભાજપ કાર્યાલયમાં પદાધિકારીઓના સન્માનનો કાર્યક્રમ જોરશોરથી ચાલી રહ્યો હતો. આ દરમિયાન એક મહિલા તેના પુત્ર સાથે મંચ પર ધસી આવી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મહિલાએ કોઈપણ ખચકાટ વગર



પદાધિકારીનો કોલર પકડી લીધો અને જોરદાર ઝાપટ મારી દીધી હતી. મહિલાએ પદાધિકારી પર પૈસા હડપ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. ઝાપટ માર્યા બાદ પણ મહિલાનો ગુસ્સો શાંત થયો નહોતો અને તેણે પદાધિકારીને કોલર પકડીને મંચની બહાર ખેંચવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે કાર્યક્રમમાં નાસભાગ મચી ગઈ હતી. આ હંગામા પાછળનું મુખ્ય કારણ આર્થિક લેતીદેતી હોવાનું સામે આવ્યું છે. મળતી વિગતો અનુસાર, મહિલાએ એલઆઈસી (LIC) પોલિસીના નામે ભાજપના આ પદાધિકારીને આશરે 4.50 લાખ રૂપિયા આપ્યા હતા. આરોપ છે કે આ રકમ સંબંધિત પદાધિકારીએ નિયત જગ્યાએ જમા કરાવી નહોતી અને મહિલાના પૈસા હડપ કરી લીધા હતા. મહિલા લાંબા સમયથી પોતાની જીવનમૂડી પાછી માંગી રહી હતી, પરંતુ નેતા દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતા આખરે તેણે જાહેરમાં પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. હંગામો એટલો ઉગ્ર બન્યો હતો કે મહિલાએ હાથમાં ચપ્પલ લઈને નેતાને મારવા માટે દોટ મૂકી હતી. આ દ્રશ્ય જોઈને કાર્યાલયમાં હાજર અન્ય કાર્યકરો વચ્ચે પડ્યા હતા, જેના પરિણામે ધક્કામુક્કી અને ગાળાગાળીના દ્રશ્યો સર્જાયા હતા. સ્થિતિ વણસતી જોઈ તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ભારે જહેમત બાદ મહિલાને કાર્યાલય પરિસરની બહાર મોકલી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે અત્યારે બંને પક્ષોની પૂછપરછ શરૂ કરી છે અને કાયદેસરની કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.ભરી સભામાં નેતાની ધોલાઈ થવાની આ ઘટનાએ વિપક્ષને બેઠા બેઠા મોટો મુદ્દો આપી દીધો છે.

## ભાજપમાં જોડાયા બાદ બોરડોલોઈનું નિવેદન: આસામને નવી ઊંચાઈએ લઈ જઈશું

નવી દિલ્હી/ગુવાહાટી: આસામ વિધાનસભા ચૂંટણી 2026 પહેલા રાજ્યના રાજકારણમાં એક મોટો વળાંક આવ્યો છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને લોકસભાના પૂર્વ સાંસદ પ્રદ્યુત બોરડોલોઈએ કોંગ્રેસ સાથેનો દાયકાઓ જૂનો છેડો ફાડી ભાજપમાં પ્રવેશ કર્યો છે. ભાજપમાં જોડાયાના ગણતરીના કલાકોમાં જ તેમણે આસામના વિકાસ માટેનો પોતાનો વિઝન સ્પષ્ટ કર્યો છે. બોરડોલોઈએ જણાવ્યું હતું કે તેમનું મુખ્ય ધ્યાન રાજ્યમાં નવી રોજગારીની તકો ઊભી કરવા અને લોકોના જીવનધોરણને ઊંચું લાવવા પર રહેશે. ભાજપે તેમને રાજ્યની પ્રતિષ્ઠિત ડિસપુર બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા છે. બોરડોલોઈએ મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના વખાણ કરતા તેમને "ખૂબ જ કુશળ અને મહેનતુ નેતા" ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, "હું હવે તેમની સાથે છું અને અમારો સ્પષ્ટ ઉદ્દેશ્ય આસામ અને સમગ્ર ઉત્તર-પૂર્વ ક્ષેત્રને વિકાસના પથ પર આગળ લઈ જવાનો છે. અમે સાથે મળીને રોજગાર નિર્માણ અને લોકોની આવક વધારવા માટે કામ કરીશું. આ મારો વ્યક્તિગત પ્રયાસ રહેશે કે આસામના દરેક નાગરિકનું જીવનધોરણ બહેતર બને."

પ્રદ્યુત બોરડોલોઈના ભાજપમાં જોડાવાની અસર તેમના પરિવાર પર પણ જોવા મળી છે. તેમના પુત્ર પ્રતીક બોરડોલોઈએ માર્ગેરિટા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રમાં પ્રતીકે જણાવ્યું હતું કે, "મારા પિતાના પક્ષ પલટા બાદ મારી ઉમેદવારીથી લોકો અને કાર્યકરોમાં મૂંઝવણ પેદા થઈ શકે છે. પક્ષ પ્રત્યેની જવાબદારી અને સ્પષ્ટતા જાળવી રાખવા માટે મેં આ નિર્ણય લીધો છે." જોકે, પ્રતીકે કોંગ્રેસની વિચારધારામાં પોતાનો અતૂટ વિશ્વાસ હોવાનું પણ જણાવ્યું હતું. આસામ ચૂંટણી માટે ભાજપે 88 ઉમેદવારોની પોતાની પ્રથમ યાદી જાહેર કરી છે, જેમાં પ્રદ્યુત બોરડોલોઈ ઉપરાંત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભૂપેન કુમાર બોરાને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પોતાની પરંપરાગત બેઠક જાલુકબારીથી ચૂંટણી લડશે.

## નવી માર્ગદર્શિકા જાહેર થતા મુસાફરો ખુશ

# વિમાન પ્રવાસના નવા નિયમો હવે ટિકિટ થશે સસ્તી



નવી દિલ્હી: દેશના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં મુસાફરોને પડતી હાલાકી દૂર કરવા અને એરલાઈન્સ કંપનીઓની મનમાની પર લગામ કસવા માટે કેન્દ્ર સરકારે કમર કસી છે. ઉડ્ડયન નિયામક ડીજીસીએ (DGCA) દ્વારા બહાર પાડવામાં આવેલી નવી કડક માર્ગદર્શિકા અનુસાર, હવે કોઈપણ ફ્લાઈટમાં ઓછામાં ઓછી 60 ટકા બેઠકો પર કોઈ પણ પ્રકારનો વધારાનો ચાર્જ વસૂલી શકાશે નહીં. આ બેઠકો મુસાફરોને મુક્તપણે ફાળવવાની રહેશે. અત્યાર સુધી વેબ ચેક-ઈન કે સીટ પસંદગીના નામે પ્રવાસીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવતી એરલાઈન્સ માટે આ આદેશ એક મોટો ફટકો છે. ભારત અત્યારે વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી મોટું એવિએશન માર્કેટ છે, જ્યાં દરરોજ 5 લાખથી વધુ પ્રવાસીઓ અવરજવર કરે છે, ત્યારે આ નિર્ણય સામાન્ય મુસાફરો માટે મોટી રાહત લઈને આવ્યો છે. ડીજીસીએના નવા નિર્દેશો મુજબ, જો એક જ પીએનઆર (PNR) પર એકથી વધુ પ્રવાસીઓ મુસાફરી કરી રહ્યા હોય, તો એરલાઈન્સે તેમને ફરજિયાતપણે નજીક-નજીકની બેઠકો ફાળવવી પડશે. અત્યાર સુધી સ્થિતિ એવી હતી કે પરિવારના સભ્યોને સાથે બેસવા માટે પણ વધારાનો 'સીટ સિલેક્શન ચાર્જ' ચૂકવવો પડતો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ પારદર્શી અભિગમથી પ્રવાસીઓની સુવિધામાં વધારો થશે અને એરલાઈન્સની છૂપી કમાણીના રસ્તા બંધ થશે. આ ઉપરાંત, રમતગમતના સાધનો, સંગીતના વાદ્યો અને પાળેલા પ્રાણીઓના પ્રવાસ અંગે પણ સ્પષ્ટ અને પારદર્શક નિયમો બનાવવાની સૂચના આપવામાં આવી છે. ઘણીવાર ફ્લાઈટ મોડી પડે, કેન્સલ થાય કે બોર્ડિંગ અટકાવવામાં આવે ત્યારે મુસાફરો પોતાના અધિકારોથી અજાણ હોય છે. ડીજીસીએએ આદેશ આપ્યો છે કે એરલાઈન્સે તેમના બુકિંગ પ્લેટફોર્મ, મોબાઈલ એપ અને એરપોર્ટ કાઉન્ટર્સ પર મુસાફરોના અધિકારોની માહિતી સ્પષ્ટપણે દર્શાવવી પડશે.

# ભારત ઔદ્યોગિક વિકાસ યોજનાને મંજૂરી દેશમાં ઉદ્યોગોનો સૂર્યોદય થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતને આર્થિક મહાસત્તા બનાવવા તરફ વધુ એક મજબૂત ડગલું ભરવામાં આવ્યું છે. સરકારે ઉદ્યોગ, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિન્યુએબલ એનર્જી જેવા પાયાના ક્ષેત્રો માટે કુલ 54,926 કરોડ રૂપિયાની ચાર મહત્વપૂર્ણ યોજનાઓને લીલી ઝંડી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં આ નિર્ણયોની વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌથી મોટો હિસ્સો 'ભારત ઔદ્યોગિક વિકાસ યોજના' (ભવ્ય) ને ફાળવવામાં આવ્યો છે, જેના દ્વારા દેશના મેન્યુફેક્ચરિંગ સેક્ટરની કાયાપલટ કરવાનું લક્ષ્ય છે. 'ભવ્ય' યોજના હેઠળ સરકાર 33,660 કરોડ રૂપિયાના ખર્ચે દેશભરમાં 100 'પાવર એન્ડ પ્લે' ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવશે. આ પાર્કની ખાસિયત એ હશે કે ઉદ્યોગકારોએ પાયાની સુવિધાઓ માટે રાહ જોવી નહીં પડે; અહીં રસ્તા, વીજળી અને પાણી જેવી તમામ માળખાગત સુવિધાઓ અગાઉથી જ તૈયાર હશે. સરકાર આ માટે પ્રતિ એકર દીઠ મહત્તમ 1 કરોડ રૂપિયાની સહાય પૂરી પાડશે. આ યોજના વર્ષ 2026-27 થી 2031-32 સુધી અમલમાં રહેશે, જેનો મુખ્ય હેતુ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારીને રોજગારીની નવી તકો ઉભી કરવાનો છે.ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા કેબિનેટે કપાસની સિઝન 2023-24 માટે ટેકાના ભાવ (MSP) પર થયેલી ખરીદી બદલ 1,718 કરોડ રૂપિયાની ભરપાઈ કરવાની મંજૂરી આપી છે. કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કરાયેલી આ ખરીદીથી અંદાજે 7.25 લાખ ખેડૂતોને સીધો આર્થિક લાભ થયો છે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશમાં કનેક્ટિવિટી સુધારવા માટે નેશનલ હાઈવે-927 ના બારાબંકી થી બહરાઈચ સેક્શનને ફોર-લેન બનાવવા માટે 6,969 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. 101.5 કિલોમીટર લાંબો આ હાઈવે પ્રોજેક્ટ લાખો લોકો માટે પરિવહન સરળ બનાવશે.

# એનટીકે દ્વારા ચૂંટણી ઢંઢેરો જાહેર તમિલ ગૌરવ પર ભાર

ચેન્નાઈ: તમિલનાડુના રાજકારણમાં પોતાની આગવી ઓળખ ધરાવતી પાર્ટી 'નામ તમિલર કાચ્છી' (NTK) એ આગામી 2026ની વિધાનસભા ચૂંટણી માટે પોતાનો મહત્વકાંક્ષી ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. ચેન્નાઈમાં આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં પાર્ટીના વડા સીમને જાહેરાત કરી હતી કે જો તેમની પાર્ટી સત્તા પર આવશે, તો સૌથી પહેલા તમિલનાડુ સરકારનું સત્તાવાર પ્રતીક (Emblem) બદલવામાં આવશે. નવા પ્રસ્તાવિત લોગોમાં મહાન સંત કવિ તિરુવલ્લુવરને મધ્યમાં સ્થાન આપવામાં આવશે, જે તમિલ સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક બનશે. સીમનના આ એલાને રાજ્યમાં સાંસ્કૃતિક અને રાજકીય ચર્ચાઓ તેજ કરી દીધી છે.એનટીકેના મેનિફેસ્ટોમાં કૃષિ ક્ષેત્રને અર્થતંત્રની કરોડરજ્જુ ગણાવતા 'રાષ્ટ્રીય વ્યવસાય' જાહેર કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. સીમને જણાવ્યું કે ખેતીને માત્ર વ્યવસાય નહીં પણ સરકારી સેવા તરીકે ગણવામાં આવશે. ખેડૂતોને આર્થિક નુકસાનથી બચાવવા માટે દરેક જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની સુવિધા અને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી ઝેરમુક્ત અન્ન ઉત્પાદન પર ભાર મૂકવામાં આવશે. જળ સ્ત્રોતોના રક્ષણ માટે પરંપરાગત પદ્ધતિઓ અને તાડના વૃક્ષો વાવવાનું આયોજન પણ આ ઢંઢેરામાં સામેલ છે.પાર્ટીએ શિક્ષણ ક્ષેત્રે 'ભાષા આધારિત શિક્ષણ' પર ભાર મૂક્યો છે, જેમાં માતૃભાષામાં નોંધણી ફરજિયાત અને તમિલ માધ્યમના શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવશે. આરોગ્ય ક્ષેત્રે તિરુચીમાં ટ્રાન્સજેન્ડર સમુદાય માટે સમર્પિત હોસ્પિટલ અને એલોપથીની સાથે સિદ્ધા અને આયુર્વેદને જોડતું વૈશ્વિક 'મેડિકલ ટુરિઝમ સિટી' બનાવવાનું વચન અપાયું છે.

# શિમલાના કાલીબારી મંદિરમાં નવરાત્રી: ઠંડી અને વરસાદ વચ્ચે ભક્તોની ભીડ

શિમલા: હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં ચૈત્ર નવરાત્રી અને હિન્દુ નવા વર્ષના પ્રારંભે ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો સંગમ જોવા મળ્યો છે. ઐતિહાસિક અને 200 વર્ષથી વધુ જૂના કાલીબારી મંદિરમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. શિમલામાં અત્યારે કડકડતી ઠંડી અને વરસાદી માહોલ હોવા છતાં, ભક્તોના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. માતા દુર્ગાના આશીર્વાદ લેવા માટે સ્થાનિક લોકોની સાથે પ્રવાસીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસે માતા શૈલપુત્રીની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. સ્થાનિક શ્રદ્ધાળુ પરમદેવ શર્માએ જણાવ્યું કે, "હવામાન ભલે પ્રતિકૂળ હોય, પરંતુ માતા પ્રત્યેની અમારી અતૂટ આસ્થા અમને અહીં ખેંચી લાવે છે. આ પવિત્ર અવસરે હું પ્રાર્થના કરું છું કે માતાજી સૌને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે." મંદિરના પરિસરમાં વહેલી સવારથી જ મંત્રોચ્ચાર અને ભક્તિ ગીતોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.કાલીબારી મંદિરના પૂજારી મુક્તિ ચક્રવર્તીએ નવરાત્રીનું મહત્વ સમજાવતા કહ્યું કે, આ નવ દિવસો માતાજી પૃથ્વી પર પોતાના પરિવાર સાથે પધારે છે, જે સૌના જીવનમાં ખુશીઓ લાવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, "માનવતા જ સૌથી મોટો ધર્મ છે અને આપણે પરસ્પર સન્માન અને પ્રેમ સાથે રહેવું જોઈએ." પૂજારીએ નોંધ્યું હતું કે ખરાબ હવામાન છતાં દેશભરમાંથી ભક્તો દર્શન માટે આવી રહ્યા છે, જે ભારતીય સંસ્કૃતિના ઊંડા મૂળ દર્શાવે છે.ચૈત્ર નવરાત્રી માત્ર શક્તિની આરાધનાનો જ પર્વ નથી.

## નવા સમીકરણો રચાઈ રહ્યા છે

# રંજના નાચિયારનું પક્ષ પલટો વિજયને મોટો ઝટકો

ચેન્નાઈ: તમિલનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણી 2026 પહેલા રાજકીય ગરમાવો તેજ બન્યો છે. સુપરસ્ટાર વિજયની પાર્ટી 'તમિલગા વેટ્રી કઝગમ' (TVK) ને એક મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીની અગ્રણી મહિલા નેતા અને અભિનેત્રી રંજના નાચિયાર આજે સત્તાધારી પક્ષ દ્રવિડ મુન્નેત્ર કઝગમ (DMK) માં જોડાઈ ગયા છે. ચેન્નાઈમાં મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનની હાજરીમાં તેમણે પાર્ટીનું સભ્યપદ ગ્રહણ કર્યું હતું. ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે ત્યારે આ પક્ષ પલટાએ તમિલનાડુના રાજકારણમાં નવી ચર્ચા જગાવી છે.

ડીએમકેમાં જોડાયા બાદ રંજના નાચિયારે મીડિયા સાથેની વાતચીતમાં વિજય અને તેમની પાર્ટી ટીવીકે પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, "વિજય જે વાતો કરે છે તે પાળતા નથી. મહિલા દિવસના દિવસે જ તેમણે મંચ પરથી મહિલાઓનું અપમાન કર્યું હતું." રંજનાએ વધુમાં ઉમેર્યું કે વિજય કાર્યકરો કે જનતા માટે ઉપલબ્ધ નથી અને તેમનો સ્વભાવ 'અનએપ્રોચેબલ' (મળી ન શકાય તેવો) છે. તેમણે ડીએમકેને વધુ સુરક્ષિત અને વિશ્વાસપાત્ર વિકલ્પ ગણાવ્યો હતો. રંજના નાચિયારે દાવો કર્યો હતો કે ટીવીકેમાં ઘણા નેતાઓ જોડાવા માંગતા હતા પરંતુ વિજયના અક્કડ વલણને કારણે તેઓ પાછા હટી ગયા છે. બીજી તરફ, વિજયે તાજેતરમાં એક ઈફ્તાર પાર્ટી દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે તેમની પાર્ટી કોઈ પણ મોટા રાજકીય પક્ષ સાથે ગઠબંધન કરવાની નથી. વિજયે કહ્યું કે, "અમે જનતાની ટીમ છીએ અને સામાજિક ન્યાય સાથે કોઈ પણ બાંધછોડ કરીશું નહીં." જોકે, રંજનાના જવાથી વિજયની નવી પાર્ટીની છબી પર અસર પડી શકે છે.ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, તમિલનાડુમાં 23 એપ્રિલ, 2026 ના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. મતોની ગણતરી 4 મેના રોજ કરવામાં આવશે. રાજ્યમાં અત્યારે ડીએમકેની આગેવાની હેઠળનું સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સ (SPA) અને એઆઈએડીએમકેની આગેવાની હેઠળનું એનડીએ (NDA) સામસામે છે. આ દરમિયાન વિજયની પાર્ટી ટીવીકે ત્રીજા મોરચા તરીકે ઉભરવાનો પ્રયાસ કરી રહી છે.

## સોનિયા ગાંધી અને શશી થરૂર સામસામે જંગ જામ્યો | વિદેશ નીતિ મુદ્દે રાજકીય ઘમાસાણ તેજ બન્યું છે

# ઈરાન યુદ્ધ પર કોંગ્રેસમાં વિખવાદ નેતાઓના મંતવ્યો અલગ પડ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.19

પશ્ચિમ એશિયામાં ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના આક્રમક હુમલા બાદ સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિએ ભારતના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. ખાસ કરીને દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસમાં આ મુદ્દે આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના નિધન અને ઈરાન પર થયેલા હુમલાઓ બાદ ભારત સરકારના મૌન પર કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓ, સોનિયા ગાંધી અને શશી થરૂરના વિચારોમાં મોટો વિરોધાભાસ જોવા મળ્યો છે. સોનિયા ગાંધીએ જ્યાં સરકારના વલણને 'નૈતિક પતન' ગણાવી ટીકા કરી છે, ત્યાં પૂર્વ રાજદ્વારી અને સાંસદ શશી થરૂરે સરકારની કૂટનીતિનું સમર્થન કરીને સૌને ચોંકાવી દીધા છે.કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ



સોનિયા ગાંધીએ એક લેખ દ્વારા કેન્દ્ર સરકારની વિદેશ નીતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે, ઈરાનની સંપ્રભુતા પર થયેલા હુમલા અને રાષ્ટ્રાધ્યક્ષની હત્યા જેવા અત્યંત સંવેદનશીલ મામલે ભારતનું મૌન તેની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડી રહ્યું છે. સોનિયા ગાંધીના મતે, આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોવા છતાં ભારત સરકાર દ્વારા તેની નિંદા ન કરવી તે આશ્ચર્યજનક અને ચિંતાજનક છે. તેમણે સરકારના આ વલણને ભારતની પરંપરાગત વિદેશ નીતિથી વિપરીત ગણાવ્યું છે.સોનિયા ગાંધીની ટીકાથી વિપરીત, કોંગ્રેસના જ સાંસદ શશી થરૂરે સરકારના વલણનો બચાવ કરતા તેને એક સચોટ વ્યૂહરચના ગણાવી છે. મીડિયા અહેવાલ મુજબ, થરૂરે તર્ક આપ્યો છે કે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં દરેક વખતે જાહેરમાં નિંદા કરવી એ જ એકમાત્ર ઉપાય હોતો નથી. તેમના મતે, ભારતનું મૌન એ કોઈ લાચારી નથી, પરંતુ રાષ્ટ્રીય હિતોની રક્ષા માટેનો એક સમજદારીભર્યો નિર્ણય છે. થરૂરે જણાવ્યું હતું કે, કૂટનીતિમાં ક્યારેક ચૂપ રહેવું એ પણ એક અત્યંત પ્રભાવશાળી વ્યૂહરચના હોઈ શકે છે, જે ભારતના લાંબા ગાળાના હિતોને સુરક્ષિત રાખે છે.

શશી થરૂરે વિગતવાર સમજાવ્યું હતું કે, અખાતી દેશો સાથે ભારતનો વાર્ષિક વેપાર 200 અબજ ડૉલરથી વધુનો છે. આ ઉપરાંત, અંદાજે 90 લાખ ભારતીયો આ વિસ્તારમાં વસી રહ્યા છે અને ભારતની ઉર્જા સુરક્ષાનો મોટો હિસ્સો આ દેશો પર નિર્ભર છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકા સાથેના સંરક્ષણ સંબંધો અને ચીન જેવા પડોશી પડકારોને ધ્યાનમાં રાખીને ભારત કોઈ એક પક્ષનો ખુલ્લેઆમ વિરોધ કરીને પોતાના હિતોને જોખમમાં મૂકી શકે તેમ નથી. થરૂરે ઈતિહાસને ટાંકીને યાદ અપાવ્યું હતું કે ભૂતકાળમાં પણ ભારતે મિત્ર દેશોના હિતમાં અનેકવાર વ્યૂહાત્મક મૌન ધારણ કર્યું છે.વિદેશ નીતિ જેવા ગંભીર મુદ્દે કોંગ્રેસના બે ટોચના નેતાઓ વચ્ચેનો આ મતભેદ સ્પષ્ટપણે દર્શાવે છે કે પક્ષમાં બે ફાંટા પડી રહ્યા છે. એક તરફ પરંપરાગત વિદેશ નીતિના આગ્રહીઓ છે, તો બીજી તરફ બદલાતા વૈશ્વિક સમીકરણો મુજબ ચાલનારા વ્યવહારિક નેતાઓ છે. રાજકીય વિશ્લેષકો માને છે કે શશી થરૂરનું આ વલણ સરકારની કૂટનીતિને બળ પૂરું પાડે છે, જ્યારે સોનિયા ગાંધીનું વલણ પક્ષની જૂની વિચારધારાને વળગી રહેવાનું સૂચવે છે.

સિટી એક્સપ્રેસ
FRIDAY 20 MARCH-2026
AHMEDABAD

## ડમ્પરની ટક્કર દીકરીના હાથમાં મલ્ટીપલ ફ્રેક્ચર અને 30 ટાંકા

અમદાવાદ | અમદાવાદમાં દિવસ દરમિયાન ભારે વાહનો પર પ્રતિબંધ હોવા છતાં બેફામ દોડતા વાહનો નિર્દોષ લોકોના જીવ માટે ખતરો બની રહ્યા છે, ત્યારે શહેરના સાબરમતી વિસ્તારમાં ભારે વાહનોની બેદરકારી ફરી એકવાર સામે આવ્યો છે. ગત 13 માર્ચ 2026ના રોજ રેપિડો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો એક યુવક પોતાની 14 વર્ષીય દીકરી અને 6 વર્ષના દીકરાને સ્કૂલે મૂકવા જઈ રહ્યો હતો, ત્યારે સાબરમતી ટોલનાકા પાસે પાછળથી આવતા એક ડમ્પરે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

## વકીલ યુવતીની પૂર્વ પ્રેમીએ સગાઈ તોડાવી નાખી

અમદાવાદ | શહેરના રિંગ રોડ પર હાથીજણ સર્કલ પાસે રહેતી 27 વર્ષીય વકીલ યુવતીની સગાઈ કરવામાં આવતા પૂર્વ પ્રેમીએ ફોન ઉપર યુવતીના માતા-પિતાને બિભત્સ શબ્દો ભાંડ્યા હતા. આ સાથે ફોટા જાહેર કરી બદનામ કરવાની ધમકી આપી સગાઈ તોડાવી નાખી હતી. અવારનવાર અલગ-અલગ ફોન નંબરથી ધમકી આપી અને 'જો મારી સાથે લગ્ન નહીં કરાવો તો પરિવારને જાનથી મારી નાખીશ' એવી ધમકી આપી હતી. આ મામલે વટવા જીઆઈડીસી પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

### આખા વિસ્તારનો પાવર સપ્લાય કાપી નાખ્યો, સર્વિસ રોડને બંધ કરાયો : ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યો

# કલોલમાં ઓઈલ-ટાયરના ગોડાઉનમાં આગ : લોકો જીવ બચાવવા ઘરની બહાર દોડી આવ્યા, આખા વિસ્તારનો પાવર સપ્લાય કાપી નખાયો, સર્વિસ રોડને બંધ કરાયો...

ગાંધીનગર | કલોલ શહેરના કર્મયોગી સોસાયટી વિસ્તારમાં આવેલા એક ઓઈલના ગોડાઉનમાં ગત(18 માર્ચ) મધરાત્રે ભયાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે તંત્ર દ્વારા મેજર કોલ જાહેર કરવો પડ્યો હતો. આ આગમાં કરોડો રૂપિયાનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો હોવાનું કહેવાઈ રહ્યું છે. કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવાયો છે. જોકે સદનસીબે આ આગમાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી.

કલોલ શહેરના કર્મયોગી સોસાયટી વિસ્તારમાં આવેલા એક ઓઈલના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. મધરાત્રિના સમયે જ્યારે શહેર નિદ્રાધીન હતું, ત્યારે કર્મયોગી સોસાયટીમાં આવેલા ઓઈલ અને ટાયરના ગોડાઉનમાંથી અચાનક આગની જ્વાળાઓ દેખાવા લાગી હતી. ઓઈલ અને ગ્રીસ જેવા જ્વલનશીલ પદાર્થોના કારણે આગે મિનિટોમાં જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

આ ઘટનાના પગલે આસપાસના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને લોકો જીવ બચાવવા ઘરની બહાર દોડી આવ્યા હતા. આગની ગંભીરતાને જોતા કલોલ ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક અન્ય કેન્દ્રોની મદદ લેવામાં આવી હતી. જેમાં કલોલ, કડી, ઈફકો, ONGC અને ગાંધીનગરથી કુલ 8 ફાયર



ફાઈટરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ અંગે ફાયર સૂત્રોએ કહ્યું કે,ઓઈલની આગ હોવાથી પાણીની સાથે સ્પેશિયલ ફાયર ફાઈટિંગ ફોમનો મારો ચલાવવામાં આવ્યો હતો. સાવચેતીના ભાગરૂપે બાજુમાં આવેલી હોસ્પિટલ અને સોસાયટીના મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતા. આખા વિસ્તારનો પાવર સપ્લાય કાપી નાખવામાં આવ્યો હતો અને સર્વિસ રોડને પણ અવરજવર માટે બંધ કરી દેવાયો હતો.

આ ઘટનાની જાણ થતા જ મામલતદાર, નગરપાલિકાના ચીફ ઓફિસર અને સ્થાનિક વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા. પોલીસ કાફલાએ પણ કાયદો-વ્યવસ્થા જાળવવા તેમજ ભીડને નિયંત્રિત કરવા મોરચો સંભાળ્યો હતો. આ આગમાં ગોડાઉનમાં રાખેલો કરોડો રૂપિયાનો ઓઈલ, ગ્રીસ અને ટાયરનો જથ્થો બળીને રાખ થઈ ગયો છે. કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવતા તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે. આ અંગે ગાંધીનગર ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલે જણાવ્યું કે, ગાંધીનગર ફાયર કંટ્રોલમાં રાત્રે ત્રણ વાગ્યે આ મેજર કોલની વરદી લખાયેલી હતી, કલોલ નગરપાલિકાના ઈન્ચાર્જ ફાયર ઓફિસર દ્વારા અમારી મદદ માંગવામાં આવી હતી. અમે અહીંયા ઘટનાસ્થળે આવ્યા ત્યારે ગાંધીનગર ફાયર અને ઈમરજન્સીની બે ગાડી હતી, કલોલ-કડી નગરપાલિકા, ONGC, IFFCOની ગાડીઓ હતી.

### 2થી 2.5 લાખ લિટર પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લીધી: ઇ. ચીફ ફાયર ઑફિસર

આ અંગે ગાંધીનગર ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલે જણાવ્યું કે, ગાંધીનગર ફાયર કંટ્રોલમાં રાત્રે ત્રણ વાગ્યે આ મેજર કોલની વરદી લખાયેલી હતી, કલોલ નગરપાલિકાના ઈન્ચાર્જ ફાયર ઓફિસર દ્વારા અમારી મદદ માંગવામાં આવી હતી. અમે અહીંયા ઘટનાસ્થળે આવ્યા ત્યારે ગાંધીનગર ફાયર અને ઈમરજન્સીની બે ગાડી હતી, કલોલ-કડી નગરપાલિકા, ONGC, IFFCOની ગાડીઓ હતી અને લગભગ 2 લાખથી 2.5 લાખ લિટર જેટલો પાણીનો મારો ચલાવીને અમે આ ઓઈલ ગોડાઉન ઉપર લાગેલી આગને કાબૂમાં લીધી છે અને આજુબાજુની સોસાયટીઓને પણ અમે કોઈ મોટી જાનહાનિ થવા દીધી નથી.

### આયુષ મંત્રાલયના બોર્ડવાળી ફોર્ચ્યુનરમાં હેરાફેરી કરતા, સુરતમાં 2 કરોડની કરન્સી છાપી, પહેલી ડીલમાં અમદાવાદ આવ્યા ને ઝડપાયા

# સત્યમ યોગ ફાઉન્ડે.ની ગાડીમાંથી નકલી નોટો મળી,પ્રદીપ ગુરુજીની ધરપકડ

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટા ઓપરેશનમાં અમરાઈવાડી વિસ્તારમાંથી રૂપિયા 2 કરોડથી વધુની કિંમતની બનાવટી ચલણી નોટો સાથે 6 શખ્સોની ધરપકડ કરી છે. આ તમામ નોટો 500 રૂપિયાના દરની છે. સુરતમાં નકલી નોટો બની હતી અને અમદાવાદમાં હેરફેર માટે આવી હતી. હાલ પોલીસે તમામની ધરપકડ કરી આ બનાવટી ચલણી નોટો મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે સત્યમ યોગ ફાઉન્ડેશનની ગાડીમા નકલી નોટોની હેરાફેરી થતી હતી. નોટોની સપ્લાય માટે કાર પર ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા અને આયુષ મંત્રાલયના નામનો ઉલ્લેખ થતો હતો. ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ અને સુરતમાં કાર્યવાહી કરી હતી. જેમાં અમદાવાદમાંથી 2.10 કરોડની અને સુરતમાં 80 લાખની નકલી નોટો કબ્જે કરી છે. આ મામલે સત્ય યોગ ફાઉન્ડેશનના પ્રદીપ ગુરુજીની પણ ધરપકડ કરાઈ છે.

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામ ખાતે આવેલા શ્રી સત્ય યોગ ફાઉન્ડેશનના આશ્રમમાં નકલી નોટ છપાતી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શ્રી સત્ય યોગ ફાઉન્ડેશન સંસ્થામાં છાપો મારી અનેક દસ્તાવેજો કબ્જે કર્યા છે. નકલી ચલણી નોટ છાપવામાં ઉપયોગમાં લેવાતા સાધનો પણ કબ્જે કરાયા છે.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે સુરતથી નકલી નોટોનો એક મોટો જથ્થો અમદાવાદ લાવવામાં આવી રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે મોડી રાત્રે અમરાઈવાડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી. ઓપરેશન દરમિયાન શંકાસ્પદ હિલચાલ જણાતા છ લોકોની અટકાયત કરવામાં આવી હતી, જેમની પાસેથી 500ના દરની કુલ 2 કરોડની ફેક કરન્સી મળી આવી હતી. ક્રાઈમ બ્રાંચે એક મહિલા સહિત 6 લોકોની ધરપકડ કરી છે જે અમદાવાદમાં બનાવટી ચલણી નોટનો જથ્થો આપવા માટે આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ નેટવર્ક સુરતથી સક્રિય હતું અને આ નકલી નોટોનો જથ્થો અમદાવાદમાં કોઈને પહોંચાડવાનો હતો. ક્રાઈમ બ્રાન્ચે આ મામલે ઊંડાળપૂર્વકની તપાસ હાથ ધરી છે. હાલમાં ક્રાઈમ બ્રાન્ચ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નોટો ક્યાં છાપવામાં આવી હતી, આ રેકેટના તાર અન્ય કયા રાજ્યો કે શહેરો સાથે જોડાયેલા છે અને અગાઉ કેટલી નકલી નોટો બજારમાં વહેતી કરવામાં આવી છે. આ સફળ ઓપરેશનથી નકલી નોટોના મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની શક્યતા છે.




### પંચનામામાં પરસેવો છૂટ્યો

ક્રાઈમ બ્રાંચે 500ના દરની 40 હજારથી વધુ નોટ કબજે કરી લીધી છે જેનુ પંચનામું મોડી રાતથી ચાલુ છે. 40 હજાર નોટના સીરીયલ નંબર લખવામાં અને ત્યારબાદ તેનુ પંચનામુ કરવામાં ક્રાઈમ બ્રાંચનો પરસેવો છૂટી ગયો છે. ક્રાઈમ બ્રાંચની મોટાભાગની ટીમો હાલ આ કામગીરી કરવા માટે લાગી ગઈ છે. યોગગુરુ પ્રદીપ વર્ષ 2018માં ચર્ચામાં આવ્યો હતો. શહેરમાં આવેલા કામરેજ ધોરણ પારડી સ્થિત 'સત્યમ ફાઉન્ડેશન' આશ્રમમાં યોગ શીખવતા યોગગુરુ પ્રદીપએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

**સુરતમાં રેડ કરી પ્રિન્ટર સહિતની સામગ્રી જપ્ત કરી |** પોલીસે આરોપીઓની આગવી સ્ટાઈલથી પૂછપરછ કરી હતી જેમાં ચોંકાવનારો પર્દાફાશ થયો હતો કે આ ચલણી નોટ સુરતના વરાછા ખાતે છાપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાંચની એક ટીમ વરાછા પહોચી ગઈ છે અને સ્થાનિક પોલીસની મદદ લઈને જ્યા નોટ છાપી રહ્યા હતા ત્યારે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે ચલણી નોટ પ્રિન્ટ કરવાનું મશીન સહિતની સામગ્રીઓ જપ્ત કરી હોવાનું જાણવા મળ્યુ છે.

ઝડપાયેલા આરોપીઓએ ચલણી નોટને બજારમાં ફરતી કરવા માટે એક સ્કીમ રાખી હતી કે ઓરીજનલ ચલણી નોટ આપો અને ડુપ્લીકેટ લઈ જાઓ. ઝડપાયેલા તત્વોએ ક્રાઈમ બ્રાંચ સમક્ષ કબૂલાત કરી છે કે તેમણે 500 રૂપિયા ઓરીજનલ આપો અને 1500 રૂપિયા ડુપ્લીકેટ લઈ જાઓની સ્કીમ ચાલુ કરી હતી. બે કરોડ રૂપિયાની ડુપ્લીકેટ ચલણી નોટની સામે 66 લાખની અસલ ચલણી નોટ આપવાની હતી. આરોપીઓએ નકલી નોટ છાપવાની હજુ શરૂઆત જ કરી હતી અને તેવામાં તે સંકજામાં આવી ગયા છે. પહેલી વખત ડીલ કરવા માટે આરોપીઓ નીકળ્યા હતા અને તેમની ધરપકડ કરી લેવાઈ છે.

## GCCI અને પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ દ્વારા ઓપન હાઉસ સત્રનું આયોજન

### ઉદ્યોગ, વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના હિતધારકોએ સક્રિય ભાગ લીધો



(એજન્સી) ગાંધીનગર | તા.19

GCCI દ્વારા પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ સાથે એક મહત્વપૂર્ણ ઓપન હાઉસ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ઉદ્યોગ, વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના અગ્રણીઓ તથા હિતધારકોએ સક્રિય ભાગ લીધો હતો અને માલ પરિવહન, મુસાફર કનેક્ટિવિટી તથા લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ અને મુખ્ય વક્તા તરીકે પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે GCCI ની આ પહેલની પ્રશંસા કરી હતી. તેમણે રેલવેની નીતિઓ, માલ પરિવહન યોજનાઓ તથા અવસંરચના વિકાસ અંગેની નવીનતમ માહિતી રજૂ કરી હતી. તેમણે પોતાના પ્રેઝન્ટેશન દરમિયાન જણાવ્યું હતું કે ભારતીય રેલવેને વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે કેવી રીતે વિકસાવવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં રેલવેના બજેટમાં નોંધપાત્ર વધારો થયો છે તેમજ વંદે ભારત એક્સપ્રેસ અને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવી યોજનાઓ રાજ્યના વિકાસમાં નવા માપદંડ સ્થાપિત કરી રહી છે. કાર્યક્રમને સંબોધતા GCCI ના અધ્યક્ષ શ્રી સંદીપ એન્જિનિયરે ભારતને 5 ટ્રિલિયન અમેરિકન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઔદ્યોગિક વિકાસ અને સ્પર્ધાત્મકતા વધારવા માટે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે GCCI ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રાજેશ ગાંધી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અપુર્વ શાહ તથા ટ્રેઝરર શ્રી ગૌરાંગ ભગત પણ હાજર રહ્યા હતા. GCCI લોજિસ્ટિક્સ ટાસ્કફોર્સના ચેરમેન શ્રી હિતેન વસંતે લોજિસ્ટિક્સ સ્પર્ધાત્મકતા મજબૂત કરવામાં રેલવેની ભૂમિકા પર પ્રકાશ પાડતાં વેગન ઉપલબ્ધતા, અવસંરચના વિકાસ તથા ડિજિટલ ઈન્ટિગ્રેશન જેવા ક્ષેત્રોમાં વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. સત્રમાં રેલવે અધિકારીઓની ઉપસ્થિતિ સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અન્નૂ ત્યાગી, સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર ડૉ. ઝેનિયા ગુપ્તા તથા સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર (કો-ઓર્ડિનેશન) જગદંબા પ્રસાદ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ શહેરમાં LPG કનેક્શન સરન્ડર કરવાના ફરમાનનો ફિયાસ્કો, કાળાબજારીનો ફક્ત 1 કેસ...

(એજન્સી) અમદાવાદ | તા.19

એલપીજી અને પીએનજી બંને કનેક્શન ધરાવતા લોકોને રાંધણ ગેસના બાટલા જમા કરાવવા સરકારે આપેલી 48 કલાકની મુદત પૂરી થઈ ગઈ છે. પરંતુ બે દિવસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા લોકોએ એલપીજી કનેક્શન પાછા આપ્યા છે? તેની કોઈ માહિતી જિલ્લા પુરવઠા વિભાગ પાસે જ નથી. ખાનગી રાહે મળતી વિગતો અનુસાર, કોઈએ આવા કનેક્શન સરેન્ડર કર્યા જ નથી. જેથી સરકારના આ ફરમાનનો ફિયાસ્કો થઈ ગયો છે.

અમદાવાદના કેટલાય વિસ્તારોમાં રાંધણ ગેસની પાઈપ લાઈન આવી ગઈ હોય મોટી સંખ્યામાં ઘરોમાંથી એલપીજી અને પીએનજી બંને કનેક્શન મળી આવે તેવી શક્યતા છે. ત્યારે ડબલ કનેક્શનની સંખ્યા શોધવા પુરવઠા વિભાગ અને એજન્સીઓ રીતસરના ધંધે લાગ્યા છે. પરિવારના અલગ અલગ સભ્યોના નામે એલપીજી અને પીએનજીના જોડાણ લેવાયા હોય ડબલ કનેક્શનની સંખ્યા ખુદ તંત્રને જ ખબર પડી શકતી નથી. ઉપરાંત જિલ્લામાં એલપીજી અને પીએનજીના કુલ કેટલા કનેક્શન છે, બંનેનું પ્રમાણ કેટલું છે? જેવી સામાન્ય વિગતોના સંકલિત આંકડા પણ જિલ્લા પુરવઠા વિભાગ પાસે ન હોવાનું જાણવા મળ્યું હતું. સરકારના આ નિર્ણયથી ગેસની અછતની અફવાને વેગ મળતા ઉલટાનું કમર્શિયલ સિલિન્ડરની કાળાબજારી અને ઘરેલું બાટલાનો ગેરકાયદેસર વપરાશ વધી રહ્યો છે.

રાજકોટ, ગોંડલ, જેતપુર જેવા અમદાવાદ કરતા નાના મથકોમાં પુરવઠા તંત્રે દરોડા પાડી હોટેલ, રેસ્ટોરાં, ભોજનાલયોમાંથી એક જ દિવસમાં 100થી વધુ ઘરેલું વપરાશના બાટલા જપ્ત કર્યા હતા.

## "ઓપરેશન ડિગ્નિટી"

### અમદાવાદ રેલવે સ્ટેશન પરથી 30 નિરાધાર શહેરી બેઘર લોકોનું રેસ્ક્યુ



પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોની સુરક્ષા, સ્વચ્છતા તથા માનવીય સંવેદનાઓને ધ્યાનમાં રાખીને 18 માર્ચ 2026ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન પરિસરમાં "ઓપરેશન ડિગ્નિટી" અંતર્ગત વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું. આ અભિયાનનું સંચાલન રેલવે સુરક્ષા દળ (આરપી એફ)ના સ્ટાફ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત શહેરી બેઘર આશ્રય (Shelter for Urban Homeless)ના કર્મચારીઓના સંયુક્ત સહકારથી ચલાવવામાં આવ્યું. અભિયાન દરમિયાન સ્ટેશન પરિસરમાંથી કુલ 30 નિરાધાર શહેરી બેઘર લોકોને ઓળખી સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યા . તમામ વ્યક્તિઓને જરૂરી સમન્વય સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી બેઘર આશ્રય સ્થળ (SUH)માં રહેવા અને સંભાળ માટે સ્થાનાંતરિત કરવામાં આવ્યા. આ પહેલ રેલવે પરિસરમાં વ્યવસ્થા જાળવવા સાથે સમાજના નબળા વર્ગ પ્રત્યે સંવેદનશીલતા અને જવાબદારી દર્શાવે છે. પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ ભવિષ્યમાં પણ આવા માનવીય અને જનહિતકારી અભિયાનો સતત ચાલુ રાખશે.

## સુંદરપુરામાં સલૂન કારીગરની હત્યા કેસમાં આરોપીના રિમાન્ડ, પોલીસે ચાકુ કબજે કર્યું

અમદાવાદ | વડોદરા શહેરના નેશનલ હાઈવે નંબર-48 નજીક આવેલા સુંદરપુરા ગામ પાસેના ઓર્નેટ વિલા કોમ્પ્લેક્સમાં થયેલી સલૂન કારીગરની હત્યાની ઘટના ઘટી હતી. 37 વર્ષીય મિતેશકુમાર રમણભાઈ વાણંદની ગઈ 14 માર્ચના રોજ તીક્ષ્ણ હથિયારના ઘા મારીને નિર્દય હત્યા કરવામાં આવી હતી.

મૃતક મિતેશના માતા-પિતા હયાત નથી અને તેમની મોટી બહેન મીનાક્ષી વાળંદે આ મામલે કિરણ ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, મિતેશ સાથે કામ કરતા અજય લીમ્બાચીયાએ જણાવ્યું હતું કે, ઘટના દિવસે સાંજે લગભગ 5 વાગ્યે તે કોમ્પ્લેક્સમાં જ ઠંડુ પીણું પી રહ્યો હતો. તે દરમિયાન બાજુમાં કરિયાણાની દુકાન ચલાવતા કિરણભાઈ જશુભાઈ ચાવડા અચાનક હેર સલૂનમાં ઘૂસી ગયા હતા. અજય દુકાન તરફ દોડી ગયો ત્યારે કિરણ ચાવડા ઝડપથી બહાર નીકળી ગયો હતો. ત્યારબાદ ઘાયલ મિતેશે જણાવ્યું કે તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટનાના અનુસંધાને કપુરાઈ પોલીસે 16 માર્ચના રોજ આરોપી કિરણ ચાવડાને કપુરાઈ બ્રિજ નજીકથી ઝડપી પાડ્યો હતો.

## સરકારને 25 માર્ચ સુધીનું પશુપાલકોનું એલ્ટિમેટમ:દહેગામમાં વેપાર-ધંધા સજ્જડ બંધ

(એજન્સી) ગાંધીનગર | તા.19

ગાંધીનગરના દહેગામ તાલુકાના પશુપાલકો અને ઉત્તમ-મધુર ડેરી વચ્ચે ચાલી રહેલો વિવાદ આજે ચરમસીમાએ પહોંચ્યો છે. પશુપાલક સંકલન સમિતિ દ્વારા આપવામાં આવેલા દહેગામ બંધના એલાનને પગલે આજે 19 માર્ચે વહેલી સવારથી વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો છે. જોકે, બંધના એલાન છતાં ઉત્તમ ડેરીની ગાડી દૂધ લેવા પહોંચતા પશુપાલકોએ દૂધ ઢોળી નાખી ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

દહેગામ તાલુકાના પશુપાલકો છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગર મધુર ડેરી તેમનું દૂધ સ્વીકારે તે માટે આંદોલન ચલાવી રહ્યા છે. દહેગામ તાલુકાના પશુપાલકો અમદાવાદની ઉત્તમ ડેરીને દૂધ આપવાને બદલે ગાંધીનગર જિલ્લાની જ દૂધ સહકારી ડેરી મધુરને દૂધ આપવા માટે માંગણી કરી રહ્યા છે. દહેગામ તાલુકાના પશુપાલકો દ્વારા લાંબા સમયથી ચાલી રહેલી દૂધની લડાઈ હવે લોક આંદોલનનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. અગાઉ પશુપાલકો દ્વારા આપવામાં આવેલા વિધાનસભા કૂચ અને સાંસદના ઘેરાવા જેવા કાર્યક્રમોને પોલીસે નિષ્ફળ બનાવતા પશુપાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેના



પગલે આજે ગુરુવારે દહેગામ બંધનું એલાન આપવામાં આવ્યું છે, જેને સમગ્ર તાલુકામાંથી અભૂતપૂર્વ સમર્થન મળી રહ્યું છે.

આજે વહેલી સવારે જ્યારે સમગ્ર દહેગામ બંધ પાળવાની તૈયારીમાં હતું, ત્યારે ઉત્તમ ડેરીની ગાડી ગામડાઓમાંથી દૂધ એકત્ર કરવા માટે આવી પહોંચી હતી. આ અંગેની જાણ થતા જ પશુપાલકોએ આ ગાડીને રસ્તામાં જ આંતરી લીધી હતી. આંદોલનના સમર્થનમાં અને ડેરીના વલણ સામે વિરોધ નોંધાવવા પશુપાલકોએ ગાડીમાં ભરેલું દૂધ રસ્તા પર ઢોળી દઈ પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

નોંધનીય છે કે, દહેગામના આ આંદોલનને સ્થાનિક વેપારી એસોસિએશન અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ પણ જાહેર ટેકો આપ્યો છે. વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખીને પશુપાલકોની માગણીઓને સમર્થન આપ્યું છે. સંકલન સમિતિના જણાવ્યા અનુસાર, પશુપાલકો હવે સહેજ પણ પીછેહઠ કરવાના મૂડમાં નથી. જો આગામી 25 માર્ચ સુધીમાં મધુર ડેરીમાં દૂધ ભરવાની માગ સ્વીકારવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવી હાઈવે ચક્કાજામ કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

બીજી તરફ દહેગામ સજ્જડ બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને માટે પોલીસ દ્વારા પણ સઘન પેટ્રોલિંગ ચાલુ રાખી સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. મધુર ડેરી દ્વારા અચાનક જ દહેગામ તાલુકાના પશુપાલકોનું દૂધ સ્વીકારવાનો ઈનકાર કરી દેવાતા આ વિવાદ વકર્યો છે.